કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૫૬મું • અંક ૧૧મો • નવેમ્બર ૧૯૭૯

તંત્રી • બચુભાઈ રાવત



મા • ફોટો : ભરત માલી (જુઓ આ અંકની કલાવાર્તા)

સળંગ ૬૭૧મો અંક



દ્વારકા (કલાકાર - શાંતિલાલ શાહ) વિખ્યાત જગતમંદિર અને તેમાં પ્રસ્થાપિત દ્વારકાધીશ, ગોમતીના ઘાટ, દરિયાની કંઠાર અને તેના પરની ઊંચી દીવાદાંડી તથા ગઢમાં વસેલું મૂળ ગામ. દ્વારકાની આ બધી આગવી લાક્ષણિકતાઓને ૧૦×૨૦ ફૂટના વિસ્તારમાં સમાવીને મોઝેઈકના માધ્યમ દ્વારા ત્યાંના એસ. ટી. સ્ટેશન માટે કરેલું ભીંતશોભન.
(બ્લૉક : કલાકારના સૌજન્યથી)



નવેમ્બર ૧૯૭૯ · અંક ૬૭૧

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તે વરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે સ્વીકૃત નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત · મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ: રૂ. ૨૪.૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬.૦૦; છૂટક નકલ: રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

નૂતન વર્ષે

કેવું શોભન રૂપ રમ્ય ધરીને
આવી અરુણા-ઉષા,
આજે આપણ સર્વમાં રમી રહે
નિત્રારી જ્યોત્સના ઋચા;
તેવી એ નિજ કર્મણારત રહી
નિરંજના-પંથમાં
ધ્યાને રોજ રહી કરે શ્રમણમાં
આરાધના રંગની,
તો એવી રસરંગની અરુણતા
કર્મે કલા થી ફળો!

(પોરબંદર) —સુધાંશુ

૨

વિરાટોને પાણી સમ રસ ગણી જે મસળતો,
અનંતોની પ્યાલી પલપલ મહીં પી ચગળતો;
કલો તે ધૂમે અકળ સત્વમાં જે રસળતો,
પચાવી જાણે તે સમગ્ર બલની મંગલ કલા!

(રાજકોટ) —હિમાંશુ ભટ્ટ

૩

અંતરે દીવા બળે-એવું કરો,
આપણી ઇચ્છા ફળે-એવું કરો;
ઝગમગો આકાશમાં સૂરજ બની—
ને તમસ આખાં ટળે એવું કરો.

(ઉપલેટા) —આહમદ મકરાણી

૪

જો

રહે ન ઝાઝો ખેદ,
દીવાસળી ને સૂર્ય કિરણનો
પામી લઈ જો ભેદ.

(અમદાવાદ) —વ્રજલાલ દવે

'સડોદરના કૂલેશ્વર'

'કુમાર' જુલાઈ '૭૯ના અંકમાં સોરાષ્ટ્રનાં માતૃકામંદિરો અને શિવમંદિરોની ચર્ચા કરતાં શ્રી મણિભાઈ વોરાએ સડોદરના ફૂલનાથ મંદિર વિષે માહિતી આપી છે. તેઓશ્રીએ લેખમાં આ મંદિરને સોલંકીકાળ પૂર્વેનું કહી ફોટો નોંધમાં તેનો સમય આઠમી-નવમી સદીનો આપેલો છે. સડોદરના ફૂલનાથ મહાદેવ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે અને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં તેનું ઘણી દૃષ્ટિએ અગત્યનું સ્થાન છે. આ ફૂલનાથ વિષે કવિશ્રી માવદાનજી ભીમજી રત્નુ પોતાના પુસ્તક 'યદુવંશ પ્રકાશ'ના તૃતીય ખંડના ત્રીજા પ્રકરણમા પૃ. ૫૮–૫૯ ઉપર નોંધે છે કે 'સડોદર ફૂલાણી વંશનું ગામ છે, ને ફૂલેશ્વર મહાદેવ કે જે ફૂલાણી વંશના ઈષ્ટદેવ છે.'

આ નોંધનો વિશેષ વિચાર કરીએ તો જાડેજા શાખામાં જામશ્રી રાયસિંહજી થયા. તેમણે વિ. સં. ૧૭૧૭થી ૧૭૨૦ એમ ત્રણ વરસ સુધી રાજ્ય કરેલું છે. આ જામ રાયસિંહજીના ફટાયા પુત્ર ફલજીભાને ભાણવડ પરગણું મળેલું અને તેના વંશજોને સડોદર ગામ મળેલું, ને તેમનાથી ફૂલાણી વંશની શરૂઆત થઈ છે. આ ફૂલાણી વંશજોએ આ મંદિર બંધાવી પોતાના વંશ પરથી મહાદેવનું નામ 'ફૂલેશ્વર' રાખેલું હોય એવી કથા છે. આ કથા મુજબ સડોદરનું ફૂલેશ્વર મહાદેવનું મંદિર વિ. સં. ૧૭૨૦ પછીનું ઠરે છે.

શ્રી નરોત્તમ પલાણે ક્યાંક એવો સાર તારવ્યો છે કે જે મહાદેવના મંદિરના નામ પાછળ 'નાથ' શબ્દ લાગેલો હોય તે પાશુપતો સાથે સંબંધ ધરાવે છે ને મોટે ભાગે તે હજાર વરસનું પ્રાચીન સ્થાન હોય છે, જ્યારે પાછળ 'ઇશ્વર' શબ્દ લાગેલો હોય તો તે હજાર વર્ષ પછીનું ને પ્રમાણમાં અર્વાચીન સ્થાન છે. આ હિસાબે 'ફૂલનાથ' પ્રાચીન બની રહે છે અને 'ફૂલેશ્વર' અર્વાચીન બની રહે છે. ફૂલાણી વંશની સ્થાપના અર્વાચીન છે એ જોતાં 'યદુવંશ પ્રકાશ' ફૂલેશ્વર નામ આપે છે તે ઉચિત જણાય છે.

(ભાયાવદર) —હરિલાલ ગોહેલ

સ્વામી સહજાનંદ

'કુમાર'માં સ્વામી સહજાનંદની જન્મ તારીખ અંગે ચર્ચા શરૂ થઈ છે તે આવકાર્ય છે. આમ તો આ ઘણી અલ્પ બાબત છે. પરંતુ 'ઇતિહાસ' આવી અલ્પ બાબતોની સ્પષ્ટતા પણ ઇચ્છતો હોય છે. બધા મિત્રોએ 'તારીખ' ઉપર ધ્યાન આપ્યું છે. પરંતુ ખરેખરું ધ્યાન તો 'તિથિ' ઉપર આપવા જેવું છે. સ્વામી સહજાનંદનો જન્મ 'ચૈત્ર સુદ નોમ' બરાબર છે ખરો? ઘણી વાર બે મોટા તહેવારો એકસાથે આવતા હોય તો વહેવારની દૃષ્ટિએ મુશ્કેલી ઊભી થાય છે. આથી આપદ્ પરિસ્થિતિનો ઉકેલ લાવવા ધર્મગ્રંથોએ છૂટછાટ આપી છે અને એનું એક ઐતિહાસિક ઉદાહરણ સ્વામી સહજાનંદની જન્મતિથિ છે! વાસ્તવમાં સહજાનંદની જન્મતિથિ 'ચૈત્ર સુદ દશમ' છે, પરંતુ આગળનો દિવસ રામનોમ છે ને તેનો ઉપવાસ હોય એટલે તુરત જ બીજા દિવસનો ઉપવાસ કઠિનતા સર્જે. આ નિવારવા માટે રામજયંતી સાથે સહજાનંદ જયંતીને એક ગણી લેવામાં આવી છે! આપદ્કાળના ત્રિશિષ્ટાધિકારનું આ એક ઐતિહાસિક ઉદાહરણ છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

૨

'કુમાર'ના 'વાચકો લખે છે' વિભાગમાં સહજાનંદની જન્મ તારીખ વિષે ચર્ચા ચાલી છે. તેમાં એક મત મુજબ તા. ૨-૪-૧૭૮૧ અને બીજા મત મુજબ ૩-૪-૧૭૮૧ છે. 'કુમાર'ના જુલાઈ અંકમાં ગોસ્વામી મોહનપુરીએ ગણતરી કરીને ૨-૪-૧૭૮૧ યોગ્ય માની છે પણ સ્વામી સહજાનંદનું પ્રમાણભૂત જીવન ચરિત્ર લખનાર કવીશ્વર દલપતરામ ૧૦-૪-૧૭૮૧ની તારીખ આપે છે તેનો વિચાર કરવો ઘટે.

કવિશ્રી માવદાનજી રત્નુ કૃત 'યદુવંશ પ્રકાશ'માં 'લોધીકા તાલુકાનો ઇતિહાસ'માં પૃષ્ઠ ૭૦ ઉપર નોંધ છે કે 'શ્રી સ્વામીનારાયણનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર' ગુજરાતી ભાષામાં કવિશ્રી દલપતરામ પાસે લોધીકા દરબાર શ્રી અભયસિંહજીએ સત્સંગ વધુ પ્રવર્તે એવી ઇચ્છાથી લખાવેલું છે. આ જીવનચરિત્રમાં સ્વામી સહજાનંદની જન્મતારીખનો ઉલ્લેખ આ પ્રમાણે છે: ઈ. સ. ૧૭૮૧ના એપ્રિલ માસની ૧૦મી તારીખે એટલે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદિ ૯ ને સોમવારની દશ ઘડી રાત જતાં અયોધ્યાથી ઉત્તરમાં સાત ગાઉ ઉપર છપૈયા નામે ગામ છે ત્યાં સ્વામીનારાયણનો જન્મ થયો.'

કવિશ્રી દલપતરામ સ્વામીનારાયણ સંપ્રદાયના ઊંડા અભ્યાસી વિદ્વાન હતા એટલે તેમણે આપેલી તા. ૧૦-૪-'૮૧ ને વધારે પ્રમાણભૂત માનવી ઘટે.

(ભાયાવદર) —હરિલાલ ગોહેલ

આવકાર—અપેક્ષા

'કુમાર' ૬૬૮મા અંકમાં પ્રા. ડૉ. મધુસૂદન પારેખની કલમે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' નામની લેખમાળા શરૂ થઈ છે. અગાઉ 'કુમાર'માં એમણે 'અંગ્રેજી સાહિત્યનું આચમન' સુંદર રીતે કરાવેલું. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ – અને તેમાં પણ અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસ સંબંધી અનેક પ્રશ્નો ને મૂંઝવણો જોવા મળે છે. આ સંદર્ભમાં આપણી પાસે ઘણાં પુસ્તકો મળી આવે છે, પણ મોટાભાગના ગ્રંથો કૉલેજના વિદ્યાર્થીઓને, તેમાં પણ પરીક્ષાને લક્ષમાં રાખીને તૈયાર થએલાં હોય છે. આથી સાચા અર્થમાં વિસ્તૃત રૂપમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યનું આચમન ખાસ જરૂરનું થઈ પડે છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં મધ્યકાલીન યુગની પ્રાસ્તાવિક રજૂઆત કરી ગુજરાતી ભાષાની સળંગ રજૂઆત કરવામાં આવે તો સમગ્રાવલોકન થઈ શકે. 'કુમાર' દ્વારા જે લેખમાળા શરૂ કરવામાં આવે છે તે સંપૂર્ણ રીતે પાર પડતી હોય છે. આ લેખમાળાના લેખક વિશદ અભ્યાસ ધરાવતા હોવાથી વાચકોને ગુજરાતી સાહિત્યનો નવીન—સર્વાંગી પરિચય થશે. લેખમાળાને અંતરથી આવકારીએ.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

અંગ્રેજી શાસન અને શિક્ષણ

૬૬૮મા અંકમાં ડૉ. મધુસૂદન પારેખે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' લેખમાળાનો પ્રથમ લેખ રજૂ કર્યો છે. લેખકે અંગ્રેજ શાસન દરમ્યાન ગુજરાતમાં કેવું શિક્ષણ હતું તેનો સુંદર પરિચય કરાવેલો છે. અંગ્રેજોએ આપણા શિક્ષણને પાયામાંથી તોડવાનો વ્યવસ્થિત પ્રયાસ કરેલો. આપણે ત્યાં ધૂળી અને દેશી શાળાઓ બહુ વ્યવસ્થિત રીતે ચાલતી અને દરેક ગામડામાં શિક્ષણનો યજ્ઞ અવિરત ચાલતો. એક મૂઠી અનાજમાં, ને તે ન આપી શકે તો મફત શિક્ષણ આપવામાં આવતું. અંગ્રેજ શાસન દરમ્યાન જુદાંજુદાં રાજ્યોમાં કેવું શિક્ષણ હતું તેની સર્વે કરવામાં આવેલી, તેમાં શિક્ષણની ઘણી સારી બાબતો બહાર આવી. અનેક ભયંકર સ્થિતિમાં પણ આપણે ત્યાં શિક્ષણ ચાલુ હતું, પરંતુ અંગ્રેજોએ આ વ્યવસ્થા તોડી નાખી અને અંગ્રેજી શિક્ષણના નામે સાક્ષરતાનું પ્રમાણ નહિવત્ બની ગયું.

આપણા શિક્ષણમાં મૉનિટર પ્રથા અંગ્રેજોને એટલી ગમી ગઈ કે તેને ઇંગ્લૅન્ડમાં લઈ ગયા. એક શિક્ષકવાળી શાળામાં મૉનિટર પ્રથા ખૂબ જ ઉપયોગી થઈ પડતી. આ પ્રથા આપણા દેશમાં પણ મૃતપ્રાય થવા લાગી છે. આઝાદી પછી આપણે શિક્ષણને ફરીથી વિકસાવવાના પ્રયત્નો કર્યા છે અને સફળતા પણ મળી રહી છે.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

શૈવ મંદિર?

દ્વારકાની પશ્ચિમ દિશા તરફ એક પુરાણું મંદિર આવેલું છે. (જુઓ તસવીર) આ પૂર્વાભિમુખ મંદિર શિલ્પકળાની દૃષ્ટિએ સાવ સાદું છે. એમાં મૂર્તિ નથી તથા પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ દિશા તરફના ગવાક્ષોમાં પણ મૂર્તિ ન હોવાથી આ મંદિરશાનું હશે તે આસપાસના અવશેષોને આધારે જ અનુમાન બાંધવા પ્રેરાવું પડે છે.



ઉત્તર દિશા તરફ જલાધારી હોવાને કારણે ને મંદિરથી થોડે દૂર પડેલા ખંડિત શૈવવાહન નંદીને જોતાં આ મંદિર શિવનું હોઈ શકે. બારશાખ ઉપર ગણેશની મૂર્તિ પણ જોવા મળે છે. આમ તો ગુજરાતમાંથી મળતાં શિવાલયોમાં શિવની સાથે નંદી, ગણેશ, પાર્વતી, કૂર્મ તથા ભૈરવને જ બેસાડેલા હોવાના ઉલ્લેખો મળી આવે છે. ઓખામંડળમાં પુરાણાં શૈવ મંદિરો જોવા મળે છે, તેથી પૂર્વે વિષ્ણુપૂજા સાથે શિવપૂજા પણ પ્રચલિત હોવી જોઈએ.

શિવની અર્ચા એક પ્રતિમામાં અને બીજી શિવલિંગોમાં કરવામાં આવે છે. ઓખામંડળમાંનાં અનેક શિવાલયોમાં લિંગપૂજા જોવાની મળે છે. પૂર્વે આ પૂર્વાભિમુખ શિવાલયમાં લિંગપૂજા થતી હોવી જોઈએ.

આ પૂર્વાભિમુખ મંદિર શૈવ મંદિર હોવાનું અનુમાન બાંધી શકાય છે.

(દ્વારકા) —કમલેશ વિસાણી

શાસ્ત્રીય સંગીત

ઘણાં વર્ષોથી 'કુમાર' વાંચવાનો આનંદ મેળવું છું. આજે પણ દર મહિને 'કુમાર'ની આતુરતાપૂર્વક રાહ જોઉં છું. 'કુમાર'માં રજૂ થતી સામગ્રી રસપ્રદ અને ઉપયોગી હોય છે.

'કુમાર' સમાજના સાંસ્કૃતિક જીવનમાં મહત્ત્વનો ફાળો આપે છે. એથી જ એક સૂચન કરું છું. આપણા દેશમાં શાસ્ત્રીય સંગીતનો ઘણો સમૃદ્ધ વારસો છે. હિંદુસ્તાની અને કર્ણાટકી સંગીતને ગુરુપરંપરાથી સાચવી રાખવામાં આવ્યું છે. પરંતુ લોકોમાં સંગીત વિષે જોઈએ એટલી માહિતી નથી. શાસ્ત્રીય સંગીતનો ઇતિહાસ, એનાં મહત્ત્વનાં ઘરાણાં, ઘરાણાની લાક્ષણિકતાઓ, મહત્ત્વના સંગીતકારો, એમણે સંગીતના વિકાસમાં આપેલો ફાળો, એમનાં ટૂંક જીવનચરિત્ર—ને વણી લેતી માળા 'કુમાર'માં શરૂ કરો તો ગમે. વાદ્યોનો પરિચય તો હાલમાં 'કુમાર'માં અપાય છે.

સંગીતના રાગોનો ટૂંક પરિચય આપતી લેખમાળા પણ સંગીતના રસિયાઓને ગમશે.

આપને અને 'કુમાર'ને સર્વ શુભેચ્છાઓ.

(હૈદરાબાદ) —સુરેશ સંત

જૂના અંકો

અંક ૬૬૬માં 'કુમાર'ના દસ વરસના અંકો વેચવા છે અગર ભેટ આપવા છે–ની જાહેરાત આપેલી તે ઉપરથી હજુ સુધી કાર્ડ કવર આવે છે. પણ હવે એ જાહેરાત બારામાં કોઈ મને પૂચ્છા ન કરે. કુમારના દસ વરસના અંકો ગુજરાતના વડોદરા જિલ્લામાં આવેલ જરોદ ગામની શ્રી એમ. પી. હાઇસ્કૂલને ભેટ આપ્યા છે.

(કાલીકટ) —પરશોતમ માધવજી

સોળમે / રાજેન્દ્ર શાહ

· ગાન ·

ફૂલની ભીતર ભરિયું તે મધ ભમરે લીધું પ્રીછી:
ઓય મા, મને ચટકી ગયો કાળમુખો કોઇ વીંછી.

વણુસી મારી કિશોર કાયા,
વણુસ્યાં વરસ સોળ,
વેદનાએ વ્યાકુળ રે મારાં
નયણાં રાતાંચોળ;
ઝેરના ઉતાર સમ ઉકાળો હોય તો પીઉં ઢીંચી. ઓય મા૦

માંહ્ય જે અગન ઝાળ ઊઠી તે
દવલી મને બાળે,
વિછોડતા આ પ્રાણુ પુકારે
કોણુ તે એને ઠારે?
જાગવું, જોવું મરણુ–ધારણુ એમ રહી શી હીંચી! ઓય મા૦

ઊતરતું બહુ આવતું જો ને
લાલભૂરું અંધારું.
કોણુ મને આ ધરથી આઘું
લઇ જતું પરભારું?
કયાંયથી આણી જમનાનું જળ તાળવું રહે સીંચી. ઓય મા૦

ટેકરીને / કરસનદાસ લુહાર

· ગાન ·

ઊભી થા આળસુની પીર અલી ટેકરી,
ચાલ, હવે ઝાલકો દા' રમીએ.
પોરો ખાવાને ભલે બેઠો પવંન
બેઉ લ્હેરખીની જેમ ચાલ, ભમીએ.

ખંખેરી નાખ તારો બેઠાડુ થાક,
નાખ પથ્થરની સાંકળોને તોડી,
ઘાસલ મેદાનોમાં એવું તું દોડ,
કાંઈ એવું તું દોડ—
જાણે લીલાછમ દરિયામાં હોડી.
ઝરણાંના ઘૂઘરાને પગમાં બાંધીને
ચાલ, રણુવગડે ભીનું ધમધમીએ!

તું કહે તો ઝાડવાની ડાળી પર બેસીને
મર્મરનું જંતર હું છેડું,
ઊભે વરસાદ તારે હોય જો પલળવું તો
આખ્ખો આષાઢ તને રેડું!
સૂરજ ફેંકે છે ફૂણાં કિરણોનાં તીર,
ઊઠ, સામી છાતીથી એને ખમીએ.

સોળમે: સોળ વર્ષની કાવ્યનાયિકાના મનમાં જાગતો રતિભાવ અને તે વેળાની વિહ્વળ મનઃસ્થિતિનું ઊર્મિગાન આ રચનામાં અસરકારક રીતે થએલું માણી શકાશે. 'ઓય મા' જેવા ઉદ્ગારનો વેદનાની અભિવ્યક્તિ અર્થે થએલો ઉપયોગ સર્જકસૂઝનો દ્યોતક છે. પ્રથમ અંતરામાં ઝેર ચડયાની વેદનાનું સચોટ નિરૂપણુ અને એની અસહ્યતાની ચરમ સીમા 'ઢીંચી' જેવા ક્રિયાપદથી સધાઈ છે; તો બીજા અંતરામાં જાણે મરણુનું ધારણુ ચડયું હોય તેવી સ્થિતિની અભિવ્યક્તિ કરાઈ છે. ત્રીજા અંતરામાં જાણે જીવનથી—ધરથી—દૂર સરકતા જવાની અને એ સ્થિતિમાં જમુનાજળની અભીપ્સા જગવતી ચિત્તાવસ્થાનું થએલું નિરૂપણુ નાયિકાની અસહાયતાનું વ્યંજક છે. લયાવર્તનો અને પ્રાસાનુપ્રાસની સાંકળી નાયિકાના મનોભાવની અભિવ્યક્તિને સુપેરે પોષક નીવડેલાં જણાશે. ◼ ટેકરીને: ટેકરી એટલે આમ તો જાણે જડત્વનો પુંજ. એને પકડદાવ રમવાનું ઈજન આપતો કાવ્યનાયક ટેકરીના પ્રમાદી જડત્વને ત્યજી જે નવું રૂપ ધારણુ કરવાની વાત કરે છે તેમાં નૂતન કલ્પનાઓમાં જન્ય હૃદ્ય શબ્દચિત્રો તો રજૂ થયાં જ છે; પણુ સાથેસાથે આ ઈજનમાં કાવ્યનાયકના હર્ષોલ્લાસનો જોરદાર હિલોળો ભાવકને પણુ આનંદ-ભરતીમાં ચગાવી રહે છે. ઘાસભર્યા મેદાનમાં દોડવાનું ઈજન આપી જે ઉત્પ્રેક્ષા રજૂ થઈ છે—'જાણે લીલાછમ દરિયામાં હોડી'—તે અને તેવી બીજી કલ્પનાઓ આહ્લાદક અભિવ્યક્તિ સાધી રહે છે.

—ધી. પ.

शिवसङ्कल्प*

यज्जाग्रतो दूर मुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ १ ॥
येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः ।
यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ २ ॥
यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु ।
यस्मान्न ऋते किंच न कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ३ ॥
येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ४ ॥
यस्मिन्नृचः साम यजूंषि यस्मिन्प्रतिष्ठिता रथनाभाविवाराः ।
यस्मिंश्चित्तं सर्वमोतं प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥
सुषारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिन इव ।
हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

—શુક્લ યજુર્વેદ ૩૪, ૧–૬

આ ૭ કણ્ડિકા (મંત્રો)ના દ્રષ્ટા આદિત્ય યાજ્ઞવલ્ક્ય, છંદ ત્રિષ્ટુભ, દેવતા મનઃ. ઋષિ વદે છે :

૧) જે (મન) જાગ્રત (પુરુષનું) (ચક્ષુ આદિ ઇન્દ્રિયોની અપેક્ષાએ) દૂર જાય છે, જે દૈવ (વિજ્ઞાનાત્મા દેવનું ગ્રાહક) છે, વળી જે સુપ્ત (પુરુષ)નું તે જ પ્રમાણે જાય છે (દૂર જાય છે અને પુનરાગમન કરે છે), જે દૂરગામી (અતીત–અનાગત–વર્તમાન સર્વ કાળનું ગ્રાહક) છે, જે જ્યોતિઓ (શ્રોત્રાદિ ઇન્દ્રિયો) મધ્યે એકમાત્ર જ્યોતિ (પ્રકાશક) છે, તે મારું મન શિવસંકલ્પ (કામમૂલક પદાર્થોથી મુક્ત, શાન્ત, ધર્મવિષયક સંકલ્પવાળું) થાઓ (અર્થાત્ તે મનમાં સદા ધર્મ જ રહો, કદાચિત્ પાપ નહિ).

૨) જે (મન) વડે (કર્મનિષ્ઠ) ધીર (યજ્ઞાંગ, હવિ આદિ પદાર્થોના જ્ઞાનમાં બુદ્ધિસંપન્ન) મનીષિઓ (મેધાવિ પુરુષો) યજ્ઞમાં કર્મો કરે છે, જે અપૂર્વ (ઇન્દ્રિયો પહેલાં સરજાએલું) છે, જે યક્ષ (યજ્ઞ કરવા સમર્થ) છે, જે પ્રજાઓ (પ્રાણિમાત્ર)ના અંતરમાં (શરીર મધ્યે) રહે છે, તે મારું મન શિવસંકલ્પ થાઓ.

૩) જે (મન) પ્રજ્ઞાન (વિશેષ પ્રતિપત્તિ અથવા પ્રજ્ઞાવાળું) છે. વળી ચેત (સમ્યક્–સામાન્યવિશેષ–જ્ઞાનજનક) અને ધૃતિ (ધૈર્યરૂપ) છે, જે પ્રજાઓ (જનો)માં અંતર્ગત જ્યોતિ (સર્વેન્દ્રિયોનું પ્રકાશક અને) અમૃત (આત્મરૂપ હોવાથી અમરણધર્મા) છે, જેના વિના (મનુષ્યોથી) કોઈ પણ કર્મ કરાતું નથી, તે મારું મન શિવસંકલ્પ થાઓ.

૪) જે અમૃત (શાશ્વત મન) વડે આ સર્વ–ભૂત વર્તમાન ભવિષ્યકાલ-પરિગૃહીત છે, જે વડે સાત હોતા (દેવોનું આહ્વાન કરનાર ઋત્વિજો)વાળા (અગ્નિષ્ટોમાદિ) યજ્ઞનો વિસ્તાર થાય છે, તે મારું મન શિવસંકલ્પ થાઓ.

૫) જે (મન)માં ઋચા (ઋગ્વેદના મંત્રો), સામ (સામવેદના મંત્રો), યજુ (યજુર્વેદના મંત્રો) પ્રતિષ્ઠિત છે (અર્થાત્ મનના સ્વાસ્થ્યમાં જ ત્રણે વેદોની સ્ફુરણા રહે છે): રથના ચક્રની નાભિમાં (પરોવાએલા) આરાઓ પેઠે, જેમાં પ્રજાઓનું સર્વ ચિત્ત (સર્વ પદાર્થવિષયી જ્ઞાન) ઓતપ્રોત છે, તે મારું મન શિવસંકલ્પ થાઓ.

૬) જે (મન) મનુષ્યો (અર્થાત્ પ્રાણિમાત્રને (ઇતસ્તતઃ) દોરે છે (મનના પ્રેરેલા જ પ્રાણિમાત્ર પ્રવૃત્તિ કરે છે); જેમ સુ કલ્યાણ) સારથિ અશ્વોને કશાથી દોરે છે (અને) જેમ લગામથી અશ્વોનું નિયંત્રણ કરે છે, જે હૃદયમાં પ્રતિષ્ઠિત છે, જે જરા રહિત (બાલ્ય યૌવન સ્થાવિર અવસ્થામાં સમાન હોય) છે, જે જવિષ્ઠ (અતિ વેગવાળું) છે, તે મારું મન શિવસંકલ્પ થાઓ.

*अहरहः स्नात्वा सन्ध्यामुपासीत। યજ્ઞોપવીતધારી બ્રાહ્મણે પ્રતિદિન સ્નાન કરીને સંધ્યોપાસન કરવું. કાત્યાયનમતાનુસાર સન્ધ્યાનાં ત્રણ અંગ છે: પ્રાણાયામ, અર્ઘ અને ઉપસ્થાન. ચંદન પુષ્પમિશ્રિત જલાંજલિનો સૂર્ય ભણી ઊર્ધ્વ પ્રક્ષેપ, એ અર્ધપ્રદાન. પૂર્વાભિમુખ ઊભા રહીને કે બેસીને વિશિષ્ટ મંત્ર બ્રાહ્મણના ઉપાંશુ (જીભ અને હોઠ હાલે પણ કણ્ઠધ્વનિ બહાર ન આવે, એ રીતે) જપ વડે ધ્યાનપૂર્વક સૂર્યની ઉપાસના કરવી, એ સૂર્યોપસ્થાન. આ મંત્ર રાશિમાં 'શિવસંકલ્પ'ના ૭ મંત્રો સમાવિષ્ટ છે. ન્યાયાદિ દર્શનોમાં મનસ્તત્ત્વના સ્વરૂપનું સૂક્ષ્મ વિશ્લેષણ થયું છે, એથી ભિન્ન પ્રકારે સામાન્યજનને ગ્રાહ્ય એવી સરળ ભાષામાં મનના ધર્મોની સુંદર વ્યુત્પત્તિ આ ૭ મંત્રોમાં કરવામાં આવી છે, એ સમગ્ર વેદત્રયીમા અપૂર્વ અને અદ્વિતીય છે. **હરિનારાયણ આચાર્ય**

શિસ્તપાલન

બહાદુરશાહ પંડિત

એક રાતે નેપોલિયન બોનાપાર્ટ એના લશ્કરની છાવણીમાં નિરીક્ષણ માટે ફરતો હતો, ત્યાં એણે એક તંબુમાં પ્રકાશ જોયો. રાતે ૯ વાગ્યા પછી મીણબત્તીઓ પણ હોલવી નાખવાનો એનો હુકમ હોવા છતાં આ પ્રકાશ જોઈ ગુસ્સે થએલો નેપોલિયન એ તંબુમાં પ્રવેશ્યો. એક ખૂણે બેસી કંઈક લખી રહેલા સૈનિકે એને જોઈ ઊભા થઈ લશ્કરી સલામ ભરી.

'શું કરતા હતા ?' નેપોલિયને પૂછ્યું.

'સાહેબ, મારી પ્રિયતમાને પત્ર લખતો હતો.'

'લખી રહ્યા ?' 'હા, જી.'

'તો છેલ્લે ઉમેરો કરી દો કે આ પત્ર પૂરો થયા પછી મારી કતલ કરવામાં આવી છે, કારણ કે મેં લશ્કરી શિસ્તનો ભંગ કરી રાત્રે ૯ વાગ્યા પછી પ્રકાશ ચાલુ રાખ્યો હતો.' સૈનિકે પત્રમાં તા. ક. કરી ઉમેરો કર્યો અને નેપોલિયને તરત જ એને ગોળીથી ઠાર કરી દીધો.

આપણને આ ઘટનામાં કદાચ નેપોલિયનની હડી ક્રૂરતાનાં દર્શન થાય પરંતુ લશ્કરમાં આ પ્રકારનું શિસ્તપાલન આવશ્યક નહિ પણ અનિવાર્ય ગણાય છે, કારણ કે યુદ્ધ સમયે થતો નાનોસરખો શિસ્તભંગ પણ ભયંકર ખાનાખરાબીનો જનક બની શકે છે.

પણ એનો અર્થ એ નથી કે શિસ્તનું પાલન માત્ર લશ્કરમાં જ થવું જોઈએ. શિસ્ત જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આવશ્યક છે. એના અભાવે જે ગેરવ્યવસ્થા સર્જાય છે એ જીવનને અસ્તવ્યસ્ત બનાવી દે છે.

શિસ્ત એટલે વ્યક્તિએ પોતાની જાત પર સ્વેચ્છાએ લાદેલું નિયંત્રણ. સામાજિક વ્યવસ્થા સચવાય એ માટે આવું નિયંત્રણ આવશ્યક થઈ પડે છે. બસ-સ્ટૅાપ પર લાઈનમાં ઊભા રહેવાથી આરંભી પોતાનો પક્ષ લઘુમતીમાં મુકાઈ જાય ત્યારે વડા પ્રધાનપદેથી રાજીનામું આપવા સુધીની બધી બાબતો સ્વયં સ્વીકાર્ય શિસ્તની અપેક્ષા રાખે છે. આવું શિસ્તપાલન પ્રત્યેક નાગરિકે કેળવવું જોઈએ.

મહાત્મા ગાંધીજી યરવડા જેલમાં હતા ત્યારે એમને આંતરડાનું દરદ થતાં એ જેલમાંથી પૂનાની સાસૂન જેલમાં ખસેડવા પડયા. ત્યાં એમની ખબર કાઢવા કાકાસાહેબ ગયા. બાપુને ઈસ્પિતાલનાં કપડાં પહેરી સૂતેલા જોઈ એમને નવાઈ લાગી, કારણ કે એ કપડાં વિલાયતી હતાં અને બાપુ તો સ્વદેશીના ચુસ્ત આગ્રહી હતા. પૂછપરછ કરતાં કાકાસાહેબને જાણવા મળ્યું કે બાપુ ઑસ્પિટલના બધા નિયમોનું પાલન કરવા માગે છે. આમ, મહાત્મા ગાંધીજી પોતાના આદર્શો પાળવામાં ચુસ્ત હોવા સાથે સંસ્થાકીય શિસ્ત માટે પણ એટલા જ આગ્રહી હતા.

આ જ જેલમાં એમને કોઈએ વાંચવા માટે છાપું આપ્યું. જેલમાં છાપું વંચાય નહિ એવો નિયમ. બાપુએ બીજા દિવસે પેલા ભાઈને છાપું પાછું આપતાં કહ્યું : 'તમારા આ છાપાએ તો મારી ઊંઘ બગાડી છાપું વાંચવાની લાલચ થયા કરે અને જેલની શિસ્ત તોડવા મન ના પાડે, એમાં આખી રાત ખૂણામાં ભરાઈ રહેવું પડયું.' આવી શિસ્ત અંદરથી જન્મેલી હોય તો જ પાળી શકાય. એની પાછળ જન્મજાત સંસ્કારનું અમોઘ બળ હોવું જોઈએ.

સોક્રેટિસે આવી શિસ્તનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડયું છે. ગ્રીસના એ સમયના શાસકોએ એમને દેહાંત દંડની શિક્ષા કરીને જેલમાં પૂર્યા હતા, ત્યારે એમના મિત્રોએ એમને જેલમાંથી ભાગી જવાની સલાહ આપી અને એ માટે મદદ કરવાની તૈયારી બતાવી. સોક્રેટિસે એમને કહ્યું કે 'હું આજે રાતે વિચાર કરીને કાલે તમને જણાવીશ.' બીજા દિવસે સવારે મિત્રો મળવા આવ્યા ત્યારે સોક્રેટિસે કહ્યું : 'કાલે તમારા ગયા પછી રાતના ગ્રીસના કાયદાઓ મને મળવા આવ્યા હતા. એમણે કહ્યું : "સોક્રેટિસ, આજ સુધી તું અમારા લીધે શાંતિથી અને સલામતીથી જીવ્યો અને આજે હવે તારા જીવ ખાતર અમારો અનાદર કરી ભાગી જવું છે ? અમારા સર્જનમાં ગ્રીસના એક નાગરિક તરીકે તારો પણ ફાળો છે એ તું કેમ ભૂલી જાય છે ?" અને એમની દલીલ મને સાચી લાગી. જે કાયદાઓ ઘડવામાં મારો પણ ફાળો હોય એમનો મારાથી ભંગ કેમ થાય ?'

પણ સ્વયં શિસ્તપાલનનાં આવાં જ્વલંત ઉદાહરણો તો જવલ્લે જ મળી આવે છે. એથી શિસ્તપાલન માટે બાહ્ય દબાણો, ભય અને પ્રલોભનોનો આશ્રય લેવો પડે છે.

આપણી શાળાઓ અને કૉલેજોમાં શિસ્ત માટે આવા બાહ્ય ઉપચારો કરવામાં આવે છે. એન.સી.સી. અને સ્કાઉટની પ્રવૃત્તિ દ્વારા પણ શિસ્ત રોપવાના પ્રયાસો થાય છે. આવા ઉપાયો થોડી બાહ્ય શિસ્ત આણે છે પણ ખરા. પણ આવી શિસ્ત જેની દ્વારા લાદવામાં આવી હોય એ ભય કે પ્રલોભનની ગેરહાજરીમાં એ ઉપલક શિસ્ત કપૂરની જેમ હવામાં ઊડી જાય છે.

આપણાં જીવનમૂલ્યોમાં શિસ્તનું સ્થાન આગળપડતું હોવાથી માનવજાતે એનો યોગ્ય રીતે જ મહિમા કર્યો છે. આપણા હિન્દુ સમાજે વર્ણ અને જ્ઞાતિના વાડા કરીને અનાયાસે સમાજમાં શિસ્ત આણવાનો પ્રયાસ કર્યો છે. શાસ્ત્રોની આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરાવવાના બ્રાહ્મણોના આગ્રહ પાછળ શિસ્તપાલનનો જ આશય રહ્યો હતો. શિસ્ત બાહ્ય ભય કે પ્રલોભન દ્વારા લાદવાના બદલે અંદરથી ઉગાડવાનો પ્રયત્ન થવો જોઈએ. જૂની ગુજરાતી વાચનમાળામાં એક શિસ્તબદ્ધ કિશોરની વાર્તા હતી ચૌદ વર્ષના એ કિશોરને એના પિતાએ વહાણના તૂતક પર ઊભા રહેવાની આજ્ઞા કરી હતી. પિતા નીચે ગયા એ દરમિયાન આગ લાગી, પણ પિતાની આજ્ઞાનું ચુસ્ત પાલન કરનાર આ કિશોર ત્યાંથી ખસ્યો નહિ. આવાં ઉદાહરણો આંતરિક શિસ્તનાં જનક બની શકે. પિતાની આજ્ઞા માની રામ ગાદી પરનો પોતાનો અધિકાર જતો કરી ચૌદ વર્ષ માટે વનમાં ગયા, હિરણ્યકશ્યપની આજ્ઞાથી પ્રહ્લાદે ધગધગતા લોખંડના થાંભલાને બાથ ભીડી, સુધન્વા પિતાની આજ્ઞા મુજબ ઊકળતા તેલની કડાઈમાં કૂદી પડયો : આ બધાં પૌરાણિક દૃષ્ટાંતો શિસ્તપાલનનાં અનુકરણીય ઉદાહરણો છે. આવાં ઉદાહરણો બાળપણથી જ બાળકના ચિત્તમાં રોપવાં જોઈએ. શિસ્ત નિયમોના ગોખણપટ્ટીથી આવતી નથી પણ પ્રત્યક્ષ પદાર્થપાઠથી ઉદ્ભવે છે.

વિખ્યાત શિક્ષણશાસ્ત્રી મેરીઆ મૉન્ટેસોરીનો શિસ્ત માટેનો ખ્યાલ ધ્યાનમાં રાખવા જેવો છે, તેઓ કહે છે કે : Discipline must come through liberty. Here is a great principle which it is difficult for followers of the common-school methods to understand. How shall one obtain discipline in a class of free children? Certainly in our system we have a concept of discipline very differentfrom thatcommonly accepted. If discipline is founded upon libertly the discipline itself must necessarily be active.

એમના અભિપ્રાય મુજબ અદબપલાંઠી વાળીને અને હોઠ ભીડીને બેસી રહેલું બાળક શિસ્તબદ્ધ બાળક નથી પણ જીવતું શબ છે. શિસ્ત દ્વારા આપણે ગુલામો સર્જવા માગતા નથી, સાચા નાગરિકો તૈયાર કરવા માગીએ છીએ. એથી શિસ્તપાલન એટલે સરમુખત્યારશાહીમાં પ્રજાનું આજ્ઞાંકિત વર્તન નહિ પણ

(અનુસંધાન પૃ. ૩૫૦)



ભારતમાં આજે હયાત વ્યક્તિઓમાંથી કોઈપણ એક નામ આખી દુનિયામાં એક સરખા આદર સાથે લેવાતું હોય તો એ કોઈ રાજપુરુષ, કવિ, સાહિત્યકાર, કે સંગીતકાર યા ચિત્રકારનું નહિ, પણ જેનામાં કવિ, ચિત્રકાર, સર્જક, સંગીતકાર ને લેખક, આ બધાનો સમાવેશ થાય છે એ તથા પ્રતિભાવંત ચલચિત્રસર્જક

સત્યજિત રાય

નું નામ છે. એટલે જ તો આજ સુધી કોઈ ફિલ્મ-સર્જકને ન અપાયું હોય એવા 'ડૉક્ટરેટ'ના માનાર્હ બહુમાનથી એમને નવાજવાનું ઑક્સફર્ડ યુનિવર્સિટીએ વિચાર્યું છે. (ગતાંકથી સંપૂર્ણ)

લેખિકા · સુકન્યા ઝવેરી

આર્થિક સહાય ક્યાંયથી પણ મળવી સંભવિત ન લાગતાં, અંતે સત્યજિતે પોતાની વીમાની પોલિસી પર સાડા સાત હજાર રૂપિયા વ્યાજે લીધા. બીજા બેએક હજાર રૂપિયા એક સંબંધી પાસેથી ઉછીના મેળવ્યા અને સાડા નવ હજારની મૂડી પર એમણે પોતાના સાહસનો આરંભ કર્યો. સોળ મિલીમીટરની નાની ફિલ્મનો એક મૂવી કૅમેરા ભાડે લાવ્યા. 'પથેર પાંચાલી'માં લેખક બિભૂતિભૂષણે જે ગ્રામપ્રદેશને લક્ષમાં રાખીને કથા લખી છે તે જોવા સત્યજિતનું જૂથ ઊપડ્યું. પણ એ ગામ ચલચિત્રમાં રળિયામણું દેખાય તેવું-ફોટોજેનિક ન લાગ્યું. પછી કલકત્તાથી સાઠેક માઈલ દૂર એક ગામ જોયું. ત્યાં વિશાળ પટમાં ઊગેલાં શ્વેત કાશ ફૂલોથી સત્યજિત આકર્ષાયા. બીજું એક લોકેશન પસંદ કર્યું ટાલીગંજમાં. એ બિહાલ ગામમાં બંસીના એક મિત્રનું પડતર ઘર હતું. 'પથેર પાંચાલી'માં વર્ણવેલા હરિહરના ઘરને બરાબર અનુરૂપ આવે એવું, પણ ચિત્રીકરણ માટે એમાં કેટલીક મરામત જરૂરી હતી. પોતાની આછીપાતળી મૂડીમાંથી સારી પેઠે ખર્ચ કરીને બંસીએ તેમાં જોઈતી મરામત કરી લીધી. રેનૉર સાથે કામ કર્યાનો અનુભવ હોઈ બંસીએ આ કાર્ય બરાબર પાર પાડ્યું.

હવે જે કંઈ પૈસા બચ્યા તેમાંથી ધંધાદારી કુનેહવાળો માણસ ચિત્રની કથાનો સૌથી વધુ નાટકીય ભાગ હોય એ જ પહેલાં ઉતારે, જેથી વિતરકને એ બતાવીને બાકીનું ચિત્ર પૂરું કરવા એ એની પાસેથી આગોતરા પૈસા લઈને અધુરું ચલચિત્ર પૂરું કરે. પણ સત્યજિતે તો હરિહરનાં બે બાળકો—અપુ અને દુર્ગાને કાશ ફૂલોની વચ્ચે ખેલતાં કૂદતાં દર્શાવતાં દશ્યો ઉતાર્યાં. આનું એક બીજું કારણ પણ હતું. જો અત્યારે એ દશ્યો ઝડપી ન લેવાય તો પછી એ ફૂલોની મોસમ આવે ત્યાં સુધી એમને બેસી રહેવું પડે. જો કે આ વ્યાવસાયિક કુનેહ ન કહેવાય, પણ સત્યજિતની દૃષ્ટિ તો કલાકારની હતી. જે દશ્યસૌંદર્ય એમને રજૂ કરવું હતું એને માટેની મળેલી તક તેઓ જતી કરવા તૈયાર ન હતા.

આ જ અરસામાં એક જણ મળી ગયો. 'પથેર પાંચાલી'ના વિતરણ માટે એ તૈયાર થયો. એણે થોડા પૈસા આપ્યા અને ચારેક હજાર ફૂટ જેટલું ચિત્ર તૈયાર થઈ શક્યું. પણ પછી વધુ પૈસાની જરૂર પડી. પેલા માણસે બીજી ફિલ્મોમાં પણ પૈસા રોકેલા અને એ ફિલ્મો નિષ્ફળ જતાં એની સ્થિતિ પણ 'પથેર પાંચાલી' માટે વધુ રોકાણ કરી શકે તેવી ન રહી.

પૈસાની પેઠે 'પથેર પાંચાલી'નાં પાત્રો માટે યોગ્ય વ્યક્તિની શોધ પણ એટલી જ મુશ્કેલ હતી. ખાસ કરીને નાના અપુની શોધની ઘટના રસપ્રદ હતી. સત્યજિતના મનમાં પાત્રની જે છબી અંકાઈ હોય એવી જ વ્યક્તિને ખોળી કાઢવાનો એમનો આગ્રહ હોય છે. વ્યવસાયી અદાકારો પર તેઓ બહુ મદાર રાખતા નથી, અને એટલે જ એમનાં ચલચિત્રોનાં પાત્રો વધુ વાસ્તવિક લાગે છે. અપુની શોધ માટે તેઓ કલકત્તાની નિશાળોમાં ઘૂમી વળ્યા. છાપાંમાં જાહેર-ખબરો પણ અજમાવી. એ રીતે એમની પાસે જે ફોટોગ્રાફ આવ્યા તેમાંથી અપુને યોગ્ય દેખાવનાને ચૂંટીને એમણે એ સોની રૂબરૂ મુલાકાતો લીધી. એ વેળા વાત કરતાં-કરતાં તેઓ પેલાના મોં પરના હાવભાવ અને બદલાતા ચહેરાના પ્રત્યેક હલનચલનનું બરાબર નિરીક્ષણ કરે. ભાવાભિવ્યક્તિની એની રીત પર ખૂબ ધ્યાન રાખે અને એ પણ જુએ કે જે પાત્ર ભજવવાનું છે તેની લાક્ષણિકતાઓ સમજવા જેટલી બુદ્ધિશક્તિ એનામાં છે કે નહિ. સત્યજિતની આ ખાસિયત જ છે. તેઓ પોતાના અભિનેતાઓએ શું કરવું કે શું ન કરવું એ કદી કહેતા નથી. પણ અભિનેતા પોતે જ પોતાને ભજવવાના પાત્રને સમજી એના જેવી જ અનુભૂતિ પામે એવી તૈયારી કરાવે છે. ને આવી અનુભૂતિ પામ્યા પછી અદાકાર એ પાત્ર સાથે એકજીવ બની સ્વાભાવિકરીતે એ ભજવી શકે—જીવી શકે. મેકઅપનો પણ તેઓ બહુ ઓછો ઉપયોગ કરે છે. પાત્રના પોષાકો પણ તેઓ સાદા જ પસંદ કરે છે.

કથામાં વિભૂતિભૂષણે અપુનું સુંદર શબ્દચિત્ર આપેલું છે. એ કથાને ચિત્રિત કરવામાં સત્યજિતે પણ એનું એવું જ આલેખન કર્યું હતું અને ચલચિત્ર માટે સત્યજિતનો અપુના પાત્રની યોગ્યતા વિષેનો જે ખયાલ હતો તેની પણ વિજયાને ખબર હતી એટલે એની નજર પણ અપુને ખોળતી રહેતી એક દિવસ અચાનક ઘરની બારીમાંથી બહાર રમતા છોકરાઓ પર એની દૃષ્ટિ પડી ને એને અદ્દલ અપુ જેવો જ એક છોકરો નજરે ચડયો. દોડીને એણે સત્યજિતને ખબર આપી. જેની શોધ માટે દિવસોથી તલાશ ચાલતી હતી એ અપુ અંતે પડોશમાંથી જ મળી ગયો!

આવી જ તલાશ ફિલ્મમાં હરિહરની બહેન—અપુની ફોઈ 'ઇંદિર'

માટે પણ કરવી પડેલી. ઈંદિર વયોવૃદ્ધ અને બહેરી છે. હવે આવી વૃદ્ધા અને અભિનય કરી શકે તેવી સ્ત્રી ક્યાં શોધવી? કરચલીઓથી ભરપૂર છતાં ભાવાભિવ્યક્તિ દાખવી શકે તેવો વૃદ્ધ ચહેરો મેળવવો સરળ નહોતો જ. અંતે કોઇએ ચુનીબાલાદેવીનું નામ સૂચવ્યું. ત્રીસેક વર્ષ પહેલાં ચુનીબાલાદેવીએ નાટકોમાં કામ કરેલું. કોઈ ખાનદાન ઘરાણાની સ્ત્રી તખ્તા પર અભિનય આપે એવો એ જમાનો નહોતો. ચુનીબાલાદેવીનો વસવાટ પણ કલકત્તાના 'રેડ લાઈટ' વિસ્તારમાં હતો. એંશીની વયે એ હવે પહોંચી હતી. ઈંદિર જેટલી વૃદ્ધા હતી અને અભિનયનો અનુભવ પણ હતો. સત્યજિત અને એમના પ્રોડક્શન મૅનેજર અનિલ ચૌધરી શોધતા શોધતા એને ઘેર પહોંચી ગયા. બારણે જઈ બેલ વગાડયો. કમરમાંથી ઝૂકી ગએલી એક વૃદ્ધાએ બારણું ખોલી પૂછયું: 'કોનું કામ છે? થોભો, હું મારી 'દીકરી'ને બોલાવું.' આ ધંધામાં વૃદ્ધાઓ 'મા' યા 'માશી' અને યુવતીઓ બધી દીકરી તરીકે જ ઓળખાય છે. સત્યજિતને ઘરમાં બોલાવી બેસાડયા. ચા પાણીનો પણ આગ્રહ કર્યો. સત્યજિતે સીધી જ વાત ઉપાડી: 'મા, અમારે તો તમારું જ કામ છે.' પછી આ સાંભળીને નવાઈ પામેલાં ચુનીબાલાદેવીને સત્યજિતે પોતાના આગમનનું કારણ જણાવ્યું. ડોશીમા તો ખુશ થઈ ગયાં. જમાના પહેલાં એમણે નાટકોમાં કરેલા કામના ઉલ્લેખોવાળાં છાપાંઓનાં કટિંગ્સ લાવીને બતાવ્યાં. સત્યજિતના પ્રસ્તાવથી તે રાજી થઈ ગયાં. પછી રોજના વીસ રૂપિયાનું વેતન નક્કી થતાં તો એમની ખુશી ઓર વધી ગઈ. ઈંદિરનું પાત્ર ભજવવા એ તૈયાર થઈ ગયાં અને રોજ વહેલી સવારથી સાંજ સુધી શૂટિંગનો ક્રમ ચાલ્યો. પણ થોડા દિવસોમાં તો પૈસા ખલાસ. કામ ત્યાં જ થંભી ગયું.

ફરી પૈસાની શોધ ચાલી. બીજી બાજુ જેટલી ઝડપાઈ હતી એટલી ફિલ્મનું એડિટિંગ પણ કરવા માંડયું. આ માટે આખો દિવસ 'ન્યૂ થીએટરર્સ'ના સ્ટૂડિયોની લેબોરેટરીમાં કામ કરવાનું, મોડી રાતે લાઈનમાં ઊભા રહી કલકત્તાની ભીડમાં બસ પકડવાની. એમાં યે ધક્કાધક્કી કરી બીજા તો બસમાં ચડી પણ જાય, પણ લગભગ સાડા છ ફૂટ ઊંચા સત્યજિત તો બસમાં પેસી પણ ન શકે. અંદર જઈ ઊભા રહે તો છાપરે માથું અથડાય, એટલે એમને તો બસના પગથિયે ઊભા રહીને જ જવાઆવવાનું, અને એમાં યે કલકત્તાની ગરમી! શા હાલ થતા હશે એ સોના, એ કલ્પી શકાય તેમ છે.

'પથેર પાંચાલી' પૂરું કરવા માટે સત્યજિતને પૈસાની જરૂર છે એ જાણી કેટલાક લેભાગુ દલાલો પણ એમને મળવા માંડયા. અમુક મોટી પાર્ટી પાસેથી પોતે પૈસા અપાવી શકશે કહી અગાઉથી જ પોતાના કમિશનના પૈસા પડાવી લે, અને પછી જે પાર્ટી પાસે લઈ જાય એને પૈસા રોકવામાં રસ ન હોય. અનેકવાર સત્યજિત આ રીતે છેતરાયા ને દલાલો એમના પૈસા ખાઈ ગયા. વારંવાર છેતરાયા પછી યે સત્યજિત દલાલોમાં લપટાય અને પગારમાંથી પૈસા આપે તો વિજયા જાણી જાય. એટલે 'પથેર પાંચાલી' પૂરું કરવાની લાલચમાં એમણે પોતાનાં કિમતી પુસ્તકો ને સંઘરેલી ઉત્તમ રેકૉર્ડો વેચીને યે દલાલોને પૈસા આપી જોયા, પણ બધું એળે ગયું એટલું જ નહિ, પોતાનો સંગ્રહ પણ ખોયો.

આ ઉપરાંત, ફિલ્મ ઉતારતી વખતે લોકેશન પર જવાઆવવાના, યુનિટમાં આવેલા સૌને જમાડવાના વગેરે ખર્ચા પણ ખરા જ. 'પથેર પાંચાલી'માં હરિહરની પત્ની સર્વજયા અપુને જન્મ આપે છે એ પ્રસંગનું ચિત્રીકરણ ચાલતું હતું, ત્યારે સત્યજિત પણ પિતા બનવાના છે એવી જાણ થઈ. ઘરમાં અને બહાર બંને જગ્યાએ પૈસાની જરૂર પડવા લાગી. એક દિવસ અનિલ ચૌધરીએ વિજયા પાસેથી એનાં સોનાનાં કંગન માગ્યાં. એ ગીરવી મૂકીને યુનિટનો ભોજનનો ખર્ચ કાઢવાનો હતો. પોતાના સૌભાગ્યચિહ્ન રૂપ કંગનો પણ વપરાઈ જાય એમાં વિજયાને તો વાંધો નહોતો પણ સુપ્રભાદેવી જાણી જાય તો? ખાનગીમાં પેંતરો રચાયો. માથી છાનાંમાનાં કંગનોમાંથી પૈસા તો ઊભા કર્યા, પણ વિજયાના સીમન્તોન્નય પ્રસંગે એના વિના કેમ ચાલે? અનિલે ભેજું લડાવ્યું. એક સંબંધીને ત્યાંથી સોનાની બંગડીઓ લાવી એ ગીરવી મૂકી ન એમાંથી મળેલા પૈસાથી કંગનો છોડવી લાવ્યા. સીમન્તનો પ્રસંગ પૂરો થયો એટલે કંગન પાછાં એનાં સ્થાને પહોંચાડી પેલી બંગડી જેની હતી એમને પાછી સોંપી.

પણ આમ ક્યાં સુધી ચાલે? સુપ્રભા આ બધો તાલ જોયા કરે. પુત્રની ફિલ્મ બનાવવાની ધૂન એમને ગમે તો નહિ જ, પણ નિભાવી લે. છેવટ આ લોકોની મૂંઝવણ એમનાથી વેઠાઈ નહિ. એ સમયના બંગાળના મુખ્ય મંત્રી ડૉ. બી. સી. રૉયની પરિચિત એવી પોતાની એક સખીને એમણે વાત કરી. એણે એ વાત ડૉ. રૉયને પહોંચાડી. આમે ય રાય કુટુંબની બંગાળમાં પ્રતિષ્ઠા તો હતી જ અને ડૉ. રૉય સત્યજિતના પિતાને પણ ઓળખતા. કલા સાહિત્યના તો એ આદમી નહિ, પણ બંગાળના એક શ્રેષ્ઠ લેખકની કથા 'પથેર પાંચાલી' (એટલે કે 'પંથનું ગીત') એ ગામડાના રસ્તાઓની સુધારણાની કે એવી કંઈ ગ્રામોન્નતિની કથા હશે ને દસ્તાવેજી ચિત્ર તરીકે એ ફિલ્મ લોકોમાં સારો પ્રચાર કરી શકશે એમ એમને લાગ્યું. જેટલું ઊતરી શકેલું એટલું ચિત્ર જોયા પછી એ એમ સમજેલા કે ગરીબ હરિહર આગળ જતાં સમાજ-સુધારની કોઈ યોજના હાથ ધરશે. એમણે ભલામણ કરી અને રાજ્ય સરકારે એ ફિલ્મ ખરીદી લઈ સત્યજિત સાથે કૉન્ટ્રૅક્ટ કરી એમને પૈસા આપ્યા. કૉન્ટ્રૅક્ટમાં એક શરત એવી હતી કે જો આ ફિલ્મ પરદેશમાં ચાલે તો તેની આવકમાંથી અમુક ટકા સત્યજિતને પણ આપવા. ૧૯૬૧માં અમેરિકન વિતરકે 'પથેર પાંચાલી' માટે બંગાળ સરકારને પચાસ હજાર ડૉલર આપેલા, પણ સરકારે સત્યજિતને એમાંથી કંઈ આપ્યું નહિ. સત્યજિતને એનું દુઃખ પણ ન લાગ્યું. 'પથેર પાંચાલી' ઉતાર્યાનો આનંદ અને એના દ્વારા એમને મળેલી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા એમના માટે પૂરતી હતી.

બંગાળ સરકારે એમને બે લાખ રૂપિયા આપેલા, એટલે હવે એમનું કામ જોશમાં ચાલ્યું. બીજી બાજુ એમની કીમરની નોકરી પણ ચાલુ હતી, અને એમની શક્તિ પર મુગ્ધ એ કંપનીને સત્યજિતના આ સાહસ પ્રતિ પૂરી સહાનુભૂતિ હોઈ ફિલ્મના કામ અંગે એમણે ચડતા પગારે એમને રજાઓ આપેલી.

'પથેર પાંચાલી' અને તેના અનુસંધાને 'અપરાજિત' તથા 'અપુર સંસાર' એમ અપુની આ ફિલ્મત્રયીનું સંગીત પં. રવિશંકરે આપ્યું હતું. સત્યજિતે એમને 'પથેર પાંચલી' પૂરું બતાવ્યા પછી પોતાને કેવું સંગીત જોઇએ છે તે એમને વિગતવાર સમજાવેલું અને પછી સતત અગિયાર કલાક સુધી તેનું રેકૉર્ડિંગ કરેલું. એમાં એક પ્રસંગમાં હરિહર બહારગામથી લાંબા સમયે ઘેર આવે છે તે દરમિયાન એની પુત્રી પૈસાના અભાવે દવા વિના મરી ગઈ હોય છે. હરિહરને તેની જાણ પણ નહોતી એટલે દુર્ગા માટે આણેલી સાડી એ જ્યારે પત્ની સર્વજયાને બતાવે છે ત્યારે અત્યાર સુધી દર્દને હૈયામાં ભંડારીને બેઠેલી સર્વજયા જે ચીસ પાડતી બતાવાઈ છે એ હકીકતે એની ચીસનો અવાજ નથી પણ સારંગીનો અવાજ છે. સત્યજિતની કલ્પના અને રવિશંકરની એ કમાલ છે.

'પથેર પાંચાલી' પૂરું થયા પછી એને આંતરરાષ્ટ્રીય કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મોકલવા માટે પણ સત્યજિત અને એમના સાથીઓને એટલી જ દોડધામ થએલી. રાજ્ય સરકારે એ ચિત્ર ખરીદેલું હોઈ કેટલીક ટૅકનિકલ મુશ્કેલીઓ પણ ખરી. ધંધાકીય દૃષ્ટિએ બહુ સફળતા પામેલા ને કોઈ નામી ડિરેક્ટરનું હિંદી ચિત્ર મોકલવાની ઈચ્છા ધરાવતો પક્ષ પણ ખરો ને 'પથેર પાંચાલી'માં રજૂ થએલી ગરીબી દેશની આબરૂને બટ્ટો લગાડશે એવી દહેશત પ્રકટ કરીને એને પરદેશ જતું રોકનારો પક્ષ પણ ખરો. પણ અંતે લંડનના મિત્રોના પ્રયત્નોથી 'પથેર પાંચાલી' ત્યાં

પહોંચ્યું ખરું. એટલું જ નહિ 'સર્વાધિક માનવતાના આવેદનપૂર્ણ ચિત્ર' તરીકે પુરસ્કૃત પણ થયું. '૫૭માં સાન ફ્રાંસિસ્કોમાં 'શ્રેષ્ઠ ચિત્ર' અને 'શ્રેષ્ઠ દિગ્દર્શન'નું માન એને મળ્યું. '૫૯-'૬૦માં ગોલ્ડન લૅારેલ ઍવૉર્ડ મળ્યો. ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં દર રવિવાર સવારના શોમાં લાંબા સમય સુધી એની રજૂઆત થતી રહી. એ એક વિશુદ્ધ ચલચિત્ર છે. નથી એમાં રૂપસજ્જા કે નથી ગીતો; વિખ્યાત નાયક કે મોહક નાયિકા પણ તેમાં નથી. એમાં તો વ્યક્તિના આંતરભાવનું નિરૂપણ છે.

સત્યજિતનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે, ને એ એમનાં ચલચિત્રોમાં પણ પ્રતિબિંબિત થાય છે. એમનું પ્રત્યેક ચિત્ર એકબીજાથી નિરાળું. એક ચિત્રને ઍવૉર્ડ મળે એટલે એની હિંદી આવૃત્તિ તૈયાર કરીને તેઓ સહેલાઈથી તેમાંથી પૈસા કમાઈ શકે, પણ ચિત્રો ઉતારવા પાછળ એમની એવી ભાવના જ નથી. 'પથેર પાંચાલી'માં કાવ્યની સુષમા છે તો 'અપરાજિત'માં સમાધાન રહિત પરિપક્વ માનસનું આલેખન છે. કોઈ પણ જાતના લાગણીવેડામાં તણાયા વિના એમણે પૂરા તાટસ્થ્યથી એ ઉતાર્યું છે, અને છતાં તેમાં માનવસહજ કોમળતા છે, વાસ્તવિકતા પણ છે. ફિલ્મ એમને માટે એક કલા-માધ્યમ છે. કવિતા પેઠે એ ચિત્રનું સર્જન કરે છે. જેમ એ માનવીય લાગણીઓને વાચા આપી શકે છે તેમ પ્રકૃતિના વિવિધ મિજાજને પણ એ તાદૃશ કરી શકે છે. એમની આ અદ્ભુત પ્રતિભાએ જ એમને પ્રથમ પંક્તિના દિગ્દર્શક બનાવ્યા છે. રેનૉરે એમને કહેલું: 'તમે હોલીવૂડની મંત્રમુગ્ધ કરી દેતી અસરમાંથી અલિપ્ત રહીને તમારી પોતાની શૈલીથી જો ચિત્ર ઉતારશો તો પ્રથમ કક્ષાના ડિરેક્ટર બની શકશો', અને સત્યજિતે એ કરી બતાવ્યું છે.

ભારતમાં રજૂ થયા પછી અહીં પણ 'પથેર પાંચાલી' વખણાયું. પણ જે અપેક્ષાથી પ. બંગાળ સરકારે એને આર્થિક સહાય કરેલી એ રસ્તાની, ગ્રામસમાજની કે કુટુંબની સુધારણાની વાત જ હતી નહિ. એ ચિત્રને 'પ્રેસિડેન્ટ્સ ઍવૉર્ડ' મળ્યો, પણ એ સ્વીકારવા સત્યજિતને ન મોકલતાં પ. બંગાળના ત્યારના પબ્લિસિટી મિનિસ્ટર દિલ્હી ગએલા. ડૉ. રૉયને એ અપમાનરૂપ લાગી બહુ સાલ્યું. એમણે રાજ્ય સરકાર તરફથી સત્યજિતને ઍવૉર્ડ આપીને એમનું સન્માન કર્યું.

ઈ. ૧૯૬૧માં અમેરિકામાં અપુ-ત્રયીની રજૂઆત થઈ. એ પ્રસંગે એમને અમેરિકા બોલાવાયા. એમનાં દેખાવ, વર્તન, પોશાક, વાતચીતમાં સૌજન્ય અને ગંભીર સ્વભાવ પર ત્યાંના લોકો મુગ્ધ થઈ ગયા. અનેક અખબારોમાં એમની અને એમનાં ચિત્રોની પ્રશંસા થઈ એનાં કટિંગો જ્યારે એમણે વિજયાને મોકલ્યાં ત્યારે 'પથેર પાંચાલી' ઉતારવા પાછળની એમની પુરુષાર્થ-કથામાંથી એમણે પેલો વિજયાના કંગનવાળા પ્રસંગનો ઉલ્લેખ છેકીને મોકલેલાં. કદાચ એટલા માટે કે સુપ્રભા એ જાણી જાય. પણ સુપ્રભા એ છેકાછેકી જોઈ હસેલાં, કારણ એ બધું જાણતાં જ હતાં.

આ પછી બ્રસેલ્સના ફિલ્મ મહોત્સવમાં એમને એક નિર્ણાયક-જ્યૂરર તરીકે જવાનું આમંત્રણ મળ્યું. ત્યાં પણ એમને કશું અજાણ્યું કે અડવું લાગે એવું જરા પણ જોવા મળ્યું નહિ. વર્ષોથી જાણે એવા કામના પણ એ અનુભવી હોય એટલી સ્વસ્થતા ને ફાવટ એમણે ત્યાં બતાવ્યાં. યુરોપની શક્તિ ને ભારતની શાંતિનો જાણે એમનામાં સુમેળ છે. કોઈ પણ વાતાવરણમાં એ સરળતાથી ભળી શકે છે. દિલ્હીમાં ઍવૉર્ડ લેવા જાય ત્યારે ધોતિયું, કુરતું અને શાલના અસલ બંગાળી પોશાકમાં જાય, અને એવા ચુસ્ત બંગાળી લાગે કે બંગાળ બહાર પગ જેમણે કદી પગ ન મૂક્યો હોય. પણ એમના વર્તનમાં પ્રાંતીયતા જોવા ન મળે.

અપુ ત્રયી પછી એમણે વિલાઈ ગએલી જમીનદારી પર આધારિત 'જલસાઘર' અને 'દેવી' બનાવ્યાં. 'જલસાઘર'માં પોતાના ભૂતકાલીન ગૌરવના ખયાલોમાંથી બહાર આવી પલટાતા યુગ સાથે સમાધાન નહિ સાધી શકતા જમીનદારની કથા નિરૂપી છે; તો 'દેવી'માં એવા જ એક જમીનદારની રૂઢિચુસ્ત ધર્મભાવનાના અતિરેકથી સરજાતી કરુણતાનું નિરૂપણ છે. બંને ચિત્રોમાં નાનામાં નાની ચીજને પણ એમણે જમીન-જાહોજલાલીનું બિલકુલ તાદૃશતાથી નિરૂપણ કર્યું છે. 'જલસાઘર'માં એમણે ઉસ્તાદ વિલાયતખાંનું અને 'દેવી'માં ઉસ્તાદ અલી અકબરખાંનું સંગીત લીધું છે. 'જલસાઘર'માં ગીતસંગીત અને કથકના મુજરાનો પણ સમાવેશ છે, પણ એ યે તદ્દન વાસ્તવિક અને સંયમિત રીતે જ.

અત્યાર સુધી એમણે પોતાનાં ચિત્રો માટે ત્રણ ઉસ્તાદ સંગીતકારોનાં સંગીતનો ઉપયોગ કર્યો પણ એમાં—ખાસ કરીને પં. રવિશંકરને—પોતાને જોઈતા સંગીત અંગે સમજાવવામાં સામસામી પ્રતિભાઓ ટકરાતી લાગતી. એટલે પછીનાં ચિત્રોમાં એમણે પોતે જ સંગીતનિયોજન કરવાનું નક્કી કર્યું

પોતાને સંગીતનું વિપુલ જ્ઞાન હોવા છતાં એ સંગીતકાર નથી. સ્ક્રિપ્ટ લખે ત્યારે કે ફિલ્મ ઍડિટ કરે ત્યારે તે એના સંગીતનો પણ વિચાર ચલાવતા જાય. સૌ પ્રથમ તર્જ કે ટ્યૂન એ મોંએથી સીટી બજાવીને જ બનાવે. આ સીટી પર પણ એમને અજબ કાબૂ છે. કોઈ પણ પ્રકારની તર્જ તેઓ તેમાં વગાડી શકે છે. દિવસો સુધી એને મનમાં ઘૂંટ્યા પછી એ બરાબર હોવાનો સંતોષ થાય ત્યારે એને પિયાનો પર બજાવી જુએ. આ માટે જ્યારે જરૂર પડે ત્યારે તેઓ પિયાનો ભાડે લઈ આવે. આ તબક્કાઓમાંથી પસાર થયા પછી જ એના રેકૉર્ડિંગનો વારો આવે. પોતે બનાવેલાં બધાં ટ્યૂન સૌ પ્રથમ તેઓ વિજયાને સંભળાવે અને ત્યાંથી લીલી ઝંડી મળે ત્યારે જ આગળ વધે. રેકૉર્ડિંગ વખતે પણ વિજયા હાજર રહે.

સંગીતના રેકૉર્ડિંગ માટે પણ એમની આગવી પદ્ધતિ છે. ચિત્ર ઊતરતી વખતે એના કોઈ સંગીત-સહાયક હાજર પણ ન હોય. ઊતરતા ચિત્રને પણ એમણે જોયું ન હોય. પણ ચિત્ર પૂરું થઈ ગયા પછી એક ખંડમાં જલસા કે મુશાયરા જેમ બેઠકો માટે ગાદીતકિયા ગોઠવાય. આવનાર સૌ ખંડ બહાર બૂટ ચંપલ ઉતારીને જ અંદર આવે ને બેસે. વાયોલા કે સેલો જેવાં પશ્ચિમી મોટાં વાદ્યો વગાડવા પૂરતી જ ખુરશી ત્યાં જોવા મળે. ગાદીતકિયાની સાથે રાખદાની અને પાનથી ભરેલી તાસકો પણ હોય. અહીં એમણે રચેલા ટ્યૂન્સ ચર્ચાય અને ફિલ્મના સંગીતને આખરી ઓપ મળે. સંગીતમાં હિંદી અને પશ્ચિમી સંગીત બંનેનો ઉપયોગ તેઓ કરે, ને લોકસંગીતને પણ તેમાં વણી લે. આ જ રીતે વાદ્યોમાં પણ તેઓ હિંદી પશ્ચિમી ને લોકવાદ્યો બધાંનો ફિલ્મના મિજાજને અનુરૂપ એવો ઉપયોગ કરે.

એમના સંગીતમાંથી શ્રોતાને અભિભૂત કરે તેવી લાગણી ઝરતી લાગે. ક્યાં અને ક્યારે કયું વાજિંત્ર વગાડવું, ક્યારે કયું વાદ્ય એકાકી વાગશે અને કયું વૃંદમાં એ બધું તેઓ પોતે જ નક્કી કરે અને સહાયકોને સમજાવે. આવા બધા પ્રસંગે વિજયા હાજર હોય એટલું જ નહિ, એ પોતે યે તેમાં સહાય સૂચન પણ કરે. મૂલતઃ સત્યજિત ગૃહજીવન પ્રિય ગૃહસ્થ છે. વિજયા વિના એમને બધું અડવું અડવું લાગે. પુત્ર સંદીપ પણ મોટે ભાગે પિતાની સાથે જ હોય. કામ ચાલતું હોય ત્યારે એનાં તોફાનમસ્તી પણ ચાલતાં રહે, પણ આ બધા વચ્ચે એ કામ પ્રતિની સત્યજિતની એકાગ્રતા સ્ખલિત ન થાય. આ પણ એમની એક વિશિષ્ટતા છે કે આજુબાજુની અનેક ધમાલ વચ્ચે યે તેઓ પોતાના કાર્યમાં રત રહી શકે છે. સવારથી સાંજ સુધી તે કામમાં રત રહે. કામમાં મગ્ન હોય ને ટેલિફોનની ઘંટડી વાગે તો સહેજ પણ કચવાટ વિના જાતે જ એ ઉપાડે ને બિલકુલ સ્વસ્થતાથી વાત પતાવી ફરી કામે લાગી જાય. નોકરચાકર પરનું અવલંબન એમને જરા પણ પસંદ નથી. એમની રહેણીકરણી પણ બિલકુલ સાદી છે. આવનાર પર પ્રભાવ પાડવાનો કોઈ ઠઠારો એમના ફ્લૅટમાં જોવા મળે નહિ. હા, કલાત્મકતા ખરી.

'કાંચનજંઘા'માં એમણે પહેલી વાર જાતે સંગીત આપ્યું હતું. એ એમનું પહેલું રંગીન ચિત્ર પણ હતું. પ્રાકૃતિક સૌંદર્યને એમણે એમાં અજબ મિજાજમાં પ્રકટ કર્યું હતું. 'કાંચનજંઘા'ની વાર્તા પણ એમણે જ તૈયાર કરેલી. દાર્જિલિંગમાં એક સાંજના દોઢ બે કલાકના અરસામાં બનાવને રજૂ કરતું એ એક કૌટુંબિક ચિત્ર છે. અભિજાત ધનિક વર્ગની હૂબહૂ રજૂઆત સાથે એમાં કટાક્ષ પણ છે બિલકુલ નિરીક્ષણમૂલક આ ચિત્રમાં એમણે રંગ ને તેજછાયાનો અભિનવ પ્રયોગ કર્યો છે. આ ચિત્રનાં બધાં જ અંગ—પોસ્ટરો સુધ્ધાં એમણે જાતે સંભાળ્યાં હતાં.

એક દિવસ સંદીપે કહ્યું કે એમની બધી ફિલ્મોમાં ગંભીરતા ને કરુણતા જોવા મળે છે. આ સાંભળીને એમને હળવા મિજાજની ફિલ્મ બનાવવાની પ્રેરણા થઈ. અને એમણે પોતાના દાદાએ લખેલી એક કાલ્પનિક બાળકથા 'ગોપી ગાએન બાઘા બાયેન' ફિલ્મ બનાવી. એ પછી 'સોનાર કેલ્લા' અને 'જયબાબા ફેલુનાથ' ('કુમાર'માં અગાઉ 'ગણેશમૂર્તિની ચોરી' નામે પ્રકટ થએલી ડિટેક્ટિવ ફેલુદાની રહસ્યકથા)ની ફિલ્મ બનાવી. જયબાબા ફેલુનાથને પ્રેસિડેન્ટ્સ એવૉર્ડ પણ મળ્યો.

પૈસાની વધુ છૂટ થતાં એમણે દાદા ઉપેન્દ્રકિશોરે શરૂ કરેલું બાળકો માટેનું સામયિક 'સંદેશ', જે પૈસાના અભાવે બંધ થયું હતું, તે ચાલુ કર્યું. દર મહિને તે માટે હજારેક રૂપિયા એમણે અલગ જ રાખવા માંડ્યા. સંદીપ જ્યારે સાત આઠ વર્ષનો હશે ત્યારથી એમણે બાળવાર્તાઓ, કિશોરકથાઓ, વિજ્ઞાનવાર્તાઓને રહસ્યકથાઓ લખવા માંડેલી. પ્રો. શંકુ, પ્રો. શંકુનું કાંડ કારખાનું, સાબાશ પ્રો. શંકુ, એક ડઝન ગપ્પાં, બીજાં એક ડઝન, સોનાર કેલ્લા, બૉક્સ રહસ્ય, બાદશાહી અંગૂઠી, કૈલાસમાં કેલંકારી, ગંગટોકમાં ગંઠગોલ, રૉયલ બંગાલ રહસ્ય, જયબાબા ફેલુનાથ વગેરે એમની વિખ્યાતી પામેલી વાર્તાઓ છે. એમની વિજ્ઞાનવાર્તાને તો શ્રેષ્ઠ કથા માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળેલો છે.

પોતાનાં ચલચિત્રોમાં એ પ્રત્યેક પાત્રને માનવી તરીકે જ રજૂ કરે છે, પણ એમનાં ચિત્રોમાં વિલન એટલે કે ખલનાયક ખાસ જોવા નહિ મળે. ખરાબ માણસમાં પણ સારા ગુણ હોઈ શકે અને તક મળે તો ખરાબ માણસ પણ સુધરી શકે એમ તેઓ માને છે. પૈસા કમાવા ખાતર જ તેઓ ચલચિત્ર નથી બનાવતા અને એટલે જ પોતાનાં બધાં ચિત્રો એ પોતાની રીતે જ વિષય, રજૂઆત, ફોટોગ્રાફી અને માવજતમાં વિધવિધ પ્રયોગો કરીને સરજે છે. પછી ચિત્ર કમાણી કરે કે ખોટ ખાય એનો એમને હર્ષશોક હોતો નથી. ચિત્રનિર્માણ એ એમને માટે એક પ્રકારના આનંદની અનુભૂતિ સમ છે. એની તૃપ્તિ એ એમનું લક્ષ છે.

ઈ. ૧૯૫૯માં રવીન્દ્ર શતાબ્દી નિમિત્તે એમની પાસે કવિવર ટાગોરનું એક ચિત્ર બનાવડાવવાનું કેન્દ્ર સરકારના ફિલ્મ્સ ડિવિઝને વિચાર્યું ને ૨૫ રૂપિયે ફૂટના હિસાબે એ કામ એમને સોંપાયું. સત્યજિત ઇતિહાસકાર નથી એટલે આવું દસ્તાવેજી ચિત્ર એ એમનું કામ નથી એમ કહી કોઈએ વાંધો પણ ઉઠાવેલો, અને પં. નેહરુએ 'એમાં ઇતિહાસકારની નહિ કલાકારની જરૂર છે અને સત્યજિત કલાકાર છે' એમ કહી એનો રદિયો પણ આપેલો. આ ચિત્ર માટે એમણે બહુ મહેનત કરી. બાલક રવીન્દ્રની એકલતા, એનું ભણતર-ઘડતર ને ઉછેર, સંગીતનો એમનો શૉખ વગેરેની એમણે એમાં બહુ સુંદર રજૂઆત કરી છે. રવીન્દ્રનાથને એક માનવ–એક દેશભક્ત તરીકે એમણે રજૂ કર્યા છે. પુખ્ત રવીન્દ્રનાથને કોઈ પાત્ર દ્વારા નહિ પણ અનેક શોધસંશોધનથી એકઠા કરેલા ફોટોગ્રાફો વડે રજૂ કર્યા છે અને એમના વ્યક્તિત્વને ઉપસાવવા એમનાં લખાણો અને એમણે જ દોરેલાં ચિત્રોનો ઉપયોગ કર્યો છે. આ બધી સામગ્રી માટે એક મહિના સુધી તેઓ શાંતિનિકેતનમાં રોકાયા હતા, એટલું જ નહિ છેક પારી(સ) જઈને એમણે ન્યૂઝ રીલ્સ ને દસ્તાવેજી ચિત્રોમાંથી યે જોઈતી સામગ્રીની શોધ ચલાવી હતી. લંડન જઈને દ્વારકાનાથ ટાગોરની સમાધિ તથા બીજાં કેટલાંક દૃશ્યો ઉતાર્યાં હતાં. અને ચિત્રની કૉમેન્ટરી એમણે પોતે જ આપી હતી.

ચિત્ર બહુ જ સુંદર બન્યું પણ એની લંબાઈ ફિલ્મ્સ ડિવિઝને ધારેલી મર્યાદાથી વધુ હતી. અંતે પંડિતજીને એ ચિત્ર બતાવી એના સ્વીકાર-અસ્વીકારનો નિર્ણય લેવાનું ઠર્યું. પંડિતજી ત્યારે એમના મિત્ર ગોવિંદવલ્લભ પંતની અત્યંત ખરાબ તબિયતના કારણે બહુ ચિંતિત હતા, છતાં એમણે ચિત્ર જોવાનું સ્વીકાર્યું. અને કલાક પછી જ્યારે ચિત્ર પૂરું થયું ત્યારે ચિંતાના સ્થાને એમના ચહેરા પર પ્રસન્નતા તરવરતી હતી.

ટાગોરની વાર્તાઓ પરથી ચલચિત્ર બનાવવાનું આકર્ષણ સત્યજિતને પણ સ્પર્શી ગયું હતું. રવીન્દ્ર શતાબ્દીના અરસામાં જ એમણે એમની કથાઓ પરથી 'તીનકન્યા'નું સર્જન કર્યું. ત્રણ ચિત્રોમાં વહેંચાએલી આ ફિલ્મત્રયીમાં પહેલું 'પોસ્ટ માસ્તર.' સત્યજિત માને છે કે સિનેમાની એક આગવી શૈલી હોય છે. એને વફાદાર રહેવા માટે મૂળ સાહિત્યકૃતિમાં જરૂર પડે તો થોડો ફેરફાર પણ કરતાં તેઓ ખચકાતા નથી, પણ લેખકનું હાર્દ તેઓ બરાબર સાચવી રાખે છે. 'પોસ્ટ માસ્તર'માં મૂળ કથાનો અંત એમણે પોતાની રીતે રજૂ કરેલો. એ અંગે થોડો ઊહાપોહ પણ થયો, પરંતુ સત્યજિત પર એની કોઈ અસર પડી નહિ. 'મણિહારા' એ આ ત્રયીનું બીજું ચિત્ર. 'હૉરર' પ્રકારની એ કથામાં એમણે સંગીત અને ફોટોગ્રાફીની સહાયથી અજબ ભયજનક વાતાવરણ સર્જ્યું છે. ત્રીજા ચિત્ર 'સમાપ્તિ'ની રજૂઆત હળવા પ્રકારની છે.

ટાગોરની વાર્તા પરથી એમણે 'ચારુલતા' બનાવ્યું. ઓગણીસમી સદીની એ વાર્તા હોઈ એનો તાદૃશ ચિતાર આપવા એમણે એ સમયનાં રાચરચીલાં અને ત્યારની બંગાળી સ્ત્રીઓના પોશાક વગેરેની ચિત્રનોંધો તો કરી જ, ઉપરાંત તે સમયમાં રસ્તા પર ફેરિયાઓ શું શું વેચતા અને એ માટે કેવા કેવા લલકાર કરતા એનો પણ એમણે અભ્યાસ કર્યો. પાર્શ્વસંગીતમાં એમણે મોઝાર્તના સંગીતને પણ વણી લીધું.

જ્યારે તેઓ 'કાંચનજંઘા' ઉતારતા હતા ત્યારે એક મિત્રે એમને તારાશંકર બંદોપાધ્યાયની નવલકથા 'અભિજાત' માટે સ્ક્રિપ્ટ લખી આપવા કહ્યું. ત્યારે તો એમને અવકાશ નહોતો. પણ 'કાંચનજંઘા' પૂરું થયા પછી મિત્રે ફરી આગ્રહ કરીને એમને ચિત્રનું લોકેશન' જોવા જવા માટે મનાવી લીધા. આમે યે કામ ન હોય તો એમનું બ્લડપ્રેશર વધી જાય, એટલે સત્યજિત એમની સાથે ગયા અને એ સ્થળ એમને એટલું તો ગમી ગયું કે તે રાતે જ એમણે જાગીને 'અભિજાત'ના સીનારીઓ લખી નાખ્યા. મિત્ર તો ખુશ થઈ ગયો અને હવે આ ચિત્રનું દિગ્દર્શન પણ એમને જ સોંપ્યું. પોતાની જિંદગી નવેસરથી શરૂ કરવા માગતા એક ટૅક્સીડ્રાઈવરની એ કથામાં એક મારવાડી શેઠે વેચાતી લીધેલી એક હિંદીભાષી વિધવા યુવતીના પાત્ર માટે પેલા મિત્ર જાણીતી અભિનેત્રી વહીદા રહેમાનને લેવા ઇચ્છતા હતા. બે લાખથી ઓછે ન આવે એ વહીદા સત્યજિતના દિગ્દર્શનમાં કામ કરવાનું હોય તો કોઈ પણ નજીવી રકમે તૈયાર થઈ હતી. 'અભિજાત'ની કથા કાવ્યમય નથી પણ સત્યજિતે તેમાં કવિતા સરજી બતાવી. પોતાના ચિત્રમાં ઍક્ટિંગના બિનઅનુભવી માણસો જ લે છે એવો કેટલાકનો ખયાલ આથી ખોટો ઠરે છે. જરૂર પડે તો નીવડેલાં અનુભવી ઍક્ટરોનો ઉપયોગ પણ તે કરે જ છે.

એમનાં ચિત્રોમાં જેમ વિલન નથી હોતા તેમ મામૂલી ઝગડા ને મારામારીનાં દૃશ્યો પણ નથી હોતાં. યુદ્ધનાં દૃશ્યો તો પોતે જ્યારે 'મહાભારત' ઉતારશે ત્યારે જ લેશે એમ તેઓ કહે છે. 'મહાભારત'નું ચિત્ર એ એમની એક મોટી ખ્વાહિશ છે. 'અભિજાત'માં એમણે થોડી મારામારી ઉતારેલી, પણ ઍડિટિંગમાં એ રદ કરી નાખી હતી. સ્ત્રીપાત્રોની રજૂઆતમાં પણ એમની આગવી ખાસિયત છે. એમનાં સ્ત્રી-પાત્રો

(અનુસંધાન પૃષ્ઠ ૩૫૪ પર)

પુષ્પમાળા-૯

આકાશનીમ

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર



[બૂચ]

વર્ષા પછીના ગુલાબી ઠંડીના આ દિવસોમાં ઝૂલતાં કર્ણફૂલો જેવાં પોતાનાં લાંબાં નયનરમ્ય શ્વેત સુગંધી પુષ્પોથી ચોપાસના વાતાવરણને મઘમઘતું બનાવી દેનાર વૃક્ષનું 'આકાશનીમ' નામ કદાચ ઓછું પરિચિત લાગશે, પણ આ વૃક્ષ આપણે ત્યાં, એટલે કે મુંબાઈ. ગુજરાત, સૌરાષ્ટ્રમાં ઠીકઠીક જાણીતું છે. ગુજરાતી સિવાયની પ્રાદેશિક ભાષામાં આકાશનીમ ઉપરાંત, નીમચમેલી, આકાશનિમ્બ, કાવલાનિમ્બ નિમી ચંબિલી, બિરાટુ, બકેની, સિતાફ્રા, કાટમલ્લી, મારામલ્લી, કાટુપી વગેરે તળપદાં નામો છે. અંગ્રેજીમાં એને 'જેસ્મિન ટ્રી' અને 'કૉર્ક ટ્રી' કહે છે. એનું શાસ્ત્રીય નામ છે 'મિલિંગ્ટોનિયા હૉર્ટેન્સિસ' (Millingtonia Hortensis). ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયના ૧૮મી સદીના એક જાણીતા વનસ્પતિશાસ્ત્રી ટૉમસ મિલિંગ્ટનના નામ પરથી આ નામ પડ્યું છે. તેમાં હૉર્ટેન્સિસ એ લૅટિન ભાષામાંથી આવેલો શબ્દ છે, જેનો અર્થ થાય છે—'બગીચાનું' અથવા 'બગીચાને યોગ્ય'. અને આ વૃક્ષનો દેખાવ તથા તેનાં પુષ્પોનો પમરાટ જોતાં આ નામ તદ્દન સાર્થક લાગે છે.

આકાશનીમ મૂળ તો બ્રહ્મદેશ અને મલાયાના દ્વીપ પ્રદેશનું વૃક્ષ છે. વનસ્પતિશાસ્ત્રી રૉક્સબર્ગ લખે છે કે ઈ. ૧૮૦૦ના અરસામાં તાંજોરના રાજાના ઉદ્યાનમાંથી તેનાં બીજ પ્રાપ્ત કરીને તેને મદ્રાસમાં ઉગાડવામાં આવ્યાં હતાં, અને તેમાંથી મેળવેલ રોપને ઈસ્ટ ઇંડિયા કંપનીના કલકત્તાના વનસ્પતિ-ઉદ્યાનમાં રોપવામાં આવ્યા હતા. ત્યાંથી એનો ભારતભરમાં ફેલાવો થયો. આજે તો આ વૃક્ષો ગુજરાત, સૌરાષ્ટ્ર ને મુંબાઈ રાજ્યના ઘણા ભાગમાં જોવા મળે છે. ઓરિસ્સા ને મધ્યભારતનાં વિસ્તારમાં એ વધુ પ્રમાણમાં થાય છે. મધ્યપ્રદેશ અને ગોદાવરી નદીની ઘાટીઓમાં તો એ વન્ય સ્વરૂપમાં પણ ઊગેલાં જોવા મળે છે. ઉદ્યાનો અને શહેરી માર્ગોના ચૉકમાં શોભાવૃક્ષ તરીકે તે ઉગાડાય છે. ક્યાંક તરુવિથિઓ-ઍવન્યૂઝ બનાવવામાં પણ તેનો ઉપયોગ થએલો જોવા મળે છે, પરંતુ તેની ઊંચાઈ તથા બરડપણાને કારણે શહેરી માર્ગોની બંને બાજુએ શોભાવૃક્ષ તરીકે તે બહુ ઉપયોગી ગણાતું નથી.

આકાશનીમ બહુ ઝડપથી અને લગભગ ૮૦ ફૂટ જેટલું સીધું ઊંચે વધે છે. તેની શાખાઓ નીચે ઢળતી ને કુમળી હોય ત્યારે આછી રુવાંટીવાળી હોય છે. એની પીળાશ પડતી શખોડી છાલમાં ફાટ દેખાતી હોય છે. તેનાં પાન સામસામાં જોડકાં ગોઠવાએલાં, સંયુક્ત દાંડીવાળાં ને ૧૦-૧૨ ઇંચ લાંબાં હોય છે. તેમાં ટોચે એક નાનું પાન ફરી તેવી જ રીતે ગોઠવાએલું વધુ વધુ નાનાં પાનનું બનેલું હોય છે. પાન લીસાં, તળિયેથી ગોળાકાર અને ટોચે લાંબી અણીવાળાં હોય છે. પાનખરમાં તેનાં પાન ખરે છે ખરાં, પણ વૃક્ષ તદ્દન પાનરહિત થઈ જતું નથી.

સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન શાખાને છેડે ઢળતાં ઝૂમખાંમાં કર્ણફૂલ જેવાં, લાંબી નળી અને પાંચ દુગ્ધધવલ પાંખડીવાળાં સુરભિત પુષ્પો ખીલે છે, અને રાત જામતાં એની સુગંધ ચોપાસ પ્રસરવા લાગી આસપાસનો વિસ્તાર સૌરભમય બની રહે છે. ક્વચિત તેના શ્વેત રંગમાં આછી ગુલાબી ઝાંય પણ જોવા મળે છે. સવાર પડતાં તો આ પુષ્પો ખરવા માંડે છે ત્યારે તેની બિછાત ધરતી પર આકાશગંગા ઊતરી આવી હોય એવી લાગે છે. ફૂલદાનમાં આ પુષ્પો ગોઠવ્યાં હોય તો ઘરનો એ ખંડ એના પમરાટથી આમોદમય બની રહે છે. પરિમલસભર અને શ્વેત સુષમાવાળાં આ પુષ્પોથી ,પ્રભાવિત વનસ્પતિપ્રેમીઓ એને 'ભારતીય ઉપવનોની રતિરાણી' (ધ વીનસ ઑવ ઇન્ડિયન ફૉરેસ્ટ) કહી બિરદાવે છે. પ્રભાત થતાં આકાશનીમની નિકુંજો પ્રકાશપુત્ર સક્કરખોરા (Sun bird–ફૂલચકલી) જેવાં પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠે છે. પ્રધાનતયા એનાં પુષ્પોનું પરાગાધાન આવાં પક્ષીઓના માધ્યમથી થાય છે.

આકાશનીમનું ફળ ચપટી, પાતળી એક દોઢ ફૂટ લાંબી શીંગ જેવું અને એકાદ ઇંચ ચપટાં પહોળાં અનેક બીજવાળું હોય છે. મોટે ભાગે ભારતમાં આકાશનીમનાં વૃક્ષને ફળ આવતાં નથી એટલે એનાં મૂળિયાંની કલમ રોપીને તેને ઉગાડવામાં આવે છે. આ રીતે પ્રથમ રોપ તૈયાર કર્યા પછી વર્ષાઋતુમાં તેનું સ્થાનાંતર કરી ઉગાડાય છે. રોપાયા પછી આકાશનીમ બહુ ઝડપથી વધે છે.

આકાશનીમ બરડ હોય છે, એથી વાવાઝોડામાં એની શાખાઓ આસાનીથી તૂટી પડે છે. એનું લાકડું પીળાશપડતું ને નરમ હોઈ નાનું રાચરચીલું કે રમકડાં બનાવવામાં જ કામનું છે. એના પર સારી રીતે પૉલિશ ચડી શકે છે. આકાશનીમની છાલ એકાદ ઇંચ જાડી હોઈ હલકી જાતનાં બૂચ બનાવવામાં વપરાય છે. કદાચ આ પરથી જ અંગ્રેજીમાં એને કૉર્ક ટ્રી કહેતા હશે. ગુજરાતીમાં 'બૂચનું ઝાડ' એવું નામ પણ આના પરથી જ આવ્યું હશે આ નામ ભલે 'આકાશનીમ' જેવું આકર્ષક ન લાગે પણ સુગંધી પુષ્પોવાળા શોભાવૃક્ષ તરીકે આપણાં ઉદ્યાનોમાં એનું સ્થાન તો માનભર્યું છે જ. □

અનુસંધાન] શિસ્તપાલન [પૃ ૩૪૫થી લોકશાહીમાં સ્વતંત્ર નાગરિકોનું આજ્ઞાપાલન. એથી તો ભારતની પ્રજાએ શ્રીમતી ઇન્દિરા ગાંધીના કટોકટીના શાસનની લોભામણી પ્રગતિને જતી કરીને પણ સ્વાતંત્ર્ય માટે મતદાન કર્યું. શિસ્તપાલન એટલે મન પરનું સ્વૈચ્છિક નિયંત્રણ, આત્માનું વેચાણ નહિ. શિસ્ત એ વ્યક્તિએ સ્વેચ્છાએ સ્વીકારેલી લગામ છે, કોઈએ લાદેલી હાથકડી નથી. શિસ્તબદ્ધ સમાજ પ્રગતિ કરી શકે છે કારણ કે એમાં પ્રત્યેક વ્યક્તિ પોતાના પરના નિયંત્રણ દ્વારા અન્યને મોકળાશ આપે છે, અને અન્યોન્યના આવા પ્રદાનથી આખો સમાજ મુક્ત રીતે જીવે છે, આમ સંસ્કારી સમાજમાં શિસ્ત એ સમાજના શ્વાસોચ્છ્વાસ છે. □

ડિટેક્ટિવ ફેલુદા અને એની સત્યાન્વેષી શક્તિનો પરિચય આપતી સત્યજિત રાયની એક રહસ્યકથા

બાદશાહી અંગૂઠી

(ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

બીજા દિવસે જરા વધુ ઠંડી હતી. બાપુજીના કપાળ પર કરચલીઓ અને ચહેરા પરના અન્યમનસ્ક ભાવ જોઈ લાગ્યું કે તેઓ ઊંડા વિચારમાં હતા. ધીરુકાકા પણ સવારથી જ ક્યાંક બહાર ગયા હતા. ગઈ કાલના બનાવથી તેઓ બહુ ક્ષુબ્ધ બની ગયા હતા. ડૉ. શ્રીવાસ્તવની અંગૂઠી ગુમ થઈ જતાં પોતે હવે એમને શું મોં બતાવશે એની એમને ચિંતા હતી. બાપુજીએ એમને સાંત્વના આપવા ઘણી કોશિશ કરી હતી. 'આપણી ગેરહાજરીમાં સંન્યાસીનો વેષ લઈને કોઈ ચોર અહીં આવીને ચોરી કરી જાય એવું તો આપણે ક્યાંથી ધાર્યું હોય? આમાં તારો કોઈ દોષ નથી, એટલે ચિંતા છોડીને પોલીસને ખબર આપ. તારે તો ઈન્સ્પેક્ટર ગરગરે જોડે ઓળખાણ પણ છે. કદાચ ધીરુકાકા પોલીસને જાણ કરવા જ ગયા હશે.'

સવારે ચા-નાસ્તા વખતે બાપુજીએ અમને કહ્યું: 'મારે તમને બંનેને આજે રેસિડેન્સી જોવા લઈ જવા હતા, પણ લાગે છે કે આજે રહેવા દઉં.' પછી કહે: 'એમ કરો, તમે બંને એકલા જ નજીકમાં ક્યાંક ફરી આવો.'

ફેલુદાની ઇચ્છા પણ આજે પગપાળા જ શહેરમાં લટાર મારવા જવાની હતી. મારી ઇચ્છા પણ એની સાથે જવાની હતી. મને લાગતું હતું કે પગપાળા શહેર જોવા જવા ઉપરાંત એનો બીજો પણ કંઈક ઉદ્દેશ હોવો જોઈએ. કારણ, સાંજથી જ હું જોતો હતો કે વચ્ચેવચ્ચે એની નજર કોઈ કારણસર વેધક બની જતી હતી. જરૂર એ મનોમન કંઈક ગડમથલમાં હતા.

ચા-નાસ્તો પતાવી અમે બંને ઊપડ્યા. એ પહેલાં જ ફેલુદાએ મને કહી દીધું: 'જો, તને અહીંથી જ વૉર્નિંગ આપી દઉં છું કે રસ્તામાં બકબક કરીશ કે સવાલો પૂછ્યા કરીશ તો તને ઘેર પાછો મોકલી દઈશ. બુદ્ધુની જેમ ચૂપચાપ મારી જોડે ચાલ્યો આવજે.'

'ધીરુકાકા જો પોલીસમાં ખબર આપશે તો?' 'તો શું થશે?'

'એ લોકો તમારા પહેલાં જ ચોરને પકડી લેશે તો?'

'તો હું મારું નામ ફેરવી નાખીશ.'

ધીરુકાકાનું મકાન ફ્રેઝર રોડ ઉપર હતું. બહુ શાંત માર્ગ હતો. રસ્તાની બંને બાજુ બગીચાવાળા બંગલા હતા. બંગાળીઓ ઉપરાંત બીજા પ્રાંતના લોકો પણ ત્યાં વસતા હતા. ફ્રેઝર રોડ આગળ જતાં ડપ્લિગ રોડ સાથે જોડાતો હતો. લખનૌમાં એક સારી સગવડ છે. અહીં રસ્તાનાં નામ પથ્થરની મોટીમોટી છાટ પર લખેલાં હોય છે, એટલે કલકત્તાની જેમ અહીં કોઈ માર્ગ શોધવા માટે અટવાવું પડતું નથી

ડપ્લિગ રોડ જ્યાં પાર્ક રોડને મળતો હતો ત્યાં નાકા પર પાનની એક દુકાન જોઈને ફેલુદા ડોલતી ચાલે એ તરફ વળ્યા. ને પાનવાળાને પૂછ્યું: 'મીઠા પાન હૈ?'

'મીઠા પાન? કલકત્તી મીઠા? નહિ બાબુજી લેકિન કહો તો મીઠા મસાલા ડાલકે પાન બના દૂં.'

'ખેર, ઐસા કીજીએ.' પછી મને કહે: 'કલકત્તાની બહાર આ એક પ્રૉબ્લેમ છે.' પાન બની ગયા પછી એ મોંમાં મૂકતાં ફેલુદાએ પૂછ્યું: 'ભૈયા, હમ ઈસ શહર મેં નયે આયે હૈં, યહાં રામકૃષ્ણ મિશન કહાં હૈ વહ બતા સકતે હો?'

'રામકિસન મિસર?' એ કંઈ સમજ્યો હોય એવું લાગ્યું નહિ.

'હાં, રામકૃષ્ણ મિશન, સુના હૈ કોઈ બડા સાધુબાબા આયા હૈ ઔર ઈસ મિશનમેં ઠહરે હૈ. હમેં ઉનસે મિલના હૈ.'

પણ પાનવાળાને કંઈ ગમ પડી નહિ. કંઈક બબડી એ બીડીઓ વાળવા લાગ્યો. પણ દુકાન પાસે ખાટલા પર એક મોટી મૂછોવાળો આદમી બિસ્કિટના એક કટાએલા ડબલા પર તાલ દઈને કંઈ ગીત ગણગણતો હતો તેણે અમારી વાત સાંભળી પૂછ્યું: 'કાળાં ચશ્માં પહેરેલો ને દાઢીમૂછવાળો સાધુ? જો તમે એના વિષે પૂછતા હો તો કહું કે મેં એને કાલે ટાંગાનું સ્ટૅન્ડ ક્યાં છે તે બતાવ્યું હતું.'

'ક્યાં છે ટાંગાનું સ્ટૅન્ડ?' ફેલુદાએ પૂછ્યું.

'અહીંથી પાંચેક મિનિટના રસ્તે, આ બાજુ ચાર રસ્તાના પહેલા જ ચોક પાસે પહોંચો કે ઘોડાગાડીઓની લાઈન લાગેલી દેખાશે.'

'શુક્રિયા.' આ શબ્દ મેં પહેલી વાર સાંભળ્યો. ફેલુદાએ ફોડ પાડ્યો કે શુક્રિયા એટલે ઉર્દૂમાં થૅંક યુ.

ટાંગા-સ્ટૅન્ડ પર છ-સાત ટાંગાવાળાને પૂછ્યા પછી અંતે સત્તાવન નંબરની ગાડીવાળાએ માહિતી આપી કે ગઈ કાલે સાંજે એક ભગવા વસ્ત્રધારી દાઢીમૂછવાળાને એણે સ્ટેશને પહોંચાડ્યો હતો ખરો.

'સ્ટેશને? અહીંથી કેટલું ભાડું થાય? ત્યાં પહોંચતાં કેટલી વાર લાગે?' ફેલુદાએ એકદમ સવાલો કરવા માંડ્યા.

'બાર આના થાય. પહોંચતાં દસેક મિનિટ લાગે.'

'ચાર આના જ્યાદા દેંગે, આઠ મિનટમેં પહોંચા દોગે?'

'ટીરેન પકડની હૈ ક્યા?' 'હાં, એક્સપ્રેસ પકડની હૈ.'

ગાડીવાન બુદ્ધુની જેમ હસ્યો. 'ચલો, આઠ મિનટમેં પહોંચા દૂં.'

ગાડી ઊપડી. મેં ડરતાંડરતાં પૂછ્યું: 'પેલો બાવો કંઈ અત્યાર સુધી વીંટી લઈને સ્ટેશનમાં બેઠો હશે?' પણ જવાબ આપવાને બદલે ફેલુદાએ મારી સામે ડોળા તતડાવ્યા. જરા આગળ ગયા પછી ફેલુદાએ ગાડીવાનને પૂછ્યું: 'સાધુબાબા પાસે કંઈ સામાન હતો?' જરા વાર યાદ કરી ગાડીવાને કહ્યું, 'મેરા ખયાલ હૈ કી એક બૅગ થી, ઔર વહ ભી છોટીસી.'

સ્ટેશનમાં ટિકિટ-માસ્તર, ગેટ પરના ચેકર, કૂલી વગેરેને ફેલુદાએ પેલા સાધુ વિષે પૂછી જોયું, પણ કંઈ વળ્યું નહિ. છેલ્લે ત્યાંના રેસ્ટોરાંના મૅનેજરે કંઈક કહ્યું. એ વળી બંગાળી હતો. એ કહે: 'તમે પવિત્રાનંદ ઠાકુરની વાત કરો છો? દહેરાદૂનવાળા સાધુની? એ તો હજી ત્રણ દિવસથી જ આવ્યા છે, એટલે કદાચ હમણાં પાછા નહિ ફરે. એમની સાથે તો ચેલાઓનું ધાડું છે' પણ અમારે ચેલાઓવાળા ગુરુનું કંઈ કામ નહોતું. અંતે ફર્સ્ટ ક્લાસના વેઇટિંગ રૂમના દરવાને માહિતી આપી.

'હા, કાલે સાંજે એક દાઢીવાળો ભગવાંધારી સાધુ આવ્યો હતો ખરો.'

'અહીં વેઇટિંગ રૂમમાં બેઠો હતો?

'ના, બેઠો તો નહોતો.' 'તો પછી?'

'બાથરૂમમાં ગયો હતો. હાથમાં નાની પેટી હતી.' 'પછી?'

'પછી? પછી તો ખબર નથી.'

'કેમ? બાથરૂમમાંથી બહાર આવીને એ ક્યાંય ગયો તો હશે ને? તેં એને જોયો નહિ?'

દરવાન જરા વિચારમાં પડી ગયો. 'સા'બ પછી મેં એને જોયો હોય એવું યાદ આવતું નથી.'

'તું તો અહીં જ હતો ને?'

'રહેવું જ પડે ને! ફ્રન્ટિયર મેલ એક્સપ્રેસ આવવાની હતી. રૂમમાં ઘણા લોકો હતા.'

'તો તને ખયાલ નહિ રહ્યો હોય.' પણ દરવાનના હાવભાવ જોતાં લાગ્યું કે એ પણ મૂંઝાતો હતો. જાણે એને પણ એમ લાગતું હતું કે બાથરૂમમાંથી સાધુ બહાર આવે તો એની નજરે પડ્યા વગર રહે જ નહિ. તો પછી એણે એને કેમ નહિ જોયો હોય?

સ્ટેશન પરથી હવે વધુ કંઈ જાણવા મળે તેમ ન લાગતાં અમે પાછા ફર્યા. બહાર ટાંગાઓની લાઈન ખડી હતી. આ ટાંગાઓને અહીં અવગણી શકાય તેમ નહોતું. અમે એક ટાંગામાં ચડી બેઠા. બેસતાં જ મારાથી પુછાઈ ગયું: 'સાધુ શું બાથરૂમમાંથી અદૃશ્ય થઈ ગયો?' મોંમાંથી પાનની પિચકારી મારી ફેલુદાએ જવાબ દીધો: 'હોઈ શકે. અગાઉના જમાનામાં તો સાધુ-સંન્યાસીઓ ગમે ત્યારે અદૃશ્ય થઈ જવાની શક્તિ ધરાવતા એવું સાંભળ્યું છે.' હું સમજી ગયો કે ફેલુદાએ મારા પ્રશ્નનો ગંભીરતાથી જવાબ નથી આપ્યો. જોકે એના ચહેરા પરથી કંઈ સમજવાનો ઉપાય નહોતો. જરા આગળ વધ્યા ત્યાં ભોંપર ભોંપુપુ ભોંપર જેવો બૅન્ડવાજાનો અવાજ સંભળાયો. જોયું તો ફૂલ, ફુગ્ગા અને ધજા-પતાકાથી શણગારેલા એક ટાંગામાં લગાડેલા લાઉડ સ્પીકરમાંથી એ વાજાનો અવાજ આવતો હતો. સરકસના જોકર જેવી ટોપી પહેરી એક માણસ તે ટાંગામાંથી ચારે તરફ છૂટે હાથે કંઈ ફરફરિયાં ઉડાડતો હતો.

'હિંદી ફિલ્મની જાહેરાત.' ફેલુદા બોલ્યો. અને સાચે એ ટાંગો નજીક આવતાં તેમાં લગાડેલું 'ડાકુ મનસૂર'નું બોર્ડ પણ વંચાયું.

એકાદ-બે ફરફરિયાં અમારી ગાડીમાં પણ આવી પડ્યાં, ને બરાબર એની સાથે જ સફેદ કાગળનો એક ડૂચો પણ ફેલુદાની છાતી પર ફેંકાઈ આવીને ગાડીમાં એના પગ પાસે પડ્યો. હું બરાડી ઊઠ્યો, 'પેલા પઠાણી પોશાક...' પણ મારું વાક્ય પૂરું થાય એ પહેલાં તો ફેલુદાએ એ ડૂચો ઉપાડી લઈ ચાલતી ગાડીએ બહાર કૂદી પડી પેલા નાસી જતા માણસ પાછળ દોટ મૂકી. લોકોની ભીડમાં કોઈની સાથે અથડાયા વિના પણ માણસ કેટલી ઝડપે દોડી શકે તે મેં ત્યારે પહેલી વાર જોયું.

આટલી વારમાં ટાંગાવાળાએ ટાંગો રોકી લીધો હતો. મારે શું કરવું એ ન સમજતાં ત્યાં જ થોભી જઈને ફેલુદાની રાહ જોવા માંડી. ડાકુ મનસૂરીની ગાડી હવે દૂર પહોંચી ગઈ હોઈ બૅન્ડનો અવાજ આછો પડી રહ્યો હતો, પણ રસ્તા પર કેટલાક છોકરા પેલાં ફરફરિયાં વીણતા ધમાલ કરી રહ્યા હતા. અંતે થોડી વારે ફેલુદા હાંફતા હાંફતા પાછા આવ્યા ને ટાંગામાં ચડતાં ઈશારતથી ટાંગો આગળ લેવા સૂચવ્યું. એક કૂદકે ગાડીમાં ચડી બેસતાં કહ્યું, 'અજાણી જગ્યાની ગલીકૂંચીઓની આપણને ખબર નહિ, એટલે એ છટકી ગયો.'

મેં પૂછ્યું: 'તમે એને જોયો હતો?'

'તું જુએ તો હું ન જોઉં?' હું ચૂપ રહ્યો, પણ ફેલુદાએ એને જોયો ન હોત તો હું કહેત કે એણે પઠાણી પોશાક પહેર્યો હતો, પણ આટલો બટકો પઠાણ મેં ક્યારેય જોયો નથી. જરા સ્વસ્થ થતાં ફેલુદાએ ખિસામાંથી પેલો કાગળનો ડૂચો કાઢીને ખોલ્યો, તેમાં લખેલું કંઈક વાંચ્યું ને પછી સરખી ઘડી વાળીને એ કાગળ એણે પોતાના બટવામાં મૂકી દીધો. એમાં શું લખ્યું હતું તે પૂછવાની મારી હિંમત ચાલી નહિ.

અમે પાછા ઘેર પહોંચ્યા ત્યારે ધીરુકાકા આવી ગયા હતા. ડૉ. શ્રીવાસ્તવ પણ આવ્યા હતા. એમને જોતાં અંગૂઠી ચોરાઈ જવાથી એમને આઘાત લાગ્યો હોય એવું કંઈ જણાયું નહિ. ઊલટા તેઓ તો કહેતા હતા: 'એ અંગૂઠી જ અપશુકનિયાળ હતી. જેની પાસે હોય એને ફિકરચિંતા રહ્યા કરે, કંઈ મુસીબત પડે અથવા તો ઘરમાં ચોર આવે. તમે તો લકી છો ધીરુબાબુ. બાકી એ ડાકુએ આવીને અંગૂઠી મેળવવા કંઈ ધાંધલ-

ધમાલ કરી હોત કે ગોળી ચલાવી હોત તો?'

'તો તો કંઈક સાંત્વના રહેત.' ધીરુકાકાએ જરા હસીને કહ્યું: 'આ તો બુદ્ધુ બનાવીને અંગૂઠી ઉઠાવી ગયો. આ કેમે ય જીરવાતું નથી.'

'તમે શા માટે આટલી ચિંતા કરો છો, ધીરુબાબુ! અંગૂઠી મારી પાસેથી પણ જવાની જ હતી તે તમારી પાસેથી ગઈ. ને તમે પોલીસમાં ફરિયાદ કરવાનું કહો છો તે પણ ન કરતા. એનાથી તો મુસીબત વધશે. એથી ઉશ્કેરાઇને ડાકુ તમારા પર હુમલો પણ કરે તો?'

આટલી વાર સુધી ફેલુદા 'લાઈફ' મૅગેઝીનનાં પાનાં ફેરવતા ચૂપચાપ બેઠા હતા. તેણે હવે મૅગેઝીન બાજુ પર મૂકી દઈ પોતાના બંને હાથ માથા પાછળ લંબાવતાં પૂછ્યું: 'મહાવીરબાબુને આ અંગૂઠી વિષે કંઈ ખબર છે?'

'કોને? પ્યારેલાલના દીકરાને?' 'હા.'

'એની તો મને બરાબર ખબર નથી.' શ્રીવાસ્તવે કહ્યું: 'એ અહીં જ રહેતો હતો ને ડૂન સ્કૂલમાં ભણતો. એ પછી મિલિટરી અકાદમી જૉઇન કરી ને ત્યાર બાદ એ છોડી દઇને મુંબાઈ જઈને ફિલ્મોમાં ઍક્ટિંગ કરવા માંડી.'

'એ ફિલ્મ લાઈનમાં ગયા એ વિષે પ્યારેલાલનો શો મત હતો?'

'એ વિષે તો મને ખબર નથી; પણ પોતાના પુત્ર પ્રત્યે એમને અત્યંત વહાલ હતું એ હું જાણું છું.'

'પ્યારેલાલ ગુજરી ગયા ત્યારે મહાવીરબાબુ અહીં હતા?'

'ના, મુંબાઈ હતો. ખબર સાંભળી તુરત આવી પહોંચેલો.'

ધીરુકાકા કહે: 'ફેલુબાબુ તો એકદમ પોલીસની જેમ સવાલો પૂછે છે.'

'એને ડિટેક્ટિવગીરીનો શૉખ છે, અને એમાં એ બહુ હોશિયાર છે.' બાપુજીએ કહ્યું. આ સાંભળી શ્રીવાસ્તવ આશ્ચર્ય પામી ફેલુદા ભણી જોઈ બોલ્યા: 'વાહ, વેરી ગુડ, વેરી ગુડ.' પણ ધીરુકાકા વ્યંગ કર્યા વિના ન રહ્યા: 'ખુદ ડિટેક્ટિવ ઘરમાં છે અને અંગૂઠી ઊપડી ગઈ! એનો જ તો અફસોસ છે.'

ફેલુદાએ તે પ્રતિ લક્ષ ન આપતાં શ્રીવાસ્તવને પૂછ્યું: 'મહાવીરબાબુ ઍક્ટિંગમાં સારું કમાય છે?'

'એની તો બરાબર ખબર નથી. હજી બે વર્ષથી જ એમાં પડ્યા છે. પણ પ્યારેલાલે બધી મિલકત એના નામે કરેલી છે. સિનેમામાં તો એ શૉખ ખાતર જ કામ કરે છે.'

'હં!' કહીને ફેલુદાએ વાત આટોપી લીધી ને ફરી 'લાઈફ' ઉપાડી લીધું. શ્રીવાસ્તવે પણ કોઈ પેશન્ટને જોવા જવાનું હોઈ વિદાય લીધી. બાપુજી અને ધીરુકાકા એમને વળાવવા બહાર ગયા. એમના ગયા પછી ફેલુદાએ મૅગેઝીન બંધ કરી મોટું બગાસું ખાતાં મને પૂછ્યું: 'તને ચંદ્ર પર જવાની ઇચ્છા થાય કે મંગળ ગ્રહ પર?'

એમનો આવો અસંબદ્ધ પ્રશ્ન સાંભળી હું આશ્ચર્ય પામ્યો છતાં મેં કહ્યું: 'મને તો અત્યારે માત્ર એક જ વસ્તુની ઇચ્છા છે.'

મારા ઉત્તરને અવગણીને ફેલુદાએ વાત આગળ વધારી: 'આ "લાઈફ"માં ચંદ્રની સપાટીના ફોટો આપ્યા છે. જોઈને તો લાગે છે કે એ જગ્યા ખાસ કંઈ ઈન્ટરેસ્ટિંગ નહિ હોય. હા, મંગળ સંબંધે તો જરા કુતૂહલ પણ છે.'

હું એકદમ ખુરશી છોડી ઊભો થઈ ગયો. 'ફેલુદા. મને તો માત્ર એક જ કુતૂહલ છે, અને તે તમારી પર્સમાં પેલો જે કાગળ છે તે જોવાનું.'

'ઓહ! એટલું જ.' પણ એ તો ઉર્દૂમાં છે.'

'ભલે, તો પણ મને બતાવો.'

'લે, જો.' કહીને એમણે ઘડી કરીને જાળવીને મૂકેલો પેલો કાગળ કાઢી બે આંગળી વચ્ચે પકડીને કૅરમની સોગઠી મારે તેમ મારી તરફ ફેંક્યો. ખોલીને જોયું તો તેમાં લખ્યું હતું: 'ખૂબ હોશિયાર.' મેં કહ્યું:

'તમે તો કહેતા હતા ને કે આ ઉર્દૂમાં છે?'

'બુદ્ધુ, ખૂબ અને હોશિયાર એ બંને શબ્દો ઉર્દૂ છે એ તું નથી જાણતો?'

ખરી વાત. બાપુજીએ એક વાર કહેલું પણ ખરું કે કોઈ પણ બંગાળી નવલકથા લઈને તેનું કોઈ પણ પાનું વાંચી જુઓ તો ખબર પડશે કે તેમાં સંખ્યાબંધ શબ્દો ઉર્દૂ, ફારસી યા અંગ્રેજી કે પોર્ટુગીઝ અથવા બીજી કોઈ ભાષાના હશે. આ બધા શબ્દો બંગાળીમાં એવા તો ભળી ગયા છે કે એ પરભાષાના છે એવું લાગતું જ નથી.

હું એ કાગળમાં લખાએલા લાલ અક્ષરોને તાકી રહ્યો હતો એ જોઈને મારા મનનો સવાલ લગભગ કળી જઈ ફેલુદાએ ફોડ પાડયો: 'જમાવેલા પાનના ડીંટિયા પાસેથી કાથો-ચૂનો ભળી જઈ ઘણી વાર લાલ રસ ચૂવે છે એ તો તેં જોયું હશે. આ લખાણ એવા પાનના ડીંટિયા વડે લખાએલું છે.'

મેં એ કાગળને સૂંઘી જોયો તો ખરેખર પાનની વાસ આવી. 'પણ આ કોણે લખ્યું હશે?' 'ખબર નથી.'

'પણ લખનાર બંગાળી લાગે છે?' 'એ પણ જાણતો નથી.'

'પરંતુ તમને જ શા માટે લખ્યું હશે? તમે તો વીંટી ચોરી નથી.'

'બુદ્ધુ.' ફેલુદાએ ખડખડાટ હસતાં કહ્યું: 'ચોરને કોઈ ધમકી આપતું હશે? એ તો ચોરનો જે દુશ્મન હોય એને, અર્થાત્ ડિટેક્ટિવને આપે. એટલે જ તો આવા કામમાં પડતું હોય તો ડિટેક્ટિવને જાતનું જોખમ વિચારીને જ પડવું પડે.'

મારી છાતી ધડકવા લાગી. સુકાઈ જતા ગળામાં જેમતેમ થૂંક ઉતારતાં મેં કહ્યું: 'તો પછી અત્યારથી જ હોશિયાર રહેવાની જરૂર છે.'

'હું હોશિયાર નથી થઈ ગયો એવું તને કોણે કહ્યું?' આમ કહી ફેલુદાએ ખિસ્સામાંથી એક નાની ડબ્બી કાઢી મારી સામે ધરી. જોયું તો તેના ઢાંકણા પર લખ્યું હતું: દશમ સંસ્કાર ચૂર્ણ!

આ એક દંતમંજનનું નામ હતું. મારા દાદા એ વાપરતા એટલે મને નાનપણથી તેની ખબર છે. એટલે આશ્ચર્યથી મેં પૂછ્યું: 'દંતમંજનથી શી રીતે હોશિયાર થવાય, ફેલુદા?'

'તારી તે કંઈ અક્કલ છે! દંતમંજનને શું કરવું છે?'

'ત્યારે આ ડબ્બીમાં શું છે?'

આંખો પહોળી કરી ગળું લંબાવી અદાથી ગંભીર સ્વરે ફેલુદાએ ઉત્તર આપ્યો: 'ચૂર્ણીકૃત બ્રહ્માસ્ત્ર!'

રાત્રે જમ્યા પછી અમે બંને એકલા પડયા ત્યારે અચાનક ફેલુદાએ પૂછ્યું, 'તોપસે, તને શું લાગે છે?' 'શાનું શું લાગે છે?'

'આ, જે બધું બની રહ્યું છે તેનું.'

'અરે વાહ, એ તો તમારે કહેવાનું હોય. હું કંઈ ડિટેક્ટિવ છું? અને પેલો સંન્યાસી કોણ હતો એની ખબર ન પડે ત્યાં સુધી તો કશું જ સમજાય તેમ લાગતું નથી.'

'પણ કંઈક તો સમજાયું જ હશેને? જેમ કે એ સંન્યાસી સ્ટેશનના બાથરૂમમાં ગયો, પણ બહાર નીકળતો દેખાયો જ નહિ. એ તો ખાસ રિવીલિંગ લાગે છે!' 'રિવીલિંગ એટલે?'

'એટલે કે જેના પરથી ઘણું બધું સમજાઈ જાય તેવું.'

'અહીં શું સમજાય છે?' 'તું પોતે નથી સમજી શકતો?'

'હું તો ધારું છું કે વેઇટિંગ રૂમનો ચોકીદાર બેધ્યાન હશે ત્યારે સંન્યાસી બહાર નીકળી ગયો હશે.'

'માથું તારું.' 'તો પછી?'

'સંન્યાસી બહાર નીકળે તો દરવાને ચોક્કસ તેને જોયો જ હોત.'

'તો સંન્યાસી બહાર નીકળ્યો જ નહિ હોય?'

'સંન્યાસીના હાથમાં શું હતું, યાદ છે?'

'હું તો ભાઈ હવે... અરે હા, યાદ આવ્યું. તેની પાસે ઍટેચી કેસ હતી.'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૭૫

ડાયાબિટિસ

ડાયાબિટિસનું નામ કે રોગ અજાણ્યાં નથી. આયુર્વેદમાં તેને મધુપ્રમેહ કહે છે અને લોકભાષામાં 'મીઠી પેશાબ' નામ ઉપરથી જ સમજી શકાય કે આવા રોગમાં દર્દીનું મૂત્ર મીઠું હોય છે. મૂત્રમાં સાકર જવાને કારણે આમ બને છે. આ ગળપણને કારણે રોગીના પેશાબ ઉપર કીડીઓ પણ એકઠી થાય છે.

સાંપ્રત વિજ્ઞાનની દૃષ્ટિએ શરીરમાં સાકર (ખાંડ)ને પચાવનાર ઈન્સ્યુલીન તત્ત્વ ઘટવાથી ખાંડ અપાચીત રહી મૂત્ર સાથે શરીરની બહાર નીકળી જાય છે. આયુર્વેદની દૃષ્ટિએ મેદ અને કફ સહિત સાત ધાતુ દૂષિત થવાથી આ રોગ થાય છે.

લક્ષણો

રોગીની મૂત્ર-પ્રવૃત્તિ વધી જાય છે. તેને તરસ અને ભૂખ વધુ લાગે છે. પણ વધુ ખાવા છતાં તેનું વજન વધવાને બદલે ઘટે છે અને તેને થાક ખૂબ લાગે છે. પગ તૂટે છે ને અંગોમાં કળતર થાય છે, ગૂમડું કે ઘા હોય તો તે જલદી રુઝાતાં નથી અને શરીર સુકાય છે. વળી, મધુપ્રમેહના રોગીના શરીરે ખજવાળ આવે, આંખે જોવાની શક્તિ ઘટે, અને રોગ વધે તો ચામડી ઉપર ઝીણીઝીણી ફોડલી થાય, મળપ્રવૃત્તિ અનિયમિત બને, સ્વભાવ બદલાય અને જો મૂત્રમાં જતી સાકરનું પ્રમાણ બહુ વધી જાય તો દર્દી ક્યારેક બેભાન થઈ જાય, હૃદય, ફેફસાં, મૂત્રપિંડ, આંખ, જાતીય શક્તિ નિર્બળ બને અને અન્ય રોગો સામેની પ્રતિકાર શક્તિ ઘટે છે.

ઉપચાર

રોગીએ બેઠાડુ જીવન છોડી દઈ દરરોજ શક્ય તેટલું ચાલવાનું વધારીને હળવી કસરતો ને યોગાસનો કરવાં. વળી, મધુપ્રમેહના રોગી માટે ઘી, ગોળ, ખાંડ, મીઠાઈ, માખણ, મદ્યપાન, ધૂમ્રપાન અપથ્ય ગણી ત્યજવાં જોઇએ. ખોરાકમાં મેથી, કારેલાં, હળદર, આદુ, આમળાં, જવ, જાંબુ વગેરેનો અને ઔષધમાં શિલાજિત, લીમડો, કરિયાતું, મામેજવો, ત્રિફલા અને ગળોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

હળદર અને આમળાંનું ચૂર્ણ સરખે ભાગે લઈ દિવસમાં ત્રણત્રણ ગ્રામ ત્રણ વાર લેવું. આરોગ્યવર્ધિની, ત્રિફલા, ગુગળ, જીવિતપ્રદાવટી, ચંદ્રપ્રભાવટી, ફલત્રિકાદિ ક્વાથ, સુવર્ણ વસંત માલતી, વસંતકુસુમાકર રસ, મામેજવા ઘનવટી વગેરેમાંથી ગમે તે ઔષધનું સેવન કરવું જોઈએ.

હવે તો માત્ર મૂત્રમાંથી જ નહિ પરંતુ લોહીનું પરીક્ષણ કરાવી તેમાંથી પણ સાકરનું પ્રમાણ નીકળી જવું જોઇએ તેમ મનાય છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

'સાધુના હાથમાં ક્યારેય ઍટેચી જોઈ છે?' 'ના, એ તો નથી જોઈ.'

'મારું પણ એ જ કહેવું છે અને એના પરથી જ શક પડે છે કે એ અસલી સાધુ નહોતો. એના ઍટેચીમાં આપણા જેવો જ એનો અસલી પોશાક હશે અને એનાં ભગવાં કપડાં, ને કદાચ દાઢી-મૂછ પણ એનો છદ્મવેશ હશે.'

'સમજ્યો. સાધુવેશે એ બાથરૂમમાં ગએલો. અંદર કપડાં બદલી લીધાં, કદાચ દાઢીમૂછ પણ કાઢી નાખ્યાં ને અસલ પોશાક પહેરી પેલો વેષ ઍટેચીમાં મૂકી એ જુદા જ રૂપે બહાર આવ્યો હશે. દરવાને તેને જોયો હોય તો યે ઓળખ્યો નહિ હોય.'

'ગુડ, હવે તારું ભેજું ચાલ્યું.'

'પણ આજે સવારે આપણા પર કાગળનો ડૂચો કોણે ફેંક્યો ?'

'કદાચ પેલો સાધુ બનેલો તેણે જ, અથવા એના કોઈ માણસે. સ્ટેશનની આસપાસ એ ફરતો હશે. આપણે બધાને સાધુ વિષે પૂછતા હતા એ એણે સાંભળ્યું હશે. અને એટલે એણે આપણને ધમકી આપી ચેતવ્યા હશે.' 'સમજાયું. પણ એ સિવાય બીજા પણ ભેદ છે ?'

'રહસ્યોનો અંત હોય ખરો? સ્ટાન્ડર્ડ ગાડીમાં શ્રીવાસ્તવનો પીછો કોણ કરે છે ? એ પેલો સાધુ જ છે કે બીજું કોઈ ? ગેટ બહાર પાન ખાતાંખાતાં અને ચાર મિનાર પીતાંપીતાં આપણને કોણ વૉચ કરતું હતું ? પ્યારેલાલ અંત સમયે કયા 'સ્પાઇ'ની વાત કહેવા માગતા હતા ? વનવિહારીબાબુ વિકરાળ ને હિંસક જીવો જ કેમ પાળે છે ? પ્યારેલાલના દીકરાએ વનવિહારીબાબુને અગાઉ જોયા હશે ખરા ? અને અંગૂઠી વિશે એ કેટલું જાણતો હશે ?'

રાતે પથારીમાં સૂતાંસૂતાં મને આ બધી રહસ્યમય વાતોના જ વિચાર આવતા હતા. ફેલુદાએ પોતાની બ્લ્યૂ નોટમાં કંઈ કેટલીયે નોંધો ટપકાવી, અને પછી સાડા દસે એણે પથારીમાં લંબાવ્યું. થોડી વારમાં તો એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

દૂરથી રામલીલાનાં ઢોલત્રાંસાંનો અવાજ વહેતો આવતો હતો. એકાદ વાર કોઈ જાનવરનો અવાજ સંભળાયો. શિયાળ કે કૂતરો હશે. અચાનક યાદ આવતાં થયું કે એ વનવિહારીબાબુના હાઈનાનું હાસ્ય હતું.

આ વનવિહારીબાબુ આવાં પ્રાણીઓ પાળે છે એમાં ફેલુદાને નવાઈ પામવા જેવું શું હશે ? હમેશાં બધી જ બાબતો પાછળ કંઈ રહસ્ય હોય જ એવું કેમ માની લેવાય ? ઘણી વાર કોઈના ચિત્રવિચિત્ર શૉખની વાતો સાંભળવા મળે જ છે ને ? વનવિહારીબાબુનો પ્રાણીસંગ્રહ પણ એવો એક વિચિત્ર શૉખ ન હોઈ શકે ? આવું બધું વિચારતાં ક્યારે ઊંઘ આવી ગઈ અને ફરી ક્યારે જાગી ગયો તેની ખબર જ પડી નહિ. પણ જ્યારે આંખ ઊઘડી ગઈ ત્યારે ચારે પાસ સન્નાટો વ્યાપી ગયો હતો. ઢોલત્રાંસાં બંધ પડી ગયાં હતાં. કૂતરા-શિયાળ કે કોઈનો અવાજ સંભળાતો નહોતો. માત્ર ફેલુદાના જોરદાર શ્વાસોચ્છ્વાસ ને માથા પાસે ટેબલ પર પડેલા ઘડિયાળનો એકધારો અવાજ આવતો હતો.

પગ બાજુની બારી તરફ મારી નજર પડી. ત્યાંથી આકાશના તારા ઝગમગતા દેખાતા હતા, પણ આજે જાણે આકાશનો થોડો ભાગ ઢંકાઈ ગયો લાગતો હતો. લગભગ આખી બારીને આવરી લેતો કોઈ કાળો આકાર પથરાઈ ગયો હતો. ઊંઘનું ઘેન ઊતરી ગયું. તુરત સમજી ગયો કે બારીના સળિયા પકડીને ઊભુંઊભું અમારા ઓરડામાં કોઈ જોઈ રહ્યું હતું.

જો કે બીક તો લાગતી જ હતી, છતાં એ તરફથી નજર ખસેડી શક્યો નહિ. અંધારામાં એનો ચહેરો તો દેખાય તેમ નહોતો, છતાં આકાર પરથી લાગ્યું કે એણે નાક પરથી નીચે લબડતો કાળો રૂમાલ ચહેરા પર બાંધ્યો હતો.

ધીરેધીરે એ માણસે ઓરડાની અંદર હાથ લંબાવ્યો. એ હાથમાં લાંબી પાતળી લાકડી હોય તેમ લાગ્યું. એકાએક એક મીઠી તીવ્ર વાસ આવી. એક તો ડરના માર્યા મારા શ્વાસોચ્છ્વાસ લગભગ થંભી ગયા હતા અને હવે તો હાથપગ પણ જાણે ઢીલા પડવા માંડ્યા.

મારા મનમાં જેટલું બળ ને હિંમત હતાં એ એકઠાં કરી શરીરને બિલકુલ હલાવ્યા વિના મેં મારો ડાબો હાથ પાસે જ સૂતેલા ફેલુદા ભણી લંબાવ્યો. મારી આંખ જો કે બારી ભણી જ હતી. હજી યે પેલો હાથ લંબાવેલો જ હતો, અને પેલી વાસ ધીરેધીરે વધી રહી હતી. મારું માથું ભમવા માંડ્યું.

પણ મારો હાથ ફેલુદાની કમર પર સ્પર્શ્યો. મેં હળવેથી એક ધક્કો માર્યો. ફેલુદા જરા હલ્યો. અને એના હલવાથી ખાટલામાં જરા કિચૂડાટ થયો. એ અવાજ થતાં જ પેલો હાથ એકદમ પાછો ખેંચાઈ ગયો ને પેલો માણસ પળવારમાં અદૃશ્ય થઈ ગયો. ફેલુદાએ ઊંઘમાં જ પૂછ્યું: 'ધક્કો કેમ મારે છે?'

દબાએલા શુષ્ક અવાજે જેમતેમ કરી મેં કહ્યું: 'બારીમાં...'

'શું છે બારીમાં?' પણ પછી એકદમ સજાગ થઈ જતાં પથારીમાં બેઠા થઈ જતાં પૂછ્યું, 'અરે, આ વાસ શાની છે?' અને એક જ કૂદકે એ બારી પાસે પહોંચી ગયા. થોડી વાર સુધી એકીટશે બારી બહાર તાકી રહ્યા પછી પાછા મને કહ્યું: 'તેં બારીમાં શું જોયું? વિગતવાર કહે.'

હું હજી યે જડની જેમ પડ્યો હતો. જેમતેમ કરી બોલ્યો: 'કોઈ માણસ હતો...હાથમાં લાકડી જેવું...ઘરની અંદર...'

'હાથ લંબાવેલો હતો?' 'હા.'

'સમજી ગયો. એ લાકડીના છેડે ક્લૉરૉફૉર્મ હતું. એ રીતે એ આપણને બેભાન કરવા માગતો હતો.'

'કેમ? શા માટે?'

'લાગે છે કે એ બીજો એક અંગૂઠી-ચોર હશે. એ માનતો હશે કે અંગૂઠી હજી અહીં જ હશે. ખેર, જવા દે એ વાત. તું આ વાત તારા બાપુજી કે ધીરુકાકાને કહીશ નહિ. નાહક તેઓ નર્વસ થઈ જશે તો મારું કર્યું-કારવ્યું ધૂળમાં મેળવી દેશે.' (ચાલુ)

અનુસંધાન] **સત્યજિત રાય** [પૃષ્ઠ ૩૪૯થી

વધુપડતાં સ્ત્રૈણ નથી હોતાં તેમ ઉદ્ધત પણ નથી હોતાં. સ્ત્રીને પુરુષસમોવડી કે તેનાથી ઊતરતી હોય એવી રજૂઆત તેઓ નથી કરતા.

'મહાનગર' પણ એમનું એક ખ્યાત ચિત્ર છે. 'પથેર પાંચાલી'ના શહેરી કરણ જેવી એ કથા કલકત્તા જેવા શહેરમાં અટવાતા મધ્યમ વર્ગના એક કુટુંબની વાત છે. એના સંવાદો પણ એમણે જ લખેલા. તાદૃશતા માટે મધ્યમ વર્ગના લત્તાઓમાં રખડીને તેમની રહેણીકરણીનો અભ્યાસ કરેલો. એમાં આવતી ઍંગ્લો ઇંડિયન છોકરીના પાત્ર માટે તેઓ નાઈટ ક્લબમાં ગાતી એક ઍંગ્લો ઇંડિયન છોકરીને જ લઈ આવેલા ને એના ઘરના સેટ માટે એમના લત્તામાં જઇ એ લોકોનાં ઘરો પણ જોઈ વળેલા.

'નાયક'ની પટકથા એમણે બંગાળના જાણીતા ઍક્ટર ઉત્તમકુમારને નજરમાં રાખીને લખેલી. ચિત્રમાં નાયક પણ એને જ બનાવેલો. પોતાને શ્રેષ્ઠ અભિનેતા તરીકે મળેલો ઍવૉર્ડ લેવા કલકત્તાથી દિલ્હી જતા એક ઍક્ટરની આસપાસ અન્ય ચરિત્રો ગોઠવીને રેલવેની એ સફર દરમિયાનનું એમાં નિરૂપણ કર્યું છે. એમાં રોમાંચકતા નથી પણ જાતજાતના લોકોના મેળાને એમણે બહુ સુંદર રીતે રજૂ કર્યો છે.

'ચીડિયાખાના' એ એમનું એક ડિટેક્ટિવ ચિત્ર છે. એને માટે એમને શ્રેષ્ઠ દિગ્દર્શનનો ઍવૉર્ડ મળેલો. 'પ્રતિદ્વંદ્વી'માં એમણે કલકત્તાના વર્તમાન જીવનની રજૂઆત કરેલી. અને છેલ્લે છેલ્લે પોતાના પ્રથમ હિંદી ચલચિત્રનું દિગ્દર્શન સંભાળ્યું પ્રેમચંદજીની એક વાર્તા પરથી બનાવેલા 'શતરંજ કે ખિલાડી'માં. અવધના નવાબ વાજિદઅલી શાહના જમાનામાં પલટાતા જતા યુગ અને અંગ્રેજોની વધતી જતી રાજ સત્તા સામે બેદરકારીભરી પ્રજાની અલિપ્તતાને એમણે એમાં સુંદર રીતે પ્રકટ કરવા સાથે એ યુગના લખનૌનો તાદૃશ ચિતાર આપ્યો છે.

આમ, સત્યજિત દ્વારા ભારતીય સિનેમાક્ષેત્રમાં એક નવી જ કેડી અંકાઈ છે. હજી એમની 'મહાભારત' પરથી એક ભવ્ય ચિત્ર બનાવવાની તથા ઇતિહાસ, સંસ્કૃતિ ને વર્તમાનકાળને આવરી લેતા ચિત્ર 'બંગાળનો દસ્તાવેજ' ઉતારવાની મહેચ્છા પૂર્ણ થવી બાકી છે. દુનિયાભરમાં દિગ્દર્શક તરીકે પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી ચૂકેલા સત્યજિત એમાં પણ સફળ રહેશે જ. આજે તો જેના થકી ભારતનું ચલચિત્ર જગત દુનિયામાં ગૌરવથી પોતાનું મસ્તક ટટ્ટાર રાખી શકે એવી તેઓ એક બહુમુખી પ્રતિભા છે. □

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

પ્રકરણ ૨ : મંથનકાળના મહાપુરુષો (ઉત્તરાર્ધ)

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

કરસનદાસ મૂળજી

કરસનદાસ(૧૮૩૨-૧૮૭૧)નો જન્મ મુંબાઈમાં થએલો. સંજોગવશાત્ એમનાં માતાનાં કાકીને ત્યાં એમને ઊછરવું પડ્યું. એ ઉચ્ચ શિક્ષણ માટે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા તે સમયે ત્યાંના એક અંગ્રેજ પ્રોફેસર રીડ વિદ્યાર્થીઓની ચર્ચાપ્રવૃત્તિમાં સારો રસ લેતા હતા. તેમની પ્રેરણાથી 'ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળી' અસ્તિત્વમાં આવેલી. કરસનદાસનો વિદ્યારસિક જીવ તેનાથી આકર્ષાયો. એ મંડળીની જ એક શાખા (એ શાખાના ઉદ્‌ભવનું કારણ ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળીમાં મોટે ભાગે પારસી વિદ્યાર્થીઓ અને આગેવાનો હતા) 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'માં તેમણે ઈ. ૧૮૫૩માં 'દેશાટન' વિષે નિબંધ વાંચ્યો ત્યારથી તેમની ખ્યાતિ થવા માંડી.

એ અગાઉ તેમણે વિધવાવિવાહ વિષેની નિબંધસ્પર્ધામાં ભાગ લઈ નિબંધ લખ્યો. તે લખાણ તેમનાં વડીલ કાકીના હાથમાં આવી પડવાથી તેમને ઘર છોડવું પડ્યું, કૉલેજ પણ ઝટ છોડવી પડી આ સમયે પારસી કોમના યુવાનો—આગેવાનો પણ સમાજસુધારામાં પૂરી ધગશથી પ્રવૃત્ત હતા. કેટલાક પારસી ગૃહસ્થોએ સમાજમાં જ્ઞાનપ્રસાર માટે 'રાસ્ત ગોફ્તાર' પત્ર શરૂ કર્યું. તેમાં હિંદુ સમાજસુધારા માટે પણ લેખો પ્રકટ થતા. કરસનદાસ તે પત્રમાં લેખક હતા. પણ તેમના સુધારક જીવને એ પત્રમાં લખવા ઉપરાંત ઘણું બધું કહેવાનું હતું. ખાસ કરીને ધર્મને નામે વૈષ્ણવ સંપ્રદાયમાં આચાર્યો જે ભ્રષ્ટાચાર ચલાવી રહ્યા હતા તે સામે યુવાન કરસનદાસને ખૂબ રોષ હતો. એમણે પોતાના સુધારા અંગેના વિચારો પ્રકટ કરવા માટે પોતે ઈ. ૧૮૫૫માં 'સત્યપ્રકાશ' પત્ર શરૂ કર્યું. મહીપતરામ 'કરસનદાસ મૂળજી ચરિત્ર'માં (ઈ. ૧૮૭૭, પૃ. ૮) નોંધે છે: । તોપમાંથી છૂટતા ગોળા વહેમગઢને અને અનીતિના કોટને વાગવા લાગ્યા.' તેમણે આ પત્ર દ્વારા ધર્માચાર્યોનાં ધતિંગ સામે રીતસર જેહાદ જ જગાવી. કરસનદાસ એ સમય દરમ્યાન શિક્ષકનો વ્યવસાય કરતા હતા. સરકારી નોકરીને કારણે એ થોડો સમય ડીસા પણ રહી આવ્યા. તે દરમ્યાન 'સત્યપ્રકાશ' મહીપતરામે સંભાળ્યું હતું. ડીસાથી પાછા આવીને કરસનદાસે ફરી પોતાનું વૈષ્ણવ મહારાજો સામેનું ધર્મયુદ્ધ ચલાવ્યું. લાંચ કે ભય તેમનાં પ્રબળ જુસ્સાદાર લખાણોને પ્રકટ કરતાં અટકાવી શક્યાં નહિ. મુંબાઈમાં જગાવેલી એમની જેહાદની અસર બીજાં શહેરોમાં પણ થવા લાગી. એમાં સૂરતના જદુનાથજી મહારાજ બહુ ચતુર અને દંભી હતા. તેમની સામે કરસનદાસને અથડામણમાં આવવું પડ્યું, અને તેમણે માંડેલા ઇતિહાસપ્રસિદ્ધ 'મહારાજ લાયબલ કેસ'માં તેમને સંડોવાવું પડ્યું. નર્મદે તો જદુનાથ સામે આક્રમણ કરેલું જ હતું—વાઘની બોડમાં એનું પૂંછડું તાણવાનો પ્રયત્ન કર્યો હતો. કરસનદાસ પણ તેના જવાંમર્દ સાથી હતા, તેમણે નર્મદના ધર્માચાર્ય વિષેના વિચારોનું સમર્થન કરતો લેખ એમના 'સત્યપ્રકાશ'માં જદુનાથ મહારાજને ઝાળ લાગી જાય તેવી ભાષામાં પ્રસિદ્ધ કર્યો. જદુનાથે પોતાના ભક્ત-ભાવિકોની ઓથ લઇને કરસનદાસને પરેશાન કરવા ભારે પ્રપંચ કર્યો. તેમને કોર્ટમાં ઘસડાવું પડ્યું. એ ચકચારભર્યા કેસમાં કરસનદાસ વિજયી નીવડ્યા. જો કે તેમને તે માટે ભારે આર્થિક ભોગ આપવો પડયો. પણ કરસનદાસની આ જેહાદથી પ્રજામાં નવીચેતનાનું મોજું ફરી વળ્યું. કરસનદાસનું નામ મહારાજ લાયબલ કેસ (૧૮૬૦) સાથે સંકળાઈ ગયું. એમના જીવનનું એ મુખ્ય કાર્ય બની રહ્યું.



કરસનદાસ મૂળજી

કરસનદાસે બે વાર ઇંગ્લૅન્ડની મુસાફરી કરી હતી. ઈ. ૧૮૬૩માં અને ૬૭માં. એ માટે એમને ન્યાત બહાર પણ મૂકવામાં આવ્યા હતા. પોતાના પ્રવાસના અનુભવ પરથી તેમણે 'ઇંગ્લૅન્ડમાં પ્રવાસ' (૧૮૬૬) નામથી પુસ્તક પણ પ્રકટ કર્યું. આ ઉપરાંત તેમણે ગુજરાતી–અંગ્રેજી કોશ પણ રચેલો (૧૮૬૦) અને 'પુષ્ટિ માર્ગનો ઇતિહાસ' (૧૮૬૫) અંગ્રેજીમાં પ્રકટ કર્યો હતો. કરસનદાસે વૈષ્ણવ સંપ્રદાયોનાં અનિષ્ટ તત્ત્વો પર પ્રહાર કર્યાં પણ ધર્મ અંગે રચનાત્મક દૃષ્ટિકોણ પ્રજામાં ઊગી રહે તે માટે ઈ. ૧૮૬૦માં તેમણે 'તત્ત્વશોધક સભા' પણ સ્થાપી.

કરસનદાસની રમૂજવૃત્તિનું ઉદાહરણ તેમના 'કુટુંબમિત્ર' પુસ્તક (૧૮૬૭)માં મળે છે. ન્યાતના ખોટા રિવાજોની તેમણે તેમાં હાંસી ઉડાવી છે. પુસ્તક વાર્તા અને સંવાદરૂપે લખાયું છે.

ગુજરાતમાં પહેલું પુનર્લગ્ન મા[illegible]નાથદાસ નામના વિધુરે એમની જ—કપોળ વણિક ન્યાતની એક વિધવા સાથે કર્યું. તેમાં કરસન-







દાસ મૂળજીએ પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ સક્રિય ભાગ ભજવ્યો હતો. એ લગ્ન પછી નવપરિણીત યુગલને ખૂબ મમતાપૂર્વક તેમણે જે પત્રો લખ્યા તેમાં તેમની ઊંચી ભાવના અને કુલીનતા પ્રકટ થાય છે.

ભોળાનાથ સારાભાઈ

(ઈ. ૧૮૨૨–૧૮૮૬)

ગુજરાતમાં અંધાધૂંધીનો અસ્ત થયો હતો અને નવા સ્થપાએલા અંગ્રેજી રાજ્યમાં શાંતિ ને વ્યવસ્થા પ્રકટવાં શરૂ થયાં હતાં તે સમયમાં સરકારી નાગર કુટુંબમાં વડોદરામાં ભોળાનાથનો જન્મ થયો. ભોળાનાથના પિતા સારાભાઈ ધર્મચુસ્ત ને વહેમોમાં માનનારા હતા. ભોળાનાથ પણ આરંભકાળમાં પિતાને પગલે ચાલ્યા પણ ધીમેધીમે તેમની ધર્મબુદ્ધિ નવા પંથે વિચરવા લાગી અને મૂર્તિપૂજાને સ્થાને નિરાકાર ઇશ્વર પ્રત્યે એમની શ્રદ્ધા બેઠી.

એ આખો યુગ ધર્મમંથનનો હતો. અંગ્રેજોનું ભારતમાં વર્ચસ્ સ્થપાયું તે પૂર્વેથી ખ્રિસ્તી પાદરીઓનું ધર્મ પ્રચારનું અને પરધર્મીઓનું ખ્રિસ્તીમાં ધર્માંતર કરવાનું કામ ચાલુ હતું તેમનો પ્રહાર મુખ્યત્વે હિંદુ ધર્મ પર હતો. હિંદુ ધર્મમાં તેમને ઘણા વહેમો અને અનિષ્ટો દેખાતાં હતાં. દેવદેવીઓની માનતા, બાધાઆખડી, ભૂવા–જતિ, બાળલગ્ન, સતી થવાની પ્રથા, ફરજિયાત વૈધવ્ય, બહુપત્નીત્વ, છોકરીને દૂધ પીતી કરવાનો ચાલ મૂર્તિપૂજા—આ બધાંનો તેઓ ઉપહાસ કરતા ને લોકોની હિંદુ ધર્મમાંથી શ્રદ્ધા ઊઠી જાય ને તે ખ્રિસ્તી ધર્મ સ્વીકારે એવી ભૂરકી નાખતા. નિશાળોમાં બાઈબલના શિક્ષણ દ્વારા પણ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થતો અને ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારને સારી નોકરી તથા અન્ય આર્થિક-સામાજિક લાભોની લાલચો આપવામાં આવતી

ખ્રિસ્તી ધર્મના આ આક્રમણનો પ્રતિકાર કરવા માટે હિંદુ ધર્મમાંથી વહેમનાં જાળાં ખંખેરી ધર્મ પ્રત્યે નવો પ્રકાશ પાડવાનું આવશ્યક બન્યું. અંગ્રેજી વિદ્યાથી પરિચિત થએલા શિક્ષિતોમાંથી કેટલાકે હિંદુ ધર્મનાં અનિષ્ટો પર પ્રહાર કરવા માંડ્યા. અંગ્રેજી સાહિત્યમાંના મિલ, બર્ક, ડાર્વિન, સ્પેન્સર, હક્સલી, મૅકોલે વગેરેના વિચારોથી તેઓ રંગાએલા હતા તેમનામાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને ધાર્મિક સ્વાતંત્ર્ય માટેની ઉદાર દૃષ્ટિ ખીલી હતી. આ સુધારકોએ હિંદુ ધર્મમાં યુગોથી પ્રવેશેલાં દૂષણો ખંખેરવા માંડ્યાં આમ હિંદુ ધર્મ પર ખ્રિસ્તી મિશનરીઓ તરફથી ને શિક્ષિત સુધારકો તરફથી એમ બેવડા પ્રહાર થવા લાગ્યા, ને રૂઢિઓ તૂટવા માંડી અને નવા ધર્મપ્રકાશમાં કેટલીક ધર્મસંસ્થાઓ અસ્તિત્વમાં આવી.

બંગાળમાં રાજા રામમોહન રાય સામાજિક ને ધાર્મિક સુધારણામાં અગ્રણી હતા. તેમણે એકેશ્વરવાદના સિદ્ધાંત પર બ્રહ્મો સમાજ સ્થાપ્યો. મૂર્તિપૂજા અને જાતિભેદને તિલાંજલિ આપી આ બ્રહ્મો સમાજની પ્રવૃત્તિને કારણે સેંકડો હિંદુઓ ધર્માંતર કરતાં અટક્યા. બ્રહ્મો સમાજના કાર્યની અસર ગુજરાતમાં પણ પડી. મુંબાઈમાં 'પરમહંસ મંડળી'ની સ્થાપના થઈ. તેના સૂત્રધાર, સુરતના પાંચ દદ્દાઓની મંડળીમાંના એક દાદોબા એમની નિશાળમાં વિદ્યાર્થીઓને જાતિભેદથી દેશની અને ધર્મની એકતાને થતી હાનિની વાત સમજાવતા હતા. પરમહંસ મંડળીમાં સભાસદ થવા ઇચ્છનારને પરધર્મીએ બનાવેલો પાઉંનો ટુકડો ખાવા માટે આપવામાં આવતો અને એ રીતે જાતિભેદમાં તે માનતો નથી તેની પ્રતીતિ માગવામા આવતી હતી બીજી બાજુ બંગાળના બ્રહ્મો સમાજની અસર નીચે મુંબાઈમા ઈ ૧૮૬૭માં પ્રાર્થના સમાજની સ્થાપના થઈ અમદાવાદમાં એ સમયે ભોળાનાથ સારાભાઈ, મહીપતરામ ઇત્યાદિ સુધારકો ધર્મને નવા પ્રકાશમાં જોવા લાગ્યા હતા દુર્ગારામ મહેતાજી એમની માનવધર્મ સભા (૧૮૪૪) દ્વારા ધર્મજાગ્રતિનું કાર્ય વેગથી ચલાવી રહ્યા હતા. ભોળાનાથના પ્રયાસોથી અમદાવાદમાં 'ધર્મ સભા' નામે મંડળી સ્થપાઈ અને એમાંથી ધીમે ધીમે ઈ. ૧૮૭૧માં અમદાવાદમાં 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના થઈ ભોળાનાથ, મહીપતરામ તથા લાલશંકર તેમાં અગ્રેસર હતા. પ્રાર્થના સમાજના સિદ્ધાંતોમાં મૂર્તિપૂજાનો વિરોધ, ઇશ્વરની પ્રાર્થના અને સદાચારયુક્ત જીવન, એ મુખ્ય છે. એ પ્રાર્થના સમાજ માટે ભોળાનાથે 'અભંગમાળા' અને 'ઇશ્વર પ્રાર્થના માળા' જેવાં પુસ્તકો રચ્યાં.

હિંદુ ધર્મ અને તેની ધર્મસંસ્થાઓ અધમ અવસ્થામાં હતાં અને વૈષ્ણવ મહારાજો તથા પુરોહિતો અજ્ઞાની, અંધશ્રદ્ધાળુ ને વહેમી લોકોની સાથે ધર્મને નામે છેતરપીંડી કરી પોતાના રોટલા શેકી લેતા હતા તેવે સમયે બંગાળના બ્રહ્મો સમાજે અને મુંબઈ–અમદાવાદના પ્રાર્થનાસમાજે ધર્મજાગ્રતિ આણવામાં પ્રશસ્ય ફાળો આપ્યો. અલબત્ત, આ બન્ને ધર્મસંસ્થાઓ પર ખ્રિસ્તી ધર્મની છાયા પડેલી છે ના છતા તેમણે ભ્રાતૃભાવ અને સદાચરણ પર ભાર મૂક્યો અને દેવદેવલાંનાં વ[illegible] પર પ્રહાર કર્યા તે બે સંસ્થાઓના એ રૂ[illegible]ાં મોટી સેવા છે

દયાનંદ સરસ્વતી

(ઈ. ૧૮૨૪–૧૮૮૩)

બંગાળમાં બ્રહ્મોસમાજ અને તેની પછી મુંબાઈમા અને ગુજરાત-





સામેના પૃષ્ઠથી અનુક્રમે
ભોળાનાથ સારાભાઈ
દયાનંદ સરસ્વતી
મૅડમ બ્લૅવેત્સ્કી
ઍની બિસન્ટ
શ્રીમન્નૃસિંહાચાર્ય

માં પ્રાર્થના સમાજ પોતપોતાનાં દૃષ્ટિબિંદુથી ધર્મજાગ્રતિનું કાર્ય કરી રહ્યાં હતાં, તેમ છતાં વિશાળ જનસમુદાય તેમની પ્રત્યે શંકાની નજરે જોતો હતો. જાતિભેદની નાબૂદી અને એકેશ્વરવાદને કારણે એ ધર્મ-સંસ્થાઓ ખ્રિસ્તી ધર્મને અનુસરનારી છે એવી એક માન્યતા લોકોમાં ઘર ઘાલી બેઠી હતી અને આ બંને સમાજોનું સ્વરૂપ પણ થોડા સમયમાં સાંપ્રદાયિક બની ગયું હતું. એ સમયે વેદમાં અને હિંદુ ધર્મમાં લોકોની શ્રદ્ધા પુનઃ સ્થાપિત કરવાનું કાર્ય દયાનંદ સરસ્વતીને હાથે થયું.

દયાનંદનું પૂર્વજીવનનું નામ મૂળશંકર હતું અને સૌરાષ્ટ્રના મોરબી પાસે ટંકારામાં તેમનો જન્મ થએલો. પિતા ખૂબ ધર્મચુસ્ત, શિવના પરમ ઉપાસક. એ શિવભક્તિ પુત્રના હૃદયમાં રોપવાનો તેમણે પ્રયત્ન કર્યો પણ એક રાતે શિવાલયમાં શિવની મૂર્તિ પર ઉંદરોની દોડાદોડ જોઈ કિશોર મૂળશંકરનું ચિત્ત આશ્ચર્ય અને આઘાતમાં ડૂબી ગયું. મૂર્તિ અને ઈશ્વર વિષે તેણે મંથન અનુભવવા માંડયું. ઈશ્વરની શોધ માટે તેનામાં ઝંખના જાગવા માંડી અને પોતાના આ પુરુષાર્થમાં લગ્નને તેમણે અંતરાયરૂપ ગણ્યું. પરિણામે ૧૮૪૬માં તેણે ઘર છોડયું. પિતાએ ઝનૂનપૂર્વક પુત્રનો પીછો કરી તેને પકડી પાડયો. પુત્રે પોતે ખોટી સલાહ-થી ગૃહત્યાગ કર્યો હતો અને ઘેર પાછા ફરવાના વિચારમાં જ હતો એવી વાત ઉપજાવી કાઢીને પિતાનો ગુસ્સો શાંત કરવા ને તેમનામાં વિશ્વાસ પ્રેરવા પ્રયત્ન કર્યો, અને અંતે એ કિશોર ફરી છટકી ગયો! એ પછી પહાડોમાં ને જંગલોમાં, ભારતનાં તીર્થધામોમાં ને હિમાલયમાં તેમની પદયાત્રા ચાલી. માર્ગમાં અનેક યોગી, મહાત્મા ને પંડિતો સાથે વેદની, ધર્મની, મોક્ષની ચર્ચાઓનો તેમને લાભ મળ્યો પરિણામે વેદ ધર્મમાં તેમની શ્રદ્ધાએ જડ નાખી, તે દયાનંદ સરસ્વતી બન્યા અને હિંદુ ધર્મમાં પ્રાણ ફૂંકવાનું કાર્ય તેમણે કરવા માંડયું. વેદ ઈશ્વરપ્રણીત છે, મૂર્તિપૂજા ખોટી છે, એ વાત તેમણે લોકમાનસ પર ઠસાવવા માંડી. તેમણે ૧૮૭૫માં મુંબાઈમાં અને તે પછી પંજાબમાં 'આર્ય સમાજ' સ્થાપ્યો. પણ પોતે તો આર્ય સમાજના એક સામાન્ય સભ્ય તરીકે જ પ્રવૃત્તિ કરવાનું રાખ્યું હતું. તેમને કેટલાક આર્ય સમાજીઓએ પેટ્રન થવા આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું: 'હું જો પેટ્રન થઈશ તો સર્વશક્તિમાન ભગવાન શું થશે?' પંજાબમાં તેમના કાર્યને સારો વેગ મળ્યો. તેમણે ગુરુકુળો સ્થાપ્યાં અને હિંદુ ધર્મનો મહિમા પ્રસાર્યો.

બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજ સાથે આર્યસમાજની, મૂર્તિપૂજા-ના વિરોધની બાબતમાં સમાનતા હતી. પણ આર્ય સમાજ વેદને ઈશ્વર-સર્જિત માનતો હતો. પ્રાર્થના સમાજને એ વાત સ્વીકાર્ય નહોતી.

તદુપરાંત દયાનંદ સરસ્વતીને વેદ એ જ સર્વ-સ્વ છે એવું સિદ્ધ કરવા માટે થોડુંક ભ્રામક વચન બોલવામાં વાંધો નહોતો. ભોળાનાથ સાથેની અમદાવાદની મુલાકાતમાં દયાનંદે પ્રાર્થના સમાજને પોતાના આર્યસમાજ સાથે ભેળવી દેવા સમજાવ્યા હતા: 'નામમાત્ર મેં ક્યા હૈં? અપન સબ આર્ય હો યહ આર્ય સમા-જકા નામ વિશેષ ઉચિત હૈ.' ત્યારે ભોળાનાથ સારાભાઇએ એમને સવાલ કરેલો કે આપ તો વેદને ઈશ્વરપ્રણીત માનો છો. એ વાત બુદ્ધિવાદીઓને ગળે કેવી રીતે ઊતરે?' દયાનંદે જવાબમાં કહેલું: 'એ સબ બાત તો સચ હૈ, પરંતુ ભોલાનાથજી, ઐસે સમજાયે સિવાય લોક સબ અપની સંગ કૈસે આને વાલે? ઔર અપની ગાડી ચલે કૈસી?' ('ભોળાનાથ સારાભાઈનું જીવનચરિત્ર'—કૃષ્ણરાવ ભોળાનાથ. આવૃત્તિ સાલ ઈ. ૧૮૮૮, પૃ. ૧૧૭-૧૧૮.)

ગમે તેમ પણ એ બે સમાજ એક બની શકયા નહિ. દયાનંદે પોતાના વેદ વિષેના તેમ જ ધર્મ વિષેના ચર્ચાસ્પદ પ્રશ્નો અંગેના વિ-ચારો પોતાના 'સત્યાર્થ પ્રકાશ' પુસ્તકમાં (ઈ. ૧૮૭૫) પ્રકટ કર્યા છે.

મૅડમ બ્લૅવેત્સ્કી

ગુજરાતમાં પરધર્મના આક્રમણને કારણે વિવિધ ધાર્મિક પ્રત્યા-ઘાતો પેદા થવા માંડયા હતા. એ પ્રત્યાઘાત ધર્મસમાજોની સ્થાપના દ્વારા પ્રકટ થયા. એ અરસામાં રશિયાનાં એક મહિલા બ્લૅવેત્સ્કીએ અમેરિકા જઈને કર્નલ એચ.એસ. ઑલ્કૉટના સહયોગથી 'થીઑસૉફી'-નો સમાજ સ્થાપ્યો હતો. ઈ. ૧૮૭૮માં તેઓ ભારત આવ્યાં. દયાનંદ સરસ્વતીની ધર્મપ્રતિભાએ તેમને આકર્ષ્યાં. તેમણે મદ્રાસમાં અડયારમાં થીઑસૉફી મંડળ શરૂ કર્યું. થીઑસૉફી તે કોઈ નવો ધર્મસંપ્રદાય નહોતો; વસ્તુતઃ તે તત્ત્વશોધકોનું મંડળ હતું. તેમણે ભારતના આધ્યાત્મિક પાસાનો મહિમા કર્યો અને આધ્યાત્મિક માર્ગે મનુષ્યજાતિની સેવા કર-વાની પ્રવૃત્તિ શરૂ કરી. ભારતની પ્રજાને પશ્ચિમમાં એ સમયે વિકસી રહેલા જડવાદને માર્ગે જતી રોકીને એને સ્વધર્મનું ગૌરવ સમજાવવાનો તેમનો પ્રયત્ન હતો. અંગ્રેજી શિક્ષણ પામેલા અનેક બૌદ્ધિકો આ સમાજમાં જોડાયા. મૅડમ બ્લૅવેત્સ્કીએ યુરોપની પ્રજાને પણ ભારતની અધ્યાત્મવિદ્યામાં રસ લેતી કરવાની મહત્ત્વની કામગીરી બજાવી. એમની પછી ઍની બિસન્ટે ભારતમાં થીઑસૉફી સમાજનું કાર્ય સુંદર રીતે આગળ ધપાવ્યું. બનારસ સેન્ટ્રલ કૉલેજ—જેમાંથી બનારસ હિંદુ યુનિવર્સિટી ઉદ્‌ભવી તે—એ સમાજનું જીવંત સ્મારક છે.

સાક્ષર શ્રી મણિલાલ નભુભાઇને થીઑસૉફી સમાજનું પ્રબળ આક-ર્ષણ થયું હતું. તેમણે એ સમાજનું કેટલુંક સાહિત્ય પણ રચ્યું હતું. તેમણે 'થીઑસૉફીના સિદ્ધાંતો'માં તેના ત્રણ ઉદ્દેશ દર્શાવ્યા છે: ૧) ન્યાત-જાત, કોમ, વર્ણ, ધર્મ, સ્ત્રી કે પુરુષનો ભેદ રાખ્યા સિવાય મનુષ્યજાતિના ભ્રાતૃભાવનું કેન્દ્ર બનાવવું; ૨) ધર્મ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્રનો મુકાબલે અભ્યાસ કરવાના કામને ઉત્તેજન આપવું; અને ૩) કુદરતના અત્યાર સુધી નહિ સમજાએલા નિયમોની અથવા મનુષ્યમાં રહેલી ગુપ્ત-

શક્તિઓની શોધ કરવી. (ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ વિભાગ-૨, ઈ. ૧૯૩૩, પૃષ્ઠ ૩૦.)

રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ

બંગાળમાં બ્રહ્મો સમાજ ખ્રિસ્તી ધર્મના આક્રમણની સામે પ્રજામાં નવી ધર્મચેતના પ્રકટાવવાની પ્રવૃત્તિ કરી રહ્યો હતો તે સમયે રામકૃષ્ણ પરમહંસ (ઈ. ૧૮૩૬–૧૮૮૬) પોતાના સમાધિમય જીવનથી ને નિર્દંભ ચારિત્ર્યથી વિશાળ જનસમુદાયમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. તેમણે માનવતાવાદનો પુરસ્કાર કરી પ્રજાને શિક્ષણ આપવા ને માંદા તથા રોગીજનોની સેવા કરવા પર ભાર મૂક્યો. એમના કેટલાય અનુયાયીઓએ લોકસેવા માટે મઠ સ્થાપ્યા.

રામકૃષ્ણના ધર્મજાગ્રતિના કાર્યને વેગ આપવાનું કાર્ય તેમના પટ્ટશિષ્ય વિવેકાનંદે કર્યું. (ઈ. ૧૮૬૩–૧૯૦૨) તેમની જાજ્વલ્યમાન અને આકર્ષક પ્રતિભા અને ઉત્કૃષ્ટ વેદધર્મભાવનાએ જોતજોતાંમાં લોકમાનસને કામણ કર્યું. એમના સશક્ત દેહમાં ધર્મજાગ્રતિના કાર્ય માટેનો અદમ્ય જુસ્સો હતો. એમની વાણી હૃદય સોંસરી ઊતરે તેવી વેધક હતી. તેમણે અમેરિકામાં ધર્મયાત્રા કરી અને શિકાગોની ધર્મપરિષદમાં (ઈ. ૧૮૯૩) વેદધર્મનો ને ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડયો. પશ્ચિમની પ્રજા તેમના ધર્મ વિષેનાં વ્યાખ્યાનોથી મંત્રમુગ્ધ બની ગઈ અને અમેરિકાના એક પત્રે (ન્યૂ યૉર્ક હેરલ્ડે) તો આ પ્રવચનોથી પ્રભાવિત થઇને લખ્યું કે ભારત જેવા જ્ઞાનસંપન્ન દેશમાં પાદરીઓને ધર્મલાભ આપવા મોકલવા એ મૂર્ખાઈ છે. વિવેકાનંદે ધર્મના રૂઢ ચીલાઓમાંથી બહાર નીકળીને ભારતના દરિદ્રનારાયણની સેવાનો તથા પ્રજાને સ્વાશ્રયી અને ખડતલ બનવાનો આદેશ આપ્યો અને પોતાની ટૂંકી જીવનયાત્રામાં પણ સમસ્ત ભારતમાં ધર્મજાગ્રતિ આણવાનું પ્રચંડ કાર્ય કર્યું તેમ જ યુરોપના દેશોમાં પણ ભારતની ધાર્મિકતા ને સંસ્કૃતિનો કીર્તિધ્વજ ફરકાવ્યો. એમના જીવનકાર્યની પ્રબળ અસર ગાંધીજી ઉપર પણ પડી.

શ્રીમન્નૃસિંહાચાર્ય (૧૮૪૮–૧૮૯૮) અને શ્રી વિશ્વવંદ્ય (૧૮૬૨–૧૯૧૨)

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં ધર્મ વિષે જુદાજુદા દૃષ્ટિકોણથી જોનારા વિવિધ સમાજો—આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, થીઑસૉફી—સ્થપાયાં હતાં. વડોદરામાં શ્રીમન્નૃસિંહાચાર્યે એવા જ પ્રયોજનસર 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ની સ્થાપના કરી. વેદ ઉપનિષદનાં રહસ્યો, યોગવિદ્યાનો મર્મ, અધ્યાત્મવિદ્યાનો મહિમા ઇત્યાદિ સરળ સુબોધક શૈલીમાં સમજાવીને તેમણે અનેક જિજ્ઞાસુઓને આકર્ષ્યા. એમનાં વ્યાખ્યાનોમાં બૌદ્ધિકતા જોઇને શિક્ષિત વર્ગ પણ એમના મંડળ પ્રતિ આકર્ષાયો. એમનાં વ્યાખ્યાનોમાં અને લખાણોમાં સંસારમાં વસીને પણ આત્મોન્નતિ કરવાની ચાવી મળે છે હિંદુ ધર્મ–તત્ત્વજ્ઞાન તેમની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. હિંદુ ધર્મ પ્રત્યેની ઉપેક્ષા દૂર થાય અને એના પ્રતિ અભિમુખતા કેળવાય તે માટેની તેમની મુખ્ય પ્રવૃત્તિ છે. તેમનું વલણ સંરક્ષણવાદીનું છે. આક્રમક બન્યા સિવાય તે સ્વધર્મનું સંરક્ષણ કરવા ઉત્સાહથી મથે છે. તેમના મુખ્ય ધર્મપત્ર 'મહાકાલ'માં તેમની ધર્મશ્રદ્ધાનો રણકો છે સાધકોને માર્ગદર્શનમાં સહાયક થવાની તેમની વૃત્તિ છે. 'ભામિની ભૂષણ'ના પાંચ ખંડમાં તેમણે સ્ત્રીઓની ઉન્નતિના પ્રશ્નો વિવિધ પાત્રો વચ્ચેના વાર્તાલાપ દ્વારા ચર્ચ્યા છે. લેખકનો હેતુ કોઈ કલાકૃતિ નિર્માણ કરવાનો નહિ, પણ સમાજમાં સદાચાર ને શિષ્ટતા પ્રસરે, ધર્મજાગ્રતિ આવે તે છે. ભીવર્ગને સદ્કાર્યમાં પ્રેરનારા શિષ્ટ સાહિત્યનો નમૂનો આ પુસ્તકમાં મળે છે. એમનાં અન્ય પુસ્તકોમાં 'શ્રી સિદ્ધાંત સિંધુ' (૧૮૮૫), શ્રી નૃસિંહવાણી વિલાસ (૧૮૮૦) વગેરેનો સમાવેશ થાય છે.



છોટાલાલ જીવનલાલ માસ્તર–'વિશ્વવંદ્ય'

શ્રીમન્નૃસિંહાચાર્યનું ધર્મજાગ્રતિનું કાર્ય તેમના પરમ શિષ્ય શ્રી છોટાલાલ જીવનલાલ માસ્તરે રૂડીપેરે આગળ વધાર્યું. આચાર્યે તેમને 'વિશ્વવંદ્ય'નું બિરુદ આપ્યું હતું. એ વ્યવસાયે શિક્ષક હોઇને 'માસ્તર સાહેબ'નામથી પ્રસિદ્ધ હતા તેમણે 'મહાકાલ'.'પ્રાત:કાલ' જેવાં ધર્મલક્ષી સામયિકોમાં લેખો–વાર્તાઓ લખીને શિક્ષિતવર્ગને સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ બનાવવામાં સ્મરણીય ફાળો આપ્યો 'વિશ્વવંદ્ય કિરણાવલિ'ના બે ખંડો (૧૯૧૨)માં તેમના ધર્મ, આરોગ્ય, સામાજિક વ્યવહાર ઇત્યાદિ વિષેના લેખો ઉપરાંત 'મંગલ પ્રેરિત સંદેશા' નામની એક રંગતરંગ દર્શાવતી લાંબી નવલિકાનો પણ સમાવેશ થાય છે.

એમની અદ્‌ભુતરસિક 'યોગિનીકુમારી' નવલકથા (ઈ. ૧૯૧૫) યોગવિદ્યા અને એવી બીજી અધ્યાત્મશક્તિના મહિમા પ્રકટ કરતી મણિલાલની આ પ્રકારની 'ગુલાબસિંહ' નવલકથાનું સ્મરણ કરાવે છે. એ નવલકથામાં સ્ત્રી-સન્માન, સ્ત્રી ઉન્નતિ ઇત્યાદિ અનેક પ્રશ્નો લેખકે ગૂંથી લીધા છે. કૃતિ તત્ત્વચિંતનયુક્ત છે. લેખકના ગદ્યમાં એક પ્રકારની સરળતા અને ચારુતા છે. 'યોગિનીકુમારી' નવલકથામાંથી એક નમૂનારૂપ પરિચ્છેદ અહીં ઉતાર્યો છે. યોગિની અને એના પતિ વચ્ચે સ્ત્રી-સ્વાતંત્ર્ય વિષે રસિક સંવાદ ચાલે છે. પતિ યોગિની સમક્ષ એકરાર કરતાં કહે છે: 'અમારા જમણા પગમાં રુધિર વીજળીના વેગથી દોડે છે, અને અમારો ડાબો પગ જુઓ તો પક્ષઘાતથી રહી ગયો છે. અમે એક પગે લંગરખાનની પેઠે મોટામોટા કૂદકા ભરવા જઇએ છીએ, પણ અમારાં પક્ષઘાતથી પીડાતા ડાબા પગને લીધે અમે પછડાઈને જ્યાના ત્યાં પડયા રહ્યા છીએ. અમે જે ભૂમિકામાં છીએ તે ભૂમિકામાં જ્યાં સુધી તમે આવશો નહિ અથવા અમે તમને લઈ જઈશું નહિ, ત્યા સુધી દેશનો ઉદય કરવાના અમારા સઘળા પ્રયત્નો ધુમાડામાં બાચકા ભરવા જેવા છે, એ સિદ્ધાંત, પ્રિય દેવી, 'હું સારી રીતે સમજું છું, અને તેથી જ પુરુષે પોતાની ધર્મપત્નીના શારીરિક લગ્નમાં લગ્નની સમાપ્તિ ન સ્વીકારવાં, માનસ લગ્ન અને આધ્યાત્મિક લગ્નમા આગળ વધવું જોઈએ ' 'શ્રી છોટાલાલ જીવનલાલ'—લે ચુનીલાલ જયરાજ ઓઝા, આવૃત્તિની સાલ ૧૯૬૩, પૃ. ૨૧૪–૨૧૫)

(અનુસંધાન સામે પાને છે)



કલાવાર્તા

કલાવ્યાસંગી ભરત માલી

'કુમાર'ના સપ્ટેમ્બર માસના અંકની 'કલાવાર્તા'માં ભાવનગરના 'આકાર' મંડળના એક કલાકાર ભરત માલીનું 'સત્યનારાયણ રોડ' નામનું ચિત્ર આપવા સાથે એમના વિષે જણાવેલું કે તેઓ કાગળકટાઈ અને ફોટોગ્રાફીમાં પણ કુશળ છે. આ અંકના પૂઠા પરનો ફોટોગ્રાફ તથા અહીં આ સાથે આપેલો કાગળકટાઇનો એક નમૂનો એમની કલાશક્તિનાં એ પાસાંનો ખયાલ આપે છે.

ભાઈ ભરતનો જન્મ ભાવનગરમાં ઈ. ૧૯૫૧માં થએલો. આકાર મંડળના જ એક સભ્ય કલાકાર શ્રી વનરાજ માલીના એ પુત્ર છે. એસ.એસ સી. સુધીનો અભ્યાસ કરવા સાથે એમણે, હાલ રાજકોટમાં સંગીત વિદ્યાલય ચલાવી રહેલા અને ત્યાંના જાણીતા સંગીતકલાકાર શ્રી અમુભાઈ દોશી પાસે અને તે પછી સુખ્યાત સરોદવાદક સ્વ. દામોદરલાલજી કાબરા પાસે સરોદવાદનની અચ્છી તાલીમ લીધી છે. આરંભમાં બંસરી, પછી સિતાર ને ગિટાર ને અંતે નિજાનંદ ખાતર સરોદવાદનને અપનાવ્યું છે. આ વિષયમાં તેમણે ડિપ્લોમા પણ મેળવ્યો છે. આમ, ચિત્રકળા, કાગળકટાઈ, ફોટોગ્રાફી અને સરોદવાદનમાં તેમણે કૌશલ મેળવ્યું છે.

ચિત્રકામનો આરંભ તો એમણે બચપણથી જ કરેલો ને તેમાં વિવિધ માધ્યમો ને શૈલીઓ પર હાથ અજમાવતા રહ્યા છે. પક્ષીઓ અને દૃશ્યચિત્રો એ ચિત્રકામમાં એમને ગમતા વિષયો છે. ચિત્રકાર્યને એમણે વ્યાવસાયિક રૂપે અપનાવ્યું છે. છેલ્લાં પંદરેક વર્ષથી એમને કાગળકટાઇનું પણ આકર્ષણ લાગ્યું છે અને સ્વપ્રયત્ને તેમાં પણ જે સિદ્ધિ મેળવી છે તે આ સાથેની એમની એક કૃતિ 'નાગદમન'ની નજાકતભરી કટાઈમાં જોવા મળે છે. રોજિંદા જીવનના વિષયો, ઉત્સવો, પૌરાણિક કથાનકો, દેવદેવીઓ ને ધાર્મિક વાર્તાઓ પરથી વિષય લઇને એમણે એને કાગળકટાઈમાં ઉતાર્યા છે, જેમાના કેટલાક નમૂનાઓ દેશ તેમજ વિદેશમાં વેચાઈ પણ ગયા છે.

પાંચેક વર્ષથી એમણે ફોટોગ્રાફીમાં પણ રસ લેવા માંડયો છે અને એ કસબ પણ શીખી લઇને તેની આરંભથી છેવટ સુધીની ડેવલપિંગ, પ્રિન્ટિંગ, એન્લાર્જિંગ વગેરે બધા ક્રિયા-પ્રક્રિયાઓ પણ જાતે કરતા થઈ ગયા છે.

પક્ષીઓ, પુષ્પો, પ્રાકૃતિક સૌંદર્ય ને લોકોમાં રસ ધરાવતા આ યુવાન કલાકારે પોતાના કલાવ્યાસંગને જુદીજુદી દિશામા વિસ્તારી, તેમાં કૌશલ પ્રાપ્ત કરી તેના આધારે જ જીવન વિતાવવાનો માર્ગ અપનાવ્યો છે.

ગયા માસમાં અમદાવાદમાં 'એલ. ઍન્ડ પી. હઠીસિંગ આર્ટ સેન્ટર'માં એમણે પોતાનાં ફોટોચિત્રો અને કાગળકટાઈની કૃતિઓનું એક પ્રદર્શન યોજ્યું હતું. આ પ્રસંગે એમણે પોતાના સરોદવાદનની રસલહાણ પીરસીને પોતાની વૈવિધ્યભરી કલાક્ષમતાનો પરિચય પણ કરાવ્યો હતો □

શ્રીમન્ નથુરામ શર્મા

(૧૮૫૮–૧૯૩૦)

સૌરાષ્ટ્રમાં આ સમયે શ્રીમન્ નથુરામ શર્માએ પોતાના ઉજ્જવલ અને સાત્ત્વિક ચારિત્ર્યથી વિશાળ જનસમુદાયમાં ધર્મશ્રદ્ધા દૃઢમૂલ કરવાની કામગીરી બજાવી હતી. ધર્મ સાથે તેમણે સાંસારિક વ્યવહારનો સુયોગ દર્શાવીને પ્રજાને પોતાનાં વ્યાખ્યાનો દ્વારા નીતિ અને સદાચારને માર્ગે દોરવાનું પુણ્યકાર્ય બજાવ્યું. તેમનું 'સ્વાભાવિક ધર્મ' (૧૮૭૯) નામનું પુસ્તક તેમણે 'એક ધર્મસંશોધક' સંજ્ઞાથી લખ્યુ હતું. એમના ધર્મજીવનનું એ પ્રથમ પુસ્તક હતું. એ પછી તેમણે અનેક પુસ્તકો રચ્યાં તેમા 'શ્રી વેદાંતનાં મૂલ તત્ત્વો' (૧૯૨૫) નોંધપાત્ર છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



નવેમ્બર ૧૯૫૪ · સળંગ અંક ૩૭૧

એ કાળે ચાલતી શ્રી પ્રબોધ જોષીની નર્મ-કથાઓમાંની એક 'પ્રગતિ':

અમદાવાદ તા. ૧-૧-'૪૭

પ્રતિ, શ્રીમાન રમણલાલ શેઠ,
શાહ ઍન્ડ કંપની, અમદાવાદ.
મહેરબાન શેઠ સાહેબ,

આપની મિલસ્ટોર્સની પેઢીમાં એક કારકુનની જગ્યા ખાલી છે માનીને હું ઉમેદવાર તરીકે અરજ ગુજારવાની આ નમ્ર તક લઉં છું. હું મુંબાઈ યુનિવર્સિટીનો ગ્રૅજ્યુએટ છું. મૅટ્રિકમાં મારા વિષયો ગુજરાતી, સંસ્કૃત અને ફીઝિક્સ-કૅમિસ્ટ્રી હતા અને હું ૪૧૫ માર્ક સાથે પાસ થયો હતો. મૅટ્રિકમાં મને ગણિત અને વિજ્ઞાનમાં ડિસ્ટિંક્શન મળ્યું હતું. મૅટ્રિક થયા પછી હું આર્ટ્સમાં દાખલ થયો હતો. પ્રીવિયસમાં સેકન્ડ ક્લાસમાં પાસ થયા બાદ મેં ઈન્ટરની પરીક્ષા ગુજરાતી-સંસ્કૃત અને લૉજિક સાથે પસાર કરી છે. મારા માર્ક ૪૩ ટકા હતા. મેં બી.એ.ની પરીક્ષા ગુજરાતી અને હિસ્ટરી વિષયો સાથે આપી છે. મારા બી.એ.માં ૪૨ ટકા માર્ક હતા. હું અમદાવાદના એક ખાનદાન વણિક કુટુંબનો માણસ છું. અમારા કુટુંબનો આધાર મારા ઉપર છે. આપ જો મને નોકરી આપશો તો મારું કુટુંબ અને હું આપના જીવનભર ઋણી રહીશું. મારા કામથી આપને ખુશ કરવા મારાથી બનતું બધું કરીશ. ગમે તે પગાર મળશે તો મને વાંધો નથી. આપના તરફથી ફેવરેબલ જવાબની આશામાં,

આપનો નમ્ર સેવક રમેશચંદ્ર પારેખ

અમદાવાદ તા. ૧૩-૬-'૪૮

મહેરબાન રમણલાલ શેઠ,

આપ સુખરૂપ મહાબળેશ્વર પહોંચી ગયા હશો. બહેન અને સંતાનોને મુસાફરીમાં તકલીફ નહિ પડી હોય.

આપ જતી વખતે મને સીનિયર ક્લાર્કનો હોદ્દો આપી મારો મૂળ પગાર ૮૫નો વધારી ૧૧૦ કર્યો છે તે બદલ આપનો આભારી છું.

આપને મેં જણાવેલું કે બીજા કારકુનો બરાબર કામ નથી કરતા માટે નવા સારા રાખવા જોઈએ, અને આપે તે અંગે સંમતિ આપેલી. એટલે આપણે ત્યાં ધોળા હાથી જેવા જે ત્રણ કારકુન હતા તેમને પહેલીથી છૂટા કરીએ છીએ ને તેમને બદલે ભરોસાના નવા રાખીએ છીએ. એ ત્રણેને હું ઓળખું છું. તેઓ પ્રામાણિક ને ખંતીલા છે. તેમની ભલામણ કરું છું.

આ અંગે આપ મૅનેજર સાહેબને લખશો.

આપના બંગલે રોજ જતો રહું છું. માળીને બે મહિના માટે રજા આપી છે—ખોટો પગાર ચડે નહિ તે માટે. મારે લાયક કામકાજ લખશો. શેઠાણી અને ભાઈબહેનોને નમસ્કાર.

લિ. આજ્ઞાંકિત

રમેશચંદ્ર પારેખના માનપૂર્વક સલામ

અમદાવાદ તા. ૧૨-૧-'૪૯

રા. રા. શ્રી રમણલાલ શેઠ,

આપ, શેઠાણી સુધાબહેન ને નરેન્દ્રભાઈ તથા લીનાબહેન સુખરૂપ કાશ્મીર પહોંચી ગયાં હશો. પઠાણકોટ પછીની મુસાફરીમાં મઝા આવી હશે. આપ ઑફિસની ચિંતા કરશો નહિ. આપે જણાવ્યા મુજબ મેં પહેલીથી ઍકાઉન્ટન્ટનો હોદ્દો સંભાળી લીધો છે. સીનિયર ક્લાર્ક તરીકે હવે ગયા વર્ષે રાખેલા ત્રણમાંથી મારા ખાસ ભલામણવાળા ચીમનલાલને રાખ્યો છે ને એક નવો કારકુન વધાર્યો છે.

ઍકાઉન્ટન્ટ તરીકેના બાર દિવસના અનુભવ પછી લાગ્યું કે આસિસ્ટન્ટ ઍકાઉન્ટન્ટ કામચોર છે માટે તેને પહેલીથી છૂટો કરી મારો એક ઓળખીતો બી. કૉમ. છે તેને રાખીએ છીએ તે જાણશો. હમણાં બિઝનેસ ધમધોકાર ચાલે છે.

કામકાજ લખશો. બંગલે રોજ જાઉં છું. ડ્રાઈવરને રજા જોઈતી હતી તે આપી છે: પગાર વગર આપી છે. ગાડી ફરતી રહે અને બૅટરી વીક ન થાય તે માટે ફેરવવાનો બંદોબસ્ત કર્યો છે.

મુ. સુધાબહેન, નરેન્દ્રભાઈ અને લીનાબહેનને નમસ્કાર. એ જ લિ. સેવક

રમેશચંદ્ર પારેખના નમસ્કાર

અમદાવાદ તા. ૧૦-૬-'૫૦

શ્રી રમણલાલ શેઠ,

આપ, સુધાબહેન, નરેન્દ્રભાઈ અને લીના આબુ પહોંચ્યાં તે જાણ્યું. મઝા આવતી હશે. ઑફિસની ચિંતા કરતા નહિ. સેલ્સમનો મિલમાં બરાબર જતા નહિ હોવાથી આપણી પેઢીના ચીફ સેલ્સમૅન તરીકેનો હોદ્દો મેં સંભાળી લીધો છે. બીજા બે સેલ્સમેનને છૂટા કરી મારા બે ઓળખીતા બીજી મોટી ફર્મમાં હતા તેમને રાખ્યા છે.

ઍકાઉન્ટન્ટ તરીકે મારા આસિસ્ટન્ટને નીમ્યો છે. નવો પણ એક રાખ્યો છે. ધંધો હમણાં સારો છે. આપ ચિંતા કરશો નહિ. હું આપના ઘરનો માણસ હોઉં તેમ ચિંતા રાખું છું એમ જણાવી આપ મને શરમમાં નાખો છો. આપે જતાં મૅનેજરને કરેલી ભલામણ મુજબ પહેલીથી મારો પગાર ચારસો થયો એ બદલ આપ સાહેબનો આભારી છું.

બંગલે રોજ સૂવા જાઉં છું. સુધાબહેનને કહેજો કે બંગલાની ચિંતા કરે નહિ. નરેન્દ્રભાઈ તથા લીનાને મારી યાદ. કામકાજ લખશો. આબુમાં નિરાંતે રહેશો. એ જ.

લિ. રમેશચંદ્ર પારેખના નમસ્તે

અમદાવાદ. તા. ૫-૫-૫૧

શ્રી રમણલાલ,

આપ, સુધાબહેન, નરેન્દ્ર અને લીના મસૂરી પહોંચ્યાં તે જાણ્યું. મૅનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યા પછી ટાઈમ ઓછો રહે છે. ચીફ સેલ્સમૅન તરીકે મારા માણસને મૂક્યો છે. તેને તાલીમ આપું છું. બધું બરાબર ચાલે છે. ધંધો વધશે. ચિંતા ન કરશો. આપ મસૂરી બહુ રહેશો નહિ. અહીં મારો બહુ ટાઈમ પેઢીમાં ધ્યાન આપવામાં જાય છે.

સુધાબહેન, નરેન્દ્ર અને લીનાને મારી યાદ. કામકાજ લખજો. ઑફિસમાં નવું ફર્નિચર કરાવ્યું છે. થોડો સ્ટાફ પણ બદલ્યો છે. બીજી નવાજૂની નથી. હાલ એ જ. લિ.

રમેશચંદ્ર પારેખ

અમદાવાદ તા. ૪-૬-'૫૩

પ્રિય રમણભાઈ,

તમે બૅંગલોરમાં આરામ કરો છો તે જાણ્યું. તમે મને ભાગીદાર તરીકે લીધા પછી તરત જ તમે ગયા હોવાથી મારે ધ્યાન વધારે રાખવું પડે છે. ત્યાંથી તમે ક્યારે આવો છો? મેં નવું બિઝનેસ વધાર્યું છે. હવે તમે પણ થોડું ધ્યાન આપો તો સારું.

સૌ. સુધાભાભી, ચિ. નરેન્દ્ર, લીના મઝામાં હશે. તમારા બંગલે હમણાં જવાતું નથી. હવે જલદી આવશો.

લિ. રમેશનાં વંદન

અમદાવાદ તા. ૧૦-૬-'૫૩

પ્રિય રમણભાઈ,

તમે માથેરાન ગયા છો ત્યાંથી મહિના પછી આવશો તે ઠીક નથી. સાતેક દિવસમાં આવી પહોંચો. આપણી પેઢીનું નામ શાહ, પારેખ ઍન્ડ કંપની તરીકે બધી મિલોમાં રજિસ્ટર કરાવ્યું છે. તમારા તરફથી મિલોમાંથી બિઝનેસ ઓછું આવે છે, માટે હવે ધંધામાં ધ્યાન આપો અને ફરવાનું બંધ કરો તો સારું.

સુધાભાભી, નરેન્દ્ર, લીના તો આગ્રહ કરે, પણ તમે જલદી આવો તો સારું. પછી મારે દિલ્હી જવું છે. ઑફિસમાં કોઈ જોઈએને?

બીજી નવાજૂની નથી. તમે આવો પછી થોડી વાતચીત કરી લઈએ. ધંધામાં ચોખવટ કરી લેવી સારી. બધાને આશીર્વાદ.

લિ. રમેશચંદ્રના યથાયોગ્ય

જાહેર નોટીસ

આથી સર્વે લાગતાવળગતાને જણાવવાનું કે તા. ૧-૭-૫૪થી શાહ, પારેખ ઍન્ડ કંપની માત્ર પારેખ ઍન્ડ કંપની તરીકે ઓળખાશે અને તેમાંથી રમણલાલ શાહ ભાગીદાર તરીકે છૂટા થાય છે. હવે એ કંપની માત્ર રમેશચંદ્ર પારેખની માલિકીની રહેશે. આથી રમણલાલ શાહ જોડે કોઇએ પણ પેઢીના નામે લેવડદેવડ કરવી નહિ. જો કોઈ કરશે તો તેને માટે અમે જવાબદાર નથી. તા. ૧૭-૬'૫૪

રમેશચંદ્ર પારેખ, માલિક, પારેખ ઍન્ડ કંપની.

નોટીસ


એવું જોવામાં આવ્યું છે કે કેટલીક પેઢીઓના માણસ ધીમેધીમે કળા શીખી પછી પેઢીને હાનિકર્તા નીવડે છે. માટે પારેખ ઍન્ડ કંપનીના નીચેના સ્ટાફને પહેલી ઑગસ્ટથી છૂટા કરવામાં આવે છે: મૅનેજર, ઍકાઉન્ટન્ટ, ચીફ સેલ્સમૅન ને સીનિયર ક્લાર્ક. તેઓએ પહેલી ઑગસ્ટે નોટીસનો પગાર લઈ લેવો.

લિ. શેઠ રમેશચંદ્ર
માલિક, પારેખ ઍન્ડ કંપની

શતરંજ : કૉમ્બિનેશન્સ .... સુરેશ મોદી

અહીં આપેલી આકૃતિમાં સફેદ પાસે બે પ્યાદાં ઓછાં છે; અને તે હારે એવી સ્થિતિ લાગે છે. તેમાં વળી સમયનું પણ દબાણ હતું. તે ચાલે છે: 1 Q-K3 ? હવે કાળો 1..., R-QR1Q રમીને તેણે 2..., R-R8ની ધમકી આપી રમત સહેલાઈથી જીતે છે.

ગેલર



ટાયમનૉવ

હવે આપણે આ સ્થિતિમાં સફેદ હારમાંથી બચીને કેવી રીતે રમત ડ્રૉ કરી શક્યા હોત. તે જોઈએ. 1 R×R!

હાથી મારીને 2 Q-R8થી મ્હાતની ધમકી આપે છે. આથી કાળાએ હાથી મારવો પડે છે. પણ બન્ને પક્ષે એક એક હાથી ઓછા થવાથી બે પ્યાદાં વધુ છે તેને જ લાભ થાય એ સ્વાભાવિક વાત છે. તો અહીં સફેદ આ ચાલથી શું મેળવે છે?

1..., K×R; 2 R-N3ch. સફેદ હવે હાથીનો ભોગ આપે છે, જે કાળાએ સ્વીકારવો જ પડે છે. કારણ 2..., K-R2?? 3 Q-N7 mate. 2..., K-B!?; 3 Q-Q6cb, Q-K2(3..., K-K1; 4 R-N8mate); 4 R-N8ch, K×R; 5 Q×Q અને હવે સફેદ પાસે હાથીના બદલામાં વજીર હોવાથી એ જીતે છે.

2..., Q×R; 3 Q-N8ch, K-R2; 4 Q-R8cb, K×Q stapemate. અહીં 3..., K-N2. રમાય અને 4 Q-N8ch પછી કાળો રાજા વજીરને મારે તો ઉપર પ્રમાણે stapemate થાય અને વજીરને ન મારે તો સફેદ કાળા વજીરને મારીને જીતે.

મહા ઉસ્તાદ ટાયમનૉવ ૧૯૭૧ની કૅન્ડિડેટ ટુર્નામેન્ટમાં રમી ચુક્યા છે અને કેટલા સખળ ખેલાડી છે તે વાચકોને ખ્યાલ હશે. તેઓ આ કૉમ્બિનેશનથી ડ્રૉ મેળવવાનું ચૂકી જઇને રમત હાર્યા હતા. ટુર્નામેન્ટમાં સમયના અભાવ અને બીજા દબાણને લીધે આવું ઘણી વાર બને છે.



ટિકિટ-સંગ્રહ



આ વર્ષની નાતાલ નિમિત્તની બ્રિટનની આ પાંચ બહુરંગી ખાસ ટિકિટોનો ચિત્રવિષય છે ઈસુ ખ્રિસ્તનો જન્મપ્રસંગ. એના ચિત્રકાર છે ફ્રિટ્ઝ વેગનર. આ અગાઉ પણ એમણે પાંચેક વાર બ્રિટનની આવી ખાસ ટપાલટિકિટો માટે ડિઝાઈન કરેલાં છે. આ વખતે એમણે ૮ પેન્સની ટિકિટ પર ઈસુના જન્મ વખતે આકાશમાં દેખાએલા નવા તારાને અનુસરીને ઈસુના દર્શનાર્થે જઈ રહેલા ત્રણ રાજવીઓ આલેખ્યા છે. બીજી ૧૦ પેન્સની ટિકિટમાં ઈસુના અરવાડ માતાપિતા સમક્ષ ઉપસ્થિત થતા દેવદૂતનું; ત્રીજી ૧૧½ પે.ની ટિકિટમાં ગમાણમાં જન્મેલા ઈસુનું; ૧૩ પે.ની ટિકિટમાં બેથલેહામ જઈ રહેલાં જૉસેફ અને મેરીનું તથા છેલ્લી ૧૫ પે.ની ટિકિટમાં ઈસુના ઈશ્વરી અવતારની જાહેરાત કરતા દેવદૂતનું આલેખન છે. નવેમ્બરની ૧૧મી તારીખે આ ટિકિટો બહાર પડી છે. તેમાં ૧૧½ પે.ની કિંમતની ટિકિટ આ વખતે પહેલી જ વાર ઉમેરાઈ છે.

(પ્રેષક - રમણિકલાલ સોલંકી, લંડન)

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

સમભાવ : સન્નિષ્ઠ અધ્યાપક ને વિવેચક શ્રી ચંદ્રશંકર ભટ્ટના આ બીજા વિવેચનસંગ્રહમાં અર્વાચીન યુગનાં સર્જન-સર્જકો પરના જે ૧૪ વિવેચનલેખો અપાયા છે તેમાં છતો થતો ગ્રંથનામનો સમભાવ આ વિવેચકની રસાર્દ્રતાનો દ્યોતક છે. પ્રથમ લેખમાં લૉન્જાઈનસની ઉદાત્ત તત્ત્વ વિષેની વિભાવનાને પણ જહેમતપૂર્વક સ્પષ્ટ કરવામાં આવી છે. આખો સંગ્રહ લેખકની અભ્યાસનિષ્ઠા અને સૂઝ-સજ્જતાનો સમ્યક્ ખયાલ આપી રહે છે.

અનુષંગ : શ્રી જયન્ત કોઠારીના આ વિવેચન-સંગ્રહમાં સિદ્ધાંત સ્વરૂપ ચર્ચા કરતા ત્રણ લેખો છે ને ત્રણ અભ્યાસલેખો છે, તો ગ્રંથનો અર્ધોધિક ભાગ અન્ય પુસ્તકોની નીડર અને અભ્યાસયુક્ત લઘુ આલોચનાઓનો છે. (કાચું પૂઠું, પૃ. ૨૬૮, રૂ. ૧૮.)

મૃગાવતી ચરિત્ર ચૌપાઈ : આપણા મધ્યકાલીન સાહિત્યના ક્ષેત્રમાં જે ગણ્યાગાંઠ્યા વિદ્વાનો–અધ્યાપકો કાર્યરત છે તેમાંના બે ડૉ. રમણલાલ ચી. શાહ અને અગરચંદ નાહટાનું આ સંપાદન એ કાળના સાહિત્યને સાચા અર્થમાં અર્ધ્યરૂપ હોઈ આવકાર્ય છે. કવિ સમયસુંદર વિરચિત મૃગાવતીચરિત્ર ચૌપઈની હસ્તપ્રતોને આધારે આ કૃતિ પ્રથમ વાર પ્રકાશિત થાય છે ત્યારે એ કાળના પ્રકટ સાહિત્યમાં એક મહત્ત્વનો ઉમેરો થાય છે, જે તે ક્ષેત્રના વિદ્વાનો અને રસિક ભાવકોને આવકાર્ય જણાયા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૧૦૯, રૂ. ૧૧.)

કુરુક્ષેત્રને પંથે : 'મહાભારત'ના મહાયુદ્ધને વિષયભૂત કરતી શ્રી દક્ષિણકુમાર જોશીની નવલકથાશ્રેણીમાં આ પાંચમો ખંડ પ્રકટ થાય છે તેમાં કૃષ્ણની જીવનલીલાના અંતિમ દિવસો ને પાંડવોની અંતિમ હિમાલયયાત્રાના પ્રસંગો સુધીની કથા રસિક રીતે ગૂંથી લેવાઈ છે. (પાકું પૂઠું, પૃ. ૩૮૨, રૂ. ૧૯.)

દર્દીલું ઝરણું : વિદેશનિવાસી કવિ ડાહ્યાભાઈ પટેલના આ ચોથા કાવ્યસંગ્રહમાં પ્રણયને વિષયભૂત કરતી ૧૦૦થી પણ વધુ ગીત-ગઝલ રચનાઓ આપવામાં આવી છે, જેમાં કવિકર્મની સફાઈ કરતાં કલ્પના અને ભાવાવેગની તીવ્ર માત્રા વધુ ધ્યાન ખેંચે છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧૧.)

શબ્દકથા : જાવળી · કાંજી

શબ્દકોશોમાં જાવળી (પ્રાદેશિક જાવરી)નો 'તાવમાં માંદાને માટેનું હલકું–પચવામાં સહેલું–દાળભાતનું ખાણું' એવો અર્થ આપ્યો છે. જાવળું (કે જાવરું) એવો પ્રયોગ પણ છે.

સંસ્કૃતમાં यवागू નો 'ચોખા વગેરેની કાંજી'—'છ ગણા પાણીમાં પકાવીને નરમ બનાવેલું અનાજ' એવો અર્થ છે. પછી પાલિમાં यागु અને પ્રાકૃતમાં जाउ એવા રૂપે તે મળે છે. બંગાળી તથા ઉડિયામાં जाउ શબ્દ જળવાયો છે.

ल પ્રત્યયથી વિસ્તાર પામેલું સ્વરૂપ આપણને પાછળના સંસ્કૃત કોશોમાં આપેલા यवागुली માં, અને કુમાઉની जउलो 'કાંજી', નેપાળી जाउलो 'ભાતનો છૂંદો, હિંદી जाउर 'ખીર', ગુજરાતી જાવલું, જાવળી એ શબ્દોમાં મળે છે.

કાંજી માટેના कांजिक, कांजी, कांजिका એ સંસ્કૃત શબ્દરૂપોનું મૂળ દ્રાવિડી ભાષામાં છે. આ ઉપરાંત પ્રાકૃતમાં દેશ્ય શબ્દ તરીકે કાંજીના અર્થનો એક आरणाल શબ્દ નોંધાયો છે, જેનું મૂળ અસ્પષ્ટ છે.

જૈન પ્રબંધોમાં આપેલા પાદલિપ્તસૂરિના ચરિત્રમાં એવો એક પ્રસંગ છે કે પાદલિપ્ત ગુરુના આદેશથી ભિક્ષા વહોરીને આવ્યા પછી તે અંગે ગુરુને નિવેદન કરતાં નીચેની ગાથા કહે છે :

અંબં તંબચ્છીએ અપુપ્ફિયં પુપ્ફ–દંત–પંતીએ ।
નવ–સાલિ–કંજિયં નવ–વહૂએ કુડએણ મે દિન્નં ॥

એટલે કે 'રતૂમડી આંખો અને કુસુમકળી સમ દંત પંક્તિવાળી નવવધૂએ નવા ચોખાની, ખટાશયુક્ત અને ગાંઠા પડ્યા વિનાની કાંજી શકોરા વતી મને આપી.'

ગુરુએ સ્ત્રીના દેહસૌંદર્યનું વર્ણન કરવા માટે શિષ્યને ઠપકો દીધો. ચરિત્રકારનો આશય તો પાદલિપ્તમાં નાની વયથી કાવ્યસર્જનની અદમ્ય વૃત્તિ હતી એ બતાવવાનો હોય એ દેખીતું છે.

—હરિવલ્લભ ભાયાણી

કાગવાણી : કવિ દુલા ભાયા કાગની કાવ્યકૃતિઓના આ બીજા ભાગનું સંપાદન કવિના અને કવિતાના ચાહકોને જરૂર ગમશે. (પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૯.)

કારાણી કાવ્યકુંજ ભાગ ૫ : કચ્છી કવિ શ્રી દુલેરાય કારાણીની કચ્છી કાવ્ય રચનાઓનો 'કચ્છી વાણી : કચ્છી પાણી' શીર્ષકથી પ્રકટ થતો સંગ્રહ કવિની ભાવોત્કટતા, ભાષાપ્રભુત્વ ને ત્યાંની સંસ્કૃતિની ફોરમથી ધ્યાનાર્હ બને છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૭–૫૦.)

આવકાર

આર. આર. શેઠની કંપની
અમદાવાદ-૧ અને મુંબઈ-૨

વમળ (પુનર્મુદ્રણ) : લે. વિ. સ. ખાંડેકર. પૃ. ૨૪૮, પાકું પૂઠું, રૂ. ૧૬.

પ્રેમતૃષ્ણા (પુનર્મુદ્રણ) : લે. વિ. સ. ખાંડેકર. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૧૩–૫૦.

સેતુબંધ (પુનર્મુદ્રણ) : લે. ઇશ્વર પેટલીકર. પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૨૦.

આ ભવની ઓળખ (પુનર્મુદ્રણ) : લે. વિઠ્ઠલ પંડ્યા. પૃ. ૩૮૪, પાકું, રૂ. ૨૪–૫૦.

નગરી બોલે છે (પુનર્મુદ્રણ) : લે. સારંગ બારોટ. પૃ. ૪૧૬, પાકું પૂઠું, રૂ. ૨૬.

ઈશાવાસ્યમ્ : લે. વિષ્ણુ પંડ્યા. પૃ. ૨૭૧, પાકું પૂઠું, રૂ. ૨૨–૫૦.

અન્ય પ્રકાશકોનાં

વ્યાયામ વિજ્ઞાનકોષ ભાગ ૧ : લે. શંભુપ્રસાદ ભટ્ટ અને ભાસ્કરપ્રસાદ ભટ્ટ. પ્ર૦ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા. પૃ. ૫૫૨, પાકું પૂઠું, રૂ. ૩૪.

વ્યાયામ વિજ્ઞાન કોષ ભાગ ૨ : લે. ચીનુભાઈ પુ. શાહ અને અનિલકુમાર શાહ. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૩૧૨, પાકું, રૂ. ૨૧–૫૦.

પલાસવન : લે. દિનેશ અંતાણી. પ્ર૦ લોકપ્રિય પ્રકાશન મુંબઈ-૨. પૃ. ૨૫૦, પાકું, રૂ. ૧૬.

વરાળ : લે. રામચંદ્ર પટેલ, પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૧૪–૫૦.

ઊંડા કૂવા ને ટૂંકાં દોરડાં : લે. વજ માતરી. પ્ર૦ સાહિત્ય સંગમ, બાબા સાહી,

ગોપીપુરા, સુરત. પૃ. ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

અક્ષરની આરાધના : લે. ડૉ. બિપિન ઝવેરી, પ્ર૦ પોતે, રૈકડ શેરી, ભાયાવદર, પૃ. ૧૫૧, પાકું, રૂ. ૧૫.

રૂબરૂ : લે. યાસીન દલાલ. પ્ર૦ પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર, રાજકોટ. પૃ. ૧૮૦, પાકું પૂઠું. રૂ ૨૦.

ભીનાશ : લે. મીના પરીખ, પ્ર૦ પોતે, A ૨, મનાલી એપાર્ટમેન્ટ, અમદાવાદ ૧૫. પૃ. ૮૦, કાચું પૂઠું. રૂ ૭

ખંભાતનું જૈનમૂર્તિ વિધાન : લે. ડૉ. જે. પી. અમીન. પ્ર૦ પોતે ધીઆ પોળ, ખંભાત. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૮.

સંત નામદેવ–જીવન અને કવન : લે. યશવંત પરશુરામ મુશળે. પ્ર૦ પ્રાચ્ય વિદ્યાલય, મ સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૧૩૦, કાચું પૂઠું. રૂ. ૧૨.

સ્ત્રીની મનોમૂર્તિનું રૂપ : લે. ઈલા ર. ભટ્ટ પ્ર૦ રમેશ ભટ્ટ, ૫, પંચશીલ સોસાએટી, અમદાવાદ ૧૩. પૃ ૪૪, કાચું પૂઠું, રૂ. ૩.

તારાદર્શન : લે. ડૉ. છોટુભાઈ સુથાર, પ્ર૦ યુ૦ યુનિ૦ પબ્લિકેશન, અમદાવાદ ૯. પૃ. ૬૬, કાચું પૂઠું. રૂ ૬.

યશવંત ત્રિવેદી–સીલેક્ટેડ પોએમ્સ : અનુ. : અરુણ અડાલજા, પ્ર. જયકો પબ્લિસિંગ હાઉસ, ૧૨૩ મહાત્મા ગાંધી રોડ, મુંબઈ ૨૩ પૃ. ૧૨૩, કાચું પૂઠું. રૂ ૩૦.

સમયસુંદર : લે. રમણલાલ સી. શાહ. પ્ર૦ કુમકુમ પ્રકાશન ગાંધીરોડ, અમદાવાદ, પૃ. ૯૯, કાચું પૂઠું. રૂ ૭-૫૦.

ટૂંકી વાર્તા મીમાંસા : લે. મોહનભાઈ પટેલ, પ્ર. પોતે. સર્વ વિદ્યાલય, કડી, પૃ. ૧૦૧, કાચું પૂઠું. રૂ. ૧૦.

માનસિક બીમારીઓ : પ્રવૃત્તિ ૪૯૭. લે ડૉ. પરેશ લાકડાવાળા. પ્ર પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ. મુંબાઈ પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૭૫.

ઈશાન : લે. સુભાષચંદ્ર સરકાર પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨. કાચું પૂઠું. રૂ. ૦-૭૫

ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ : લે. પ્રા. મન્જુલાબેન વી. દવે. પ્રા. યુનિ ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ ૬. પૃ. ૨૯૭, પાકું પૂઠું. રૂ ૧૬

દિવંગત

ઇતિહાસવેત્તા ડૉ. શિવપદ સેન

[૧૯૧૪-૧૯૭૯]

ઇતિહાસશાસ્ત્રના લબ્ધપ્રતિષ્ઠ મનીષી ડૉ. શિવપદ સેન ૯મી જૂને (૧૯૭૯) કલકત્તામાં દેવલોક પામ્યા. એમનો જન્મ પશ્ચિમ બંગાલના નદિયા (નવદ્વીપ) જિલ્લામાં થયો હતો. યાદવપુર કૉલેજ અને કલકત્તા વિશ્વવિદ્યાલયમાંથી પ્રાધ્યાપક તરીકે નિવૃત્ત થઈ તેઓ વિશ્વભારતી (શાંતિનિકેતન)માં ઇતિહાસ વિભાગના અધ્યક્ષ (૧૯૬૯-૧૯૭૨) રહ્યા. એમના સંશોધનનો પ્રિય વિષય હતો ભારતમાં ફ્રેંચ લોકોનો ઇતિહાસ. આ વિષય પરત્વે એમણે બે મોટા ગ્રંથ લખ્યા છે, જેના ઉપર કલકત્તા વિશ્વવિદ્યાલયે એમને ડિ૦ ફિલ૦ અને ડિ૦ લિટ્‌ની પદવીઓ આપી હતી. એશિયાટિક સોસાએટી ઑવ બૅંગાલે એમને 'સર યદુનાથ સરકાર સુવર્ણચંદ્રક' આપ્યો હતો. ઈ. ૧૯૭૮માં એમને ઔરંગાબાદમાં મળેલા ભારતીય ઇતિહાસ અભિલેખ આયોગ સંમેલનનું પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. ભારતીય ઇતિહાસના સમગ્ર અધ્યયન માટે એમણે ૧૯૬૧માં 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ હિસ્ટૉરિકલ સ્ટડીઝ' નામક સંસ્થાની સ્થાપના કરી હતી અને પોતે એના સંસ્થાપક–નિયામક રહ્યા હતા. એમણે અનેક ગ્રંથો લખ્યા છે : તેઓ 'રિવ્યૂ ઑવ હિસ્ટૉરિકલ સ્ટડીઝ' નામક ત્રૈમાસિક પત્રિકાના સંસ્થાપક–તંત્રી હતા.

સંગીતાચાર્ય ડૉ. લાલમણિ મિશ્ર

[૧૯૨૪-૧૯૭૯]

વિખ્યાત કલાકાર અને સંગીતશાસ્ત્રી ડૉ. લાલમણિ મિશ્ર ૧૭મી જુલાઈ (૧૯૭૯)એ કાશીમાં નાદબ્રહ્મમાં વિલીન થઈ ગયા. અગિયારમી ઑગસ્ટ ૧૯૨૪માં કાનપુરમાં તેમનો જન્મ. સંગીત પ્રત્યે જન્મજાત અભિરુચિ હતી. એમનાં સંગીતપ્રેમી માતાજી જે ગીતો ગાતાં તે મિશ્રજી હારમોનિયમ પર તાદૃશ રીતે ઉતારી બતાવતા. માત્ર બાર વર્ષની ઉમરે તો તેઓ ધ્રુપદ, ધમાર, ખયાલ, ઠુમરી, ટપ્પા અને ગઝલો સુમધુર કંઠથી ગાઈ શકતા. છ વર્ષની ઉમરે એ પોતાના પિતાજી સાથે કલકત્તા આવી વસ્યા હતા અને પોતાના સંગીત-કૌશલને લીધે કલકત્તા સ્ટૂડિયો અને વિવિધ નાટકમંડળીઓમાં કામ કરતા. મિશ્રજીએ સ્વામી પ્રમોદાનંદ પાસે ધ્રુપદ, ઉસ્તાદ મૅહદીહસન પાસે ખયાલ, પાંડેયજી પાસે બનારસી ઠુમરી, શ્યામબાબુ પાસે તબલાં, અને શંકરદેવ રૉય પાસેથી સિતારવાદનનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. એમણે હિંદી સાહિત્યમાં એમ. એ. અને સાહિત્યરત્ન, તબલાં અને સિતારમાં બી. મ્યૂઝ, ગાયનમાં એમ. મ્યૂઝ, વિચિત્રવાણીમાં ડી. મ્યૂઝ તથા કલા અને વાસ્તુશિલ્પમાં પીએચ. ડી.ની પદવી મેળવી હતી. કંઠસંગીતમાં જશ મુશ્કેલી અનુભવતાં સિતાર ઉપરાંત એમણે જલતરંગ, કાષ્ઠતરંગ, નલતરંગ, તબલાતરંગ, કાચતરંગ, સરોદ, સંતૂર અને તબલાવાદનમાં પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. વીણા-વાદનમાં તેઓની દેશના ત્રણચાર વાદકોમાં ગણના થતી

ઈ. ૧૯૫૦ થી ૧૯૫૪ દરમ્યાન એમણે નૃત્યમંડળી અને વાદકમંડળીના નિર્દેશક તરીકે સ્વ. ઉદયશંકર સાથે વિદેશોમાં પરિભ્રમણ કરેલું અનેક સ્થાનો પર એમણે વિચિત્રવીણા, સિતાર અન જલતરંગ પર સ્વતંત્ર પ્રોગ્રામો રજૂ કર્યા હતા. વળી અનેક ફિલ્મોમાં પાર્શ્વગાયક અને સંગીતનિર્દેશકનું કામ પણ કરેલું. ઈ. ૧૯૪૦માં બાળકો માટે કાનપુરમાં એમણે સંગીતપ્રધાન સંસ્થા (ચિલ્ડ્રન્સ મ્યૂઝિક સૅંટર)ની સ્થાપના કરેલી અને ૧૯૫૫માં તેઓ મુંબાઈમાં ગાંધર્વ મહાવિદ્યાલયમંડળના કુલસચિવ (રજિસ્ટ્રાર) થયા હતા. ઈ ૧૯૭૨માં ઉત્તરપ્રદેશની સંગીત અકાદમીએ એમનું બહુમાન કરેલું. ભારતનાં લગભગ બધાં વિશ્વવિદ્યાલયોમાં સંગીતના બોર્ડ ઑવ સ્ટડીઝના તેઓ સદસ્ય હતા.

ઈ. ૧૯૫૮માં પંડિત ઓંકારનાથના વિશેષ આગ્રહથી તેઓ કાનપુર છોડીને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના સંગીત મહાવિદ્યાલયમાં આવી ગયા હતા અને છેવટ સુધી સંગીત વિભાગના પ્રોફેસર, અધ્યક્ષ અને લલિતકલા સંકાય (ફૅકલ્ટી)ના અધ્યક્ષ (ડીન) રહ્યા હતા.

ઈ ૧૯૬૬ થી ૧૯૭૨ સુધી મિશ્રજી અમેરિકાની ફિલાડેલ્ફિયા યુનિવર્સિટીમાં સીનિયર ફેલો અને પર્યટક પ્રાધ્યાપક (વિઝિટિંગ પ્રોફેસર) તરીકે રહેલા. એમણે ભારતીય સંગીતની રજૂઆત માટે ઇંગ્લૅન્ડ, રશિયા, ફ્રાન્સ આદિ દેશોની કલાયાત્રાઓ પણ કરી હતી. એમણે લખેલા 'ભારતીય સંગીત વાદ્ય' નામક ગ્રંથ દ્વારા એમના વાસ્તુશિલ્પ, ચિત્રકલા, ઇતિહાસ, સંસ્કૃતિ વગેરે વિષયો પરત્વેના નૈપુણ્યનું દર્શન થાય છે. મિશ્રજી પહેલાંના વિદ્વાનોની એવી માન્યતા હતી કે સંગીતમાં બાવીસ શ્રુતિઓની કલ્પના માત્ર સૈદ્ધાંતિક છે. તેનું પ્રદર્શન શક્ય નથી. મિશ્રજીએ એનું માત્ર પ્રતિપાદન જ નથી કર્યું પણ પોતાની વિચિત્રવીણા ઉપર બાવીસ શ્રુતિઓની સ્થાપના કરી વિદ્વાન શ્રોતાઓને વિસ્મય વિમુગ્ધ કરી દીધા હતા.

એમણે બનાવેલી શ્રુતિ-વીણા કાશીમાં આજે પણ સુરક્ષિત છે. એમણે પ્રમાણ અને તર્કોથી સિદ્ધ કરી બતાવ્યું કે વીણા, વિચિત્રવીણા, સિતાર, તબલા વગેરે વાદ્યો પ્રાચીન વાદ્યોનાં વિકસિત રૂપ છે. એમના અવસાનથી દેશના એક સંગીત કલા નિષ્ણાત ગુણી પુરુષનું સ્થાન ખાલી થઈ ગયું છે.

—શંકરદેવ વિદ્યાલંકાર

ભારતનાં વાદ્યો-૧૧

ઘનવાદ્યો


ભારતીય વાદ્યોના ચાર પ્રકારોમાંનો ચોથો પ્રકાર ઘનવાદ્યોનો છે. કાષ્ઠ અને ધાતુના આ વાદ્યોના સંખ્યાબંધ પ્રકારો છે. જેમાંના મોટાભાગના તો લોકસંગીતમાં અને મુખ્યત્વે તાલ આપવામાં વપરાય છે.

કાષ્ઠતરંગ અને જલતરંગ એ એના બે એવા પ્રકાર છે જેમાં સંગીતના સપ્તક પ્રમાણે સૂર મેળવાય છે ને એથી તેમાં ગત અને તરજો વગેરે બહુ કર્ણમધુર રીતે વગાડી શકાય છે. વૃંદ વાદનમાં પણ એનો સાથ લેવાય છે.



કાષ્ઠતરંગ

કાષ્ઠતરંગમાં સૂરમાં મેળવેલા કાષ્ઠના નાના-મોટા ટુકડાઓ હોય છે જેને ગોળાકાર માથાવાળી નાજુક મોગરી વડે ટપકારીને સ્વર પ્રકટાવાય છે, જ્યારે જલતરંગમાં કાચના નાના-મોટા કટોરામાં ઓછુંવધતું પાણી ભરી એને સંગીતના સૂરમાં મેળવીને નાજુક દાંડી વડે ટપકારીને વગાડાય છે.



જલતરંગ

આ પછીનાં ઘનવાદ્યોમાં મંજિરાં જ એવાં છે જેનો શુદ્ધ સંગીતમાં તથા લોકસંગીતમાં બહોળો ઉપયોગ થાય છે. બહુ પરિચિત વાદ્ય છે. સામાન્યત: તેના વડે તાલ અપાય છે, પણ કેટલાક ભજનિકો બહુ અજબ કૌશલથી તેને વગાડી જાણે છે. કરતાલ, ઝાંઝ ઘૂઘરુ વગેરે પણ ઘનવાદ્યો જ છે. આમાંથી ઘૂઘરુનો નૃત્યમાં જે ઉપયોગ છે એ આ સામાન્ય ઘૂઘરીઓને એક અનોખું ગૌરવ આપે છે. ઝાલર ને ઘંટા વગેરેનો ઉપયોગ મંદિરોમાં આરતી સમયે તો કરતાલ, ઝાંઝ વગેરે ભજનકીર્તનમાં બહુ જાણીતાં અને પ્રચલિત વાદ્યો છે. આ ઉપરાંત પણ સંખ્યાબંધ પ્રકારનાં ઘનવાદ્યો છે જે મોટાભાગે લોકસંગીતમાં જ વપરાય છે. પ્રદેશભેદે તેના પ્રકારોમાં બહોળું વૈવિધ્ય જોવા મળે છે.



કરતાલ મંજિરાં ઝાંઝ



મધુકરી

હું ભૂતકાળે ભટકેલ માનવી,
ભવિષ્યના સ્વપ્ન-તરંગમાં હવે
ચઢું નહિ આથડવા, અનેકધા
આ વર્તમાને રતયત્ન જીવવું.
પ્રતાળ મારી મનભાવના વડે
આ જીવને માત્ર ઘસાઈ છૂટવું.

('સિજારવ'માંથી) —વેણીભાઈ પુરોહિત

ભારતીય ચિત્રકલાના મીમાંસક સ્વ. ડૉ. આર્ચર

ભારતીય ચિત્રકલાના લબ્ધ-પ્રતિષ્ઠ અંગ્રેજ વિવેચક, મનીષી અને લંડનના 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'ના ભારતીય વિભાગના નિયામક ડૉ. વિલિયમ જ્યૉર્જ આર્ચરનું ગઈ ૬ઠ્ઠી માર્ચે (૧૯૭૯) લંડનમાં અવસાન થયું. ભારતીય ચિત્રકલા અંગેની સમજ કેળવવામાં પાયાનું કામ કરી જનારાઓમાંના એક તરીકે તેઓ સદા યાદ રહેશે.

ઈ. ૧૯૦૭ની ૧૧મી ફેબ્રુઆરીએ એમનો જન્મ થયો. કેમ્બ્રિજની ઇમૅન્યુએલ કૉલેજમાં ઇતિહાસના અભ્યાસ સાથે તેઓ એમ. એ. થએલા અને તે પછી ૧૯૩૦માં એમણે ઇન્ડિયન સિવિલ સર્વિસ (આઈ. સી. એસ.)ની પરીક્ષા પસાર કરી ૧૯૩૧માં બિહારમાં નિમણૂક મેળવી. ત્યારથી માંડીને હિંદ સરકારની સેવામાંથી ૧૯૪૮માં નિવૃત્ત થયા ત્યાં સુધીમાં એમણે પૂર્ણિયામાં ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ, બિહાર સેન્સસ ઑપરેશનના સુપરિન્ટેન્ડેન્ટ, પટણામાં ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ, સાંતાલ પરગણામાં ડેપ્યુટી કમિશનર, સાંતાલ લૅના સ્પેશ્યલ ઑફિસર અને નાગાહિલ્સમાં ઍડિશનલ ડેપ્યુટી કમિશનર એમ વિવિધ અધિકારપદે ઉમદા કામગીરી બજાવીને ઓ. બી. ઈ.—'ઑર્ડર ઑવ ધ બ્રિટિશ એમ્પાયર'નું માન મેળવ્યું હતું.

બિહારમાં આવ્યા પછી થોડા જ સમયમાં એ પ્રદેશની, ખાસ કરીને સાંતાલોની લોકકળા અને કાવ્યોમાં એમને રસ પડયો. તેઓ પોતે પણ કલારસિક અને કવિજીવ હોઈ એ ભુલાતી જતી લોકસંસ્કૃતિ અને કાવ્યસમૃદ્ધિથી અત્યંત પ્રભાવિત થઈ તે અંગે સંશોધન કરવા પ્રેરાયા અને પોતાની ફરજ બજાવવામાંથી મળતો બાકીનો સમય તેમણે આની પાછળ જ ગાળવા માંડયો. એમની અહીંની સમગ્ર કારકિર્દી દરમિયાન બિહારના લોકજીવનના અભ્યાસ ઉપરાંત ભારતીય લોકકળા અને દરબારી ચિત્રકળાના સંખ્યાબંધ નમૂનાઓનો પણ સારો એવો સંગ્રહ એકઠો કરેલો. આ સંગ્રહ પણ એક આગવા સંશોધન જેટલા મહત્ત્વનો છે; કારણ, એ સમયમાં મુઘલ કે રાજપૂત ચિત્રકલાનાં ચિત્રોનું આજના જેટલું મહત્ત્વ કે મૂલ્ય સ્વીકારાયું નહોતું ને એના સંગ્રહમાં પણ આજના જેટલો રસ કેળવાયો નહોતો. એમના આ કાર્યમાં એમનાં પત્ની મિલ્ડ્રેડનો પણ ઘણો સાથ હતો. મિલ્ડ્રેડ પોતે પણ હિંદુસ્તાનમાં બ્રિટિશ કળા અંગેનાં એક અધિકૃત જ્ઞાતા ગણાયાં છે. પતિના કેટલાક લેખનકાર્યમાં પણ તેઓ સાથ આપતાં. પતિ-પત્નીએ એકઠો કરેલો એ મૂલ્યવાન ચિત્રસંગ્રહ આગળ જતાં ભારતીય ચિત્રકલાના વિવિધ પ્રકારોની સમજ કેળવાય તથા તેમાં રસ પ્રકટે એ માટે એમણે લંડનની ઇંડિયા ઑફિસ લાયબ્રેરીને સોંપી દીધો હતો.



સ્વયં કવિ હોઈ પ્રારંભમાં એમને મુખ્ય રસ તો હતો સાંતાલ ગીતોમાં. પણ ૧૯૪૨માં પટણામાં તેઓ ન્યાયાધિકારી હતા ત્યારે કાશીના મૂર્ધન્ય કલામીમાંસક શ્રી રાયકૃષ્ણદાસજી પટણા

વિશ્વવિદ્યાલયના તત્ત્વાવધાનમાં 'પહાડી ચિત્રકલા શૈલી' વિષે વ્યાખ્યાનો આપવા ગએલા ત્યારે એની સભાઓમાં અધ્યક્ષસ્થાને બિરાજતા આર્ચર સાહેબ એ વ્યાખ્યાનો સાંભળીને એટલા તો પ્રભાવિત અને આકૃષ્ટ થયા કે એમણે 'પહાડી ચિત્રકળા' અને અન્ય ભારતીય ચિત્રશૈલીઓના ઊંડા અભ્યાસને પણ પોતાનું એક જીવનકાર્ય બનાવી દીધું અને એ માટે રાયસાહેબનું શિષ્યત્વ સ્વીકારી કાશીમાં એમના ઘેર પણ માર્ગદર્શન મેળવવા માટે જવા માંડ્યું. વારાણસીના ભારતીય કલાભવનના સ્થાપક સંચાલક અને ભારતીય કલા તથા સાંસ્કૃતિના અધિકૃત વડીલ જ્ઞાતા તરીકે રાયસાહેબને તેઓ બહુ માન આપતા અને એમને પોતાનાં કલાસંશોધનોમાં સૌપ્રથમ માર્ગદર્શક ગણતા. 'ઇન્ડિયન મિનિએચર્સ' નામનું પોતાનું એક પુસ્તક બહુ ભાવપૂર્વક રાયકૃષ્ણદાસજીને અર્પણ કરીને એમના પ્રત્યેની પોતાની શ્રદ્ધા અને માન એમણે વ્યક્ત કર્યાં છે. રાયસાહેબના સંપર્કમાં આવ્યા પછી તો એમણે પોતાની પશ્ચિમી રહેણીકરણી પણ બદલી નાખી તેમાં પણ ભારતીય ઢબ અપનાવી હતી. ભારતીય કલા અને રહનસહન પ્રત્યે એમને પ્રગાઢ વલણ ને અભિરુચિ ઉત્પન્ન થયાં હતાં. પ્રશાસકીય કાર્યોને પતાવ્યા પછીનો પોતાનો બધો સમય ભારતીય ચિત્રકળાના અભ્યાસ અને અનુશીલનમાં તે વિતાવતા.

ઈ. ૧૯૪૦માં એમણે 'ધ બ્લ્યૂ ગ્રોવ' નામે ઉરાંઓનાં લોકકાવ્યોનો સંગ્રહ પ્રકટ કર્યો. તે પછી 'ધ પ્રેઈન્સ ઑવ ધ સન' નામે પોતાનાં કાવ્યોનો સંગ્રહ અને ત્યાર બાદ ફરી ઉરાંઓનાં કાવ્યો પર એક વધુ પ્રકાશન કર્યું. 'ધ હિલ્સ ઑવ ફ્લ્યૂટ્સ'માં ભારતની આદિવાસી સંસ્કૃતિ પરનું એમનું અનુશીલન ઉચ્ચોચ્ચ કક્ષાએ પહોંચ્યું છે. આ પુસ્તક ૧૯૭૪માં પ્રકટ થયું. પરંતુ એનું લેખન તો મોટે ભાગે ૧૯૪૨થી '૪૬ દરમિયાન તેઓ સાંતાલ પરગણાના ડેપ્યુટી કમિશનર હતા ત્યારે લખાએલું છે. આ પુસ્તકમાં સાંતાલી પ્રત્યેનો એમનો હમદર્દીપૂર્ણ પ્રેમ જોવા મળે છે. ૧૯૪૨ થી '૪૯ દરમિયાન એમણે 'મૅન ઈન ઇન્ડિયા'નું સંપાદન કર્યું. સાથોસાથ કલાવિષયક બે વિખ્યાત સામયિકો—'માર્ગ' અને 'રૂપલેખા'ના સંપાદનમાં પણ સક્રિય સાથ આપેલો. ૧૯૪૬થી '૪૮માં નાગાહિલ્સમાં ઍડિશનલ ડેપ્યુટી કમિશનર તરીકેની ફરજ બાદ ભારતમાંથી અંગ્રેજી શાસનનો અંત આવ્યાના કારણે હિન્દ સરકારની સેવામાંથી નિવૃત્ત થઈ તેઓ ઇંગ્લૅન્ડ પાછા ગયા. ત્યાં '૪૯માં લંડનના વિક્ટોરીઆ ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમના ભારતીય વિભાગના નિયામક તરીકે એમની નિમણૂક થઈ.

આ પદ પરથી એમણે બહુ ઉત્સાહપૂર્વક મ્યૂઝિયમના એ વિભાગની સંગ્રહ સમૃદ્ધિ વધારી હતી. સાથોસાથ પોતાનો અભ્યાસ પણ સતત જારી રાખી ભારતીય કળાને બહોળા વ્યાપમાં પરિચિત કરાવવાનું પાયાનું એક મહત્ કાર્ય કર્યું એમના આ કાર્યના અંગ રૂપ એમણે લખેલાં સંખ્યાબંધ અભ્યસનીય પુસ્તકોમાં ઇંડિયન પેઇન્ટિંગ ઈન ધ પંજાબ હિલ્સ(૧૭૫૨), કાંગરા પેઇન્ટિંગ્સ (૧૯૫૪), ગઢવાલ પેઇન્ટિંગ ('૫૪), સેન્ટ્રલ ઇન્ડિયન પેઇન્ટિંગ ('૫૮), ઇન્ડિયન પેઇન્ટિંગ ઈન બુંદી ઍન્ડ કોટા ('૬૦) અને પેઇન્ટિંગ્સ ઑવ શીખ્સ ('૬૬) વગેરેમાં એક વિદેશી તરીકે ભારતીય કલામાં એમણે કેળવેલી ઊંડી સૂઝ અને વિદ્વત્તા પ્રતિ સહેજે માન થાય છે. એમની આ કલાસેવાને પંજાબ યુનિવર્સિટીએ ૧૯૬૮માં અને અમૃતસરની ગુરુ નાનકદેવ યુનિવર્સિટીએ ૧૯૭૬માં ડી લિટ.ની માનાર્હ પદવી આપીને બિરદાવી હતી તો ૧૯૭૮માં રૉયલ એશિયાટિક સોસાએટીએ એમને 'બર્ટન મેમોરીઅલ મેડલ' આપીને નવાજી હતી.

ભારતીય કલાનું એમનું સંશોધન બહુ સુભગ સમયે થયું હતું. કલામૂલવણીમાં સુક્રિયાણી ઇંગ્લિશ સૌન્દર્યભાવનાના રૂઢિગત સાંકડા ખયાલોની સાંથેથી આધુનિક કલા છુટકારો પામવા ગતિવિધિ કરી હતી

લઘુકથા

ભ્રમણા

ભૂપત નાનસી

રાત પડી ગઈ હતી. હું ભાગવત વાંચતો હતો. નવ વર્ષ પહેલાં મારી પત્ની નીલમ બીજી પ્રસૂતિમાં મૃત્યુને શરણે થઈ તે દિવસથી મેં સાંજના આવા ગ્રંથો વાંચવાનો નિયમ કેળવ્યો હતો. હવે તો આ વાચન એક વ્યસન બની ગયું હતું.

ત્યાં ધીરજ આવ્યો. તે ગભરાએલો હતો. ધીરજ મારો બાળપણનો મિત્ર. જીવનનાં ચાળીસ વર્ષ અમે સાથે વિતાવ્યાં હતાં. બે મહિના પર કોકિલાભાભી અકસ્માતમાં મૃત્યુ પામ્યાં ત્યાર પછી હું તેને રોજ મળતો. આ બધી મુલાકાતો વખતે ધીરજે મને ખાસ વાત કરી ન હતી, તેથી આજે તેણે મને જે કહ્યું તેથી નવાઈ લાગી.

ધીરજે કહ્યું: 'રોજ મધરાતે બારણું ખખડે છે. હું ખોલીને જોઉં છું તો સામે કોકિલા ઊભી હોય છે. હું ચમકી જાઉં છું. પછી કહું: આવ ને, ઘર તારું જ છે. પણ, તે અદૃશ્ય થઈ જાય છે. દરરોજ રાતે કોકિલા આવે છે, ભૂપત.' ધીરજની આંખોમાંથી પાણી વહેવા લાગ્યાં.

મને તેની દયા આવી. ધીરજ અને કોકિલાભાભીનો પ્રેમ ઉત્કટ હતો તે સહુ જાણતાં હતાં. પણ ધીરજ આ ઘા ખમી નહિ જ શકે એવું અમે કોઈ માનતાં ન હતાં.

મેં મિત્રને સાંત્વન આપ્યું. કહ્યું: 'આ તારા મનની ભ્રમણા છે, ધીરજ. કોકિલાભાભી હવે આ જગતમાં નથી તે સત્ય સ્વીકાર. બીજા વિષયો તરફ વિચારો વાળ. રસ પડે તેવું કંઈ વાંચ. ક્યાંક ફરવા જા.'

અમારી વાતો ઘણો વખત ચાલી. લગભગ મધરાતે તે ઘેર જવા નીકળ્યો, ત્યારે તે મને સ્વસ્થ જણાયો. મેં તેને રાત રોકાઈ જવા કહ્યું, પણ તેને બાળકો પાસે પહોંચી જવું હતું.

ધીરજ ગયો. હું પુસ્તક બંધ કરું છું ત્યાં ડોરબેલ વાગી. મેં દરવાજો ખોલ્યો અને હું ચમકી ગયો. સામે નીલમ ઊભી હતી! □

ત્યારે એમણે ઇંગ્લૅન્ડને માટે પરદેશી એવી, અને એથી ઓછી સમજાતી ભારતની સંસ્કૃતિ અને કળાની સમજ આપી. ભારતીય કળાની સમજ વધારવાનું એમનું લેખન અને કાર્ય સ્વાભાવિક રીતે જ કલકત્તાની કલાશાળાના પ્રિન્સિપલ અને ભારતીય કલાના આદિ અંગ્રેજ વિવેચક ઈ[illegible] હૅવેલનું સ્મરણ કરાવે છે. પોતાના દેશની અટપટી ને નિયમબ[illegible]ામાજિક પ્રણાલિઓમાં ઉછેર પામ્યા છતાં એમને ભારતની—ખાસ કરીને સાંતાલોની સાદગીભરી જીવનરીતિનું આકર્ષણ હતું. સાંતાલોનાં જીવન અને કવનને એમના જેટલી લાગણીથી જોનાર તથા તેના સૌન્દર્યને બરાબર પિછાનીને જગત સમક્ષ સમજાવથી રજૂ કરનાર અન્ય કોઈ વ્યક્તિ મળવી મુશ્કેલ છે. ભારતના આદિવાસી લોકજીવન અને એમની કળાને સમજાવનાર ફાધર વેરીઅર એલ્વિનનાં લેખનોમાં પણ એમણે સક્રિય સાથ આપ્યો હતો.

ઈ. ૧૯૫૯માં બ્રિટિશ કાઉન્સિલ અને ભારત સરકારના સહકારથી ભારતીય ચિત્રકળા વિષે પર્યટક વ્યાખ્યાતા તરીકે તે ભારત આવ્યા હતા. ભારતીય કલા વિષે એમણે અમેરિકામાં પણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. ભારત અને શ્રીલંકામાં એમણે અનેક કલાયાત્રાઓ પણ કરી હતી. વિદેશયાત્રાનો એમને શોખ હતો, ને બીજો એક શોખ હતો–સિનેમાનો.

કવિ અને લેખક તરીકે શક્તિશાળી હોવા ઉપરાંત એમણે પોતાના અંગત સબંધોમાં પણ પોતાની લાગણીશીલતા અને ઋજુ સ્વભાવનો પરિચય આપ્યો હતો. એમનું મિત્રવર્તુલ ઉષ્માભર્યા, ઉદાર, પ્રેમાળ ને મુશ્કેલીઓમાં સહાયક એવા માનવી તરીકે એમને સદાય યાદ કરશે.

ભારત અને તેના લોકો પ્રત્યેનો એમનો પ્રેમ એમનાં લખાણોમાં જ નહિ, પણ ભારતીય કલા અને સંસ્કૃતિના અભ્યાસી વિદ્વાનો ને વિદ્યાર્થીઓને એમના દ્વારા મળતી પ્રેરણા, આદર ને સહાયમાં પ્રકટ થાય છે.

ફૉર્ટી થાઉઝન્ડ ઇયર્સ ઑવ આર્ટ, બાઝાર પેઇન્ટિંગ્સ ઑવ કલકત્તા. ગઢવાલ પેઇન્ટિંગ્સ, ઇન્ડિયન પેઇન્ટિંગ્સ ફોર ધ બ્રિટિશ, ધ લવ ઑવ કૃષ્ણ, ઇન્ડિયન પેઈન્ટિંગ્સ ફ્રૉમ રાજસ્થાન, સીલોન-પેઇન્ટિંગ્સ ફ્રૉમ ટેમ્પલ્સ, આઈન્સ ઍન્ડ રૅાફ્સ, ઇન્ડિયા ઍન્ડ મૉડર્ન આર્ટ, ઇન્ડિયન મિનીએચર્સ, કાંગરા પેઇન્ટિંગ્સ, ફ્રોમ ગીત-ગોવિંદ, પહાડી મિનીએચર્સ, ધ હિલ ઑવ ફલ્યૂટ્સ, રાજપુત મિનીએચર્સ વગેરે પણ એમનાં જાણીતાં પુસ્તકો છે. આ ઉપરાંત અન્ય લેખકોના સાથમાં પણ એમણે ભારતીય કલા ને સંસ્કૃતિ વિષે ઘણું લખ્યું છે. -શંકરદેવ વિદ્યાલંકાર

સૌરાષ્ટ્રના પુરાવશેષો

સંશોધન-કાર્યને વરેલા ધૂળધોયા અભ્યાસીઓની રાહ જોતા પુરાવશેષો સૌરાષ્ટ્ર આખામાં પથરાએલા પડયા છે. ઇતિહાસના નક્કર મુદ્દો ગિરનારના અશોકનો શિલાલેખ છે, જે આપણે ત્યાંની અજોડ પુરાવસ્તુ છે. આ ખડકના પૂર્વ ભાગે 'દેવાનાંપ્રિય પ્રિયદર્શી' સમ્રાટ અશોકની ચૌદ ધર્માજ્ઞાઓ પાલી ભાષામાં બ્રાહ્મી લિપિમાં ઈ. સ. પૂ. ૨૫૦માં કોતરેલી છે. તેના ઉપરના ભાગે મહાક્ષત્રપ રુદ્રદામનનો ઈ. સ. ૧૫૦નો એ યુગની બ્રાહ્મી લિપિમાં સંસ્કૃત ભાષામાં લેખ છે, જેમાં સુદર્શન તળાવને સમારકામ કરી ઠીક કર્યાનો ઉલ્લેખ છે. ખડકની ઉત્તર તરફની બાજુ ઉપર ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો ઈ. સ. ૪૫૦નો બ્રાહ્મી લિપિમાંથી દેવનાગરી મરોડ તરફ જતી ગુપ્ત લિપિમાં, સંસ્કૃત ભાષામાં લેખ છે, જેમાં ફરી તૂટેલા સુદર્શન તળાવને સારી રીતે સમારકામ કર્યાનો, લોકોની પૂરથી થએલી પાયમાલીનો અને ખર્ચેલા દ્રવ્યનો વૃત્તાંત છે. ભાષા અને લિપિનો સાતસો વર્ષનો ઇતિહાસ પણ આમાંથી મળી રહે છે. જૂનાગઢનો આ ખડક સૌરાષ્ટ્રનું પુરાતત્વીય ધન છે.

ગિરનારમાં બોરિયા સ્તૂપ અને ઇંટવા વિહારનાં સ્થાનો, અને ઉત્ખનનમાંથી પ્રાપ્ત પુરાવસ્તુઓ જૂનાગઢ મ્યૂઝિયમમાં રક્ષિત છે. સાણા, તળાજા, જૂનાગઢ, ઢાંક, ઝીંઝુડી, ખંભાલીડા, પ્રભાસ, ભીમોરાની ગુફાઓ ઈ. સ. પૂ. બીજીથી ઈ. સ. આઠમી સદી સુધીનો એક હજાર વર્ષનો ઇતિહાસ કહે છે. બૌદ્ધ વિહારોનાં હ્યુ-એન-સંગ આવ્યો ત્યાં સુધીનાં વર્ણનોમાં સૌરાષ્ટ્રના વલભી રાજ્યની ઉન્નતિનો ઇતિહાસ મળે છે. ઈ. સ. પાંચમીથી અગિયારમી સદી સુધીનાં પ્રાક્‌સોલંકી મંદિરોનાં અવશેષો મુખ્યત્વે સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે વિશેષ પડયા છે. ચૈત્યબારીનાં શિલ્પયુક્ત ભૂમિવાળાં દ્રાવિડ શિખર અને લતીન શિખરવાળાં મૈત્રક સૈન્ધવ મંદિરોના આ અવશેષોમાં: ગોપ, કિન્દરખેડા, મિયાણી, બ્રાહ્મણવેલ, ધુમલી, વીસાવાડા, બિલેશ્વર, ખીમેશ્વર, ઓડદર, ભાણસરા, પાતા, અખોદર, કદવાર, સુતરાપાડા, કળસાર, ભીમદેવળ વગેરે સ્થાનો દર્શનીય છે. અગિયારમી સદી પછીનાં મારુગુર્જર શૈલીનાં શિલ્પસમૃદ્ધ નાગર શિખરનાં મંદિરો જગતીથી કળશ સુધી અને મુખચોકીથી ગર્ભગૃહ સુધી અંદર અને બહાર શિલ્પસમૃદ્ધિથી ભરપૂર હિંદુ સંસ્કૃતિની પ્રત્યક્ષ છબી જેવાં છે. એમાં સોમનાથ, પાટણ, દ્વારકા, ધૂમલી, સેજકપુર, મિયાણી, માધવપુર, વીસાવાડા, પરબડી, ગિરનાર, શેત્રુંજાનાં મંદિરો આવે છે. પાછળના અને હાલના સમયનાં મંદિરોમાં જામનગર, પોરબંદર, જડેશ્વર, ગોપનાથ, ઘેલા સોમનાથ, પાટણ, તરણેતર, ગઢડા, ગોંડળ, મોરબી, ભાવનગર વગેરે સ્થાને ઊભાં છે.

સોલંકી સમયનાં વાપી, કુંડો પણ સૌરાષ્ટ્રે છે. બ્રહ્મકુંડ, સૂર્યકુંડ, રેવતીકુંડ જેવા નાના મોટા અનેક કુંડો, નોંઘણ કૂવો, માધાવાવ, ભાણવાવ, વિકાવાવ, મંજુશ્રીવાવ, ખેંગારવાવ, માત્રીવાવ, અને ગુપ્ત પ્રયાગના કુંડો મુખ્ય છે.

હિંદુ મંદિરોના ભંગારમાંથી બંધાએલા મુસ્લિમ પૂજાસ્થાનોમાં ગુર્જર શૈલીનાં વિતાન, સ્તંભ, તોરણનાં દર્શન થાય છે. જૂનાગઢ, વંથલી, માંગરોળ, ઉના દેલવાડા, પ્રભાસપાટણ જેવાં સ્થાને એ જોઈ શકાય છે.

સેવ્ય તેમ જ અપૂજ મંદિરોની શોભનપ્રતિમાઓના અવશેષો પણ તીર્થસ્થાનોમાં ઠેરઠેર નજરે પડે છે, જેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સૂર્ય, ભવાની, માતૃકાઓ, મહિષમર્દિની, ગણેશ, વરાહ, હનુમાનની મૂર્તિઓ ખાસ દેખાય છે. ગામોનાં પાદરે વીરપૂજાનાં સ્મારક, સતી, શૂરા, સંતના પાળિયા, દહેરીઓ, રાંદલ અને વાછરાનાં થાનકો તેમજ પીરની દરગાહો પણ હોય છે. આ દરેકની પાછળ એકેક કથની હોય છે, તેમાંથી ઐતિહાસિક સત્વ પણ ઘણીવાર મળી રહે છે. —મણિભાઈ વોરા

ચિત્તો

એક કાળે ગુજરાતનાં જંગલોમાં વાઘ, સિંહ સાથે પણ રહેતા. પણ માણસોની ભૂલોથી કહો કે આબોહવાના ફેરફારથી કહો, પણ ગુજરાતની વનરાજી છેલ્લી સદીમાં ખૂબ ઘટી ગઈ છે. પરંતુ હવે મનુષ્યયત્નથી ફરી નૈસર્ગિક સમૃદ્ધિ સંતોષજનક વધી રહી છે. ગિરનારનો ગીર ભારતભરમાં એક જ એવો વિસ્તાર છે જ્યાં પશુસમ્રાટ સિંહ વસે છે. તાજેતરમાં ગુજરાતમાં કાળિયારોનાં ને રીંછનાં ઉપવનો સ્થાપિત થયાં છે.



હવે ગુજરાત એવી સિદ્ધિ હાંસલ કરી રહ્યુ છે કે જેને માટે એમ કહી શકાય કે તે એક ખોવાએલી ખલકને પુનઃ સ્થાપિત કરી રહ્યુ છે. આ છે ચિત્તાને ગીરમાં વસાવવાની વાત. બિડાલ કુટુંબના સભ્યોમાં માણસનું સૌથી પ્રિય પ્રાણી ચિત્તો છે. અગાઉ સમગ્ર એશિયામાં ઘણા ચિત્તા હતા, પણ હવે તે નામશેષ થઈ ગયા છે. સૌરાષ્ટ્રમાં મહારાજાઓ ચિત્તાને શિકારે સાથે ફેરવતા અને ચિત્તો કોઈ પ્રાણી પકડી લાવે એટલે તેને તેનું લોહી બક્ષિશ રૂપે પિવડાવવામાં આવતું. રાજામહારાજાઓના ચોકીદારો તેને દોરડાથી બાંધી ફેરવતા. ભાવનગરમાં મહારાજાના વખતમાં વર્ષો સુધી આવો એક ચિત્તો લોકોને જોવા મળતો.

ચિત્તો માંસાહારી પ્રાણી છે, છતાં તે માણસ સાથે સહેલાઈથી હળી જાય છે. હવે આફ્રિકાની કેન્યા સરકારના સૌજન્યથી ચિત્તા ભારતમાં આવી રહ્યા છે અને ગીરમાં વસાવાશે. ગીરનો પ્રદેશ ચિત્તાના વસવાટ માટે તેમ જ તેના પ્રજનનકાર્ય માટે આદર્શ જગા છે.

અંગ્રેજી લેપર્ડ એટલે દીપડો. એ માટે ઘણા 'ચિત્તો' શબ્દ વાપરે છે તે ખોટું છે. ચિત્તા માટે અંગ્રેજી શબ્દ 'ચીત્તા' જ છે. વળી આફ્રિકાનાં જંગલોમાં જવલ્લે જ મળી આવતો 'મહારાજા ચિત્તા' થાય છે. તેનો દેખાવ અતિશય શોભામણો છે. તે જરા મોટું પ્રાણી લાગે છે ને ચિત્તાથી ભિન્ન પણ લાગે છે. પણ વિજ્ઞાનીઓએ છેવટે તેને ચિત્તા તરીકે જ ઓળખાવ્યો છે. -કૃષ્ણલાલ કોટડાવાળા

હળદર

હળદરમાં ચૂનો ને લોહ સારા પ્રમાણમાં છે. આયુર્વેદ પ્રમાણે તે લોહી સુધારક તથા કફ, પિત્ત અને વાયુ ત્રણે દોષને હરનાર છે. પાંડુ રોગ (એનીમિયા)માં લાભકારી છે. શરદી, સળેખમ, ખાંસી મટાડે છે. દૂધમાં હળદર અને સહેજ મીઠું નાખીને પીવાથી કફ નીકળી જઈ ખાંસી દૂર થાય છે. ગુજરાતના જાણીતા વૈદ્યરાજ શ્રી બાપાલાલભાઈના અભિપ્રાય પ્રમાણે ગરમ દૂધની સાથે હળદર અને મરી નાખવામાં આવે તો શરદી સાથે આવતો તાવ પણ દૂર કરી શકાય છે. પછાડ કે મરોડમાં હળદર અને મીઠું સમ ભાગે લઈ ગરમ કરીને લગાડવાથી રાહત મળે છે. શરીર પર હળદર ચોળીને નાહવાય તો ચામડી સુંવાળી અને તેજસ્વી બને છે. જમતી વેળા અર્ધો તોલો લીલી હળદરનું કચુંબર સારો ફાયદો કરે.
(સ્વસ્થ માનવ)

—ચંદુલાલ દવે

દ્વારકાધીશ સંકુલમાં ૮મા સૈકાનું ઉત્કૃષ્ટ મંદિર

દ્વારકા ખાતેના સુપ્રસિદ્ધ દ્વારકાધીશના (કૃષ્ણના) મંદિરના સભામંડપમાંથી પુરાતત્ત્વના સંશોધનને લગતી સંસ્થા આર્કિયૉલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયાએ તાજેતરમાં ખોદકામ દરમ્યાન એક અદ્વિતીય મંદિર શોધી કાઢ્યુ છે જે આઠમી સદીનું હોવાનું જણાયું છે. પશ્ચિમ વિભાગના નિરીક્ષક પુરાતત્ત્વવિદ શ્રી એસ. આર. રાવે પત્રકારોને જણાવ્યું કે દ્વારકાધીશના મંદિરના સભામંડપમાં આવેલું બે મજલાનું એક મકાન ખસેડવામાં આવી રહ્યું હતું ત્યારે ઉપરોક્ત મંદિર મળી આવ્યું હતું. આ મળી આવેલું મંદિર સુંદર શિલ્પકલાના ઉત્કૃષ્ટ નમૂના સમાન છે.

આશરે બાર મીટરની તેની લંબાઈ છે. એમાં કીર્તિમુખો, હાથીઓ, પ્રેમાસક્ત દંપતી અને શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયના સંખ્યાબંધ દેવોની મૂર્તિઓ કંડારેલી છે. મંદિરની દીવાલો પર અષ્ટ દિક્પાલો છે. દ્વારકાનાં અન્ય મંદિરો કરતાં તે ચડિયાતું છે.

આ મંદિર મળી આવ્યા પછી દ્વારકાના ઇતિહાસની પુનઃરચના માટે એક નાનકડી સાંકડી ખાઈ કરવામાં આવી છે. આના પરથી એક વાત બહાર આવી છે કે આ સ્થળ પહેલી સદીથી પણ આગળ જાય છે. ત્યાંથી લોખંડના પોપડા, કેટલાક મુસ્લિમ સિક્કાઓ વગેરે ઉપરાંત માટીનાં વાસણ મળી આવ્યાં છે જે પ્રારંભિક ઇતિહાસકાળનાં છે અને રંગપુર તથા પ્રભાસ પાટણમાં મળી આવ્યાં છે તેવાં જ વાસણ છે.

શ્રી રાવ જણાવે છે કે દ્વારકા ઈશુ પહેલાં એક હજાર વર્ષ અગાઉ હસ્તી ધરાવતું હતું, ને આ સમયગાળો મહાભારતકાળની આસપાસનો જ છે. આ બધું વધુ સંશોધન પછી જ ચોક્કસ કહી શકાય અને તે પણ અત્યારનાં મકાનો પ્રાપ્ત કરીને તેને પાડી નાખીને તેની નીચે સંશોધન હાથ ધરાય ત્યારે જ થઈ શકે. (જન્મભૂમિ)

પાલખની ભાજી

પાલખની ભાજી આપણા ગુજરાતી લોકો ખાસ ખાતા નથી. પરંતુ પંજાબી અને સિંધી લોકો તે હોંશે હોંશે ખાય છે, કારણ તે ખૂબ ગુણકારી છે. શરીરસ્વાસ્થ્ય માટે તે ખૂબ ઉપયોગી હોઈ બીજી ભાજીઓ સાથે આ પાલખની ભાજીનો પણ ઉપયોગ કરવો જોઇએ. આમેય દરેક પ્રકારની ભાજીમાં ભગવાને ક્ષારો, વિટામિનો અને પોષણ માટેનાં તત્ત્વો તો મૂકેલાં છે જ, પરંતુ પાલખની ભાજીમાં બીજી ભાજીઓ કરતાં પોષણ તત્ત્વો વધારે પ્રમાણમાં છે.

આ ભાજી પાંડુરોગને લીધે શરીરમાં ફીકાશ આવી હોય તો તે મટાડે છે અને શરીરમાં લોહી વધારી ચહેરાને લાલચોળ અને સુરખીભર્યો બનાવે છે. ટમેટાં અને મોસંબી કરતાં પણ તેનામાં વિટામિન 'સી' વધારે છે, વળી તેનામાં વિટામીન 'એ', 'બી' અને 'ડી'નું પ્રમાણ સારું છે. વિટામીનો ઉપરાંત તેમાં કેટલાક ક્ષારો પણ ઠીક ઠીક પ્રમાણમાં છે. લોહતત્ત્વ તો આ ભાજીમાં ખૂબ ઊંચા પ્રકારનું હોય છે અને તેથી તો પાંડુરોગ જેવાં દરદોવાળા માણસોએ આ ભાજી જરૂર ખાવી જોઇએ, આ ઉપરાંત તેમાં ચૂનો, ફૉસ્ફરસ, ગંધક, મૅગ્નેશિયમ, સોડિયમ, પોટૅશિયમ, સિલિકન વગેરે ક્ષારો પણ છે, જે માનવશરીરને રોગમુક્ત રાખવામાં મદદ કરે છે.

આ ભાજીથી કબજિયાત તથા પેશાબ કરતાં કોઇને બળતરા થતી હોય તો તે પણ મટે છે કારણ કે તે લોહી સાફ કરી પિત્તને શાંત કરે છે. વળી પેટના કેટલાક રોગો માટે પણ તે ઉપયોગી છે. તેમાં અલ્કલી તત્ત્વો હોવાથી લોહીમાંથી ઝેરી તત્ત્વો હોય તો તેનો તે નાશ કરે છે.

પાલખની ભાજીને ચોખ્ખા પાણીમાં બરાબર ધોઈ નાખી તેને ચટણીની માફક વાટી નાખવી. જરૂર પડ્યે થોડું પાણી પણ નાખી શકાય. પછી વાટેલી ભાજીને ભીના કપડામાં મૂકી ધીરે ધીરે નીચોવીને તેનો રસ કાઢવો. આ રસને કાચના પ્યાલામાં લઈ તેમાં થોડાંક પાકાં ટામેટાંનો રસ નાખી, લીંબુ નીચોવી અંદર વાટેલું જીરું, કાળાં મરી તથા મીઠું નાખી હલાવીને ધીરે ધીરે પી જવું. જેમને માફક આવે તેમણે થોડોક આદુનો રસ પણ અંદર નાખવો. આ રીતે થોડા દિવસ લેવાથી ગમે તેવી જૂની કબજિયાત પણ મટી જશે અને શરીરમાંથી ફીકાશ જતી રહી લાલાશ આવશે.

જે લોકોને પેટમાં ગૅસ થતો હોય કે પેટમાં ચાંદું કે એવું કંઈક દર્દ હોય, કફનો દર્દી હોય, સંગ્રહણીનો દર્દી હોય કે વારંવાર પેટમાં દુખાવો થતો હોય તેવા દર્દીઓ માટે આ ભાજીઓ પ્રતિકૂળ ગણાય છે. વળી જે પથરીના કે કિડનીના રોગી હોય, જેમનું લીવર નબળું હોય તેવાઓ માટે પણ આ ભાજી હિતાવહ નથી
(નિરામય)

—ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ



નવેમ્બર-ડિસેમ્બર માસનું આકાશદર્શન

આકાશદર્શનનો એક દોર લગભગ પૂરો કરવા સુધી આપણે પહોંચી ગયા છીએ. હાલના આકાશમાં ખગાશ્વ, યયાતિ, મીન, તિમિ; એમની વચ્ચે ત્રિકોણ, અશ્વિની, ભરણી, કૃત્તિકા; દક્ષિણ તરફ કુંભ, ગ્રામમત્સ્ય, બક, ગૃધ્ર વગેરે તારામંડળોથી આપણે પરિચિત થઈ ગયા છીએ. પૂર્વમાંથી પ્રવેશી રહેલા બ્રહ્મમંડળ, રોહિણી અને મૃગ તારામંડળો પણ આપણને છેક અજાણ્યા નથી. પરંતુ આ બધાં તારામંડળોમાં 'વૈતરણી' નદીનું સમગ્ર દર્શન એ હાલના આકાશનો એક અચ્છો લાભ છે. એના ઘણાખરા તારાઓ ઝાંખા હોવાથી તથા એના લાંબા વિસ્તારને કારણે એકબીજા તારામંડળો (અને આ નકશાના) આધાર વિના એને ઓળખવી જરા મુશ્કેલ બને ખરી. મૃગમંડળના 'બાણરજ' તારાની બાજુમાંથી એનો આરંભ થઈ છેક દક્ષિણે 'નદીમુખ' તારા પાસે પૂરા થતા એના લાંબા પટમાંના ઝાંખા તારાઓ તથા એના વિવિધ વળાંકો જોવા રસમય બની રહેશે. 'નદીમુખ' તારો સૂર્ય કરતાં ત્રણસો ગણો તેજસ્વી અને સૂર્ય કરતા ચાર ગણા વ્યાસવાળું વિશાળ કદ ધરાવતો આપણાથી ૧૧૮ પ્રકાશવર્ષ દૂરનો એક તેજસ્વી તારો છે. રાશિચક્રમાં છેલ્લી 'મીન' રાશિનું તારામંડળ 'ખગાશ્વ'માંના ભાદ્રપદાના વિશાળ ચોરસની બાજુમાં લગભગ મધ્યાકાશે 'વી' (V) આકારે પોતાનાં બે પાંખિયાં પસારીને ગોઠવાએલું છે એ પાંના એના દક્ષિણ તરફના પાંખિયાના હારબંધ તારાઓમાં સત્યાવીશમાંના છેલ્લા 'રેવતી' નક્ષત્રના તારા છે. (તેમાં 'વ' સંજ્ઞાથી દર્શાવેલો તારો ઘણી વાર ચંદ્રબિંબની પાછળ ઢંકાઈ જાય છે.) આમ, મીન મંડળમાં બાર રાશિ અને સત્યાવીશ નક્ષત્રોનું ચક્ર પૂરું થાય છે. અને મીનની પૂર્વ બાજુએ આવેલા 'અશ્વિની' તારામંડળથી પ્રથમ રાશિ 'મેષ' અને પ્રથમ નક્ષત્ર 'અશ્વિની'નો પુનઃ આરંભ થાય છે. આ નાનકડા અશ્વિની તારામંડળના ત્રણમાંનો સૌથી વધુ તેજસ્વી તારો 'ચ્યવન' ઋષિના નામે અને બીજા બે 'અશ્વિની-કુમાર'ના નામે ઓળખાય છે. ચ્યવન ચંદ્રના આકાશી માર્ગ પર આપણાથી ૭૨ પ્રકાશવર્ષ દૂરનો એક તારો છે —બિહારીલાલ ટાંક

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૫૪. ૧૪૦ વર્ષ પછી અહીં જામેલી ફ્રેંચ વસાહતો આઝાદ થઈ ભારતમાં ભળી ગઈ. સૌરાષ્ટ્રમાં બાબી રાજ્ય જૂનાગઢનો, આરઝી હકૂમત તળે હિંદી લશ્કરે કબજો લઈ તેને પણ સ્વતંત્ર ભારતનું એક અંગ બનાવ્યું તે પણ આ જ માસમાં, ૯મી તારીખે. ઈ. ૧૯૪૭માં

તા. ૫/૧૬૦૫. બ્રિટિશ પાલામેન્ટની ઈમારતને ઉડાવી મૂકવાના 'ગન પાઉડર પ્લૉટ'નો દિવસ.

તા. ૬/૧૭૭૧. લિથોગ્રાફીના મુદ્રણ પદ્ધતિના શોધક સેનીફેલ્ડરનો જન્મ. એણે એની આ શોધ કરી તે પણ આ જ માસમાં ૧૦મી તારીખે, ઈ. ૧૭૯૮માં.

તા. ૧૦/૧૬૫૯. પ્રતાપગઢના કિલ્લામાં પોતાને મારવાના શપથ લઇને આવનાર બિજાપુરના સરદાર અફઝલખાંનો શિવાજીએ યુક્તિપૂર્વક વધ કર્યો.

તા. ૧૧/૧૯૧૮. ઈ. ૧૯૧૪ના ૧લી ઑગસ્ટથી આરંભાએલા પ્રથમ વિશ્વયુદ્ધનો અંત.

તા. ૧૨/૧૯૧૧ હિંદુસ્તાનની રાજધાની કલકત્તાથી ફેરવીને નવી દિલ્હીમાં લાવવામાં આવી.

તા. ૧૭/૧૮૬૯. ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડતી ૧૦૧ માઈલ લાંબી સુએઝની નહેર ખુલ્લી મુકાઈ અને યુરોપ તથા એશિયા વચ્ચેનો સૌથી ટૂંકો જળમાર્ગ શરૂ થયો. ફ્રાન્સ અને ઇજિપ્તના સહકારથી ૧૮૫૯માં આરંભાએલું આ ઈજનેરી સાહસ પૂરું થતાં દસ વર્ષ લાગેલાં અને ૧૭૦ લાખ પાઉન્ડનો ખર્ચ થએલો. આ નહેરની યોજના પાર પાડનાર પ્રખ્યાત ઈજનેર ફર્ડિનાન્ડ લેસેપ્સનો જન્મ પણ આ જ માસની ૧૯મી તારીખે ઈ. ૧૮૦૫માં થએલો.

વ્યક્તિ-વિશેષ

તા. ૧૯/૧૮૩૮. વર્ગ, સંપ્રદાય, જાતિ અને રાષ્ટ્રની સીમિત પરિધિમાંથી બહાર નીકળી એક વ્યાપક આંતરરાષ્ટ્રીય ભાવનાથી આપણને પરિપ્લાવિત કરવાના પ્રયત્નો દ્વારા પોતાના ટૂંકા જીવનમાં પણ આપણી નવજાગૃતિના ઇતિહાસનું એક આગવું પ્રકરણ રચી જનાર કેશવચંદ્ર પ્યારીમોહન સેનનો બંગાળમાં કોલૂટોલા મુકામે જન્મ. એક વેળાના બંગાળના શાસક બલ્લાલ સેનના એ વંશજ. ઈ. ૧૮૫૭માં એમણે બ્રાહ્મ સમાજની દીક્ષા લીધી અને એ સમાજ દ્વારા પોતાની પ્રખર વક્તૃત્વશક્તિ વડે જોરદાર પ્રચાર સાથે સમાજસુધારાના ક્ષેત્રે જે હિંમતભર્યાં પગલાં ભરવા માંડયાં એનાથી પ્રભાવિત થઈ દેવેન્દ્રનાથ ટાગોરે એમને 'બ્રહ્માનંદ'ની ઉપાધિ આપીને બ્રાહ્મ સમાજના આચાર્ય બનાવ્યા હતા. એક 'સંગત સભા' રચી એમણે પૂર્વ પશ્ચિમના ધર્મગ્રંથોનું અધ્યયન આદર્યું. દેવેન્દ્રનાથના 'ઇંડિયન મિરર'ના સંપાદનનો ભાર પણ એમણે ઉપાડયો. એમની પ્રખર વાણી સાંભળવા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને વિવેકાનંદ જેવા પણ આવતા. આગળ જતાં એમની ધર્મભાવના ઉત્તરોત્તર વધુ ઉદાર બનવા લાગી હતી. હિંદુધર્મના ગંભીરતમ તત્ત્વો અને ઈસાઈ મતના પાયાના સિદ્ધાંતોમાં કંઈ વિભેદ નહિ હોવાનું જાહેર કરીને તેઓ જ્ઞાનમૂલક બુદ્ધિવાદથી દૂર ખસતા જઈ વૈષ્ણવ ભક્તિ ને ઈસુની મુક્તિ મહાયિની પ્રેમધારાના પક્ષપાતી બનવા લાગ્યા. આ રીતે તેઓ વિશ્વના ધર્મોનો સમન્વય કરનારા હતા. ઈ. ૧૮૭૦માં વિલાયતની યાત્રા કરી આવ્યા બાદ એમણે 'ઇન્ડિયન રીફૉર્મ એસોસીએશન' સ્થાપેલું. 'સુલભ સમાચાર' નામે એક પૈસાની (૧/૬૪ રૂપિયાની) કિંમતનું સૌ પ્રથમ બંગાળી સાપ્તાહિક, 'મદનાગરલ' નામે મદ્યનિષેધનો પ્રચાર કરતું માસિક, સ્ત્રી શિક્ષણાર્થે 'નૉર્મલ સ્કૂલ', યુવકોમાં જાગૃતિ આણવા 'બૅંડ ઑવ હોપ' નામે મંડળ, ગરીબો માટે ઔષધશાળા, આગળ જતાં આલ્બર્ટ કૉલેજ તરીકે વિકસી તે 'કલકત્તા સ્કૂલ', કલાકૌશલના શિક્ષણ માટે 'ઇંડસ્ટ્રીઅલ સ્કૂલ' અને શ્રમિકોના લાભાર્થે એક સંસ્થા પણ એમણે સ્થાપ્યાં હતાં. ૧૮૭૨માં એમણે પસાર કરાવેલો 'બ્રાહ્મ મૅરેજ ઍક્ટ–૩' પણ એમનું એક નોંધનીય કાર્ય હતું. સ્ત્રીઓ માટે 'બામા બોધિની' નામે એક માસિક પત્ર પણ એમણે કાઢેલું. 'જીવન વેદ' (આત્મચરિત્ર) અને 'બ્રાહ્મ ધર્માનુષ્ઠાન' નામના એમના બે ગ્રંથો પણ વિખ્યાત છે. ઈ. ૧૮૮૪ની ૮મી જાન્યુઆરીએ એમનું ઓચિંતું અવસાન થયું.

તા. ૨૫/૧૭૫૯. ચિન્સુરા નજીક બીદેરા મુકામે અંગ્રેજ સેનાપતિ ફૉર્ડે વલંદાઓ (ડચ)ને પરાજિત કર્યા. આ હારથી વલંદાઓનો સદાને માટે હિંદમાંથી પગ ઊખડી ગયો.

તા. ૩૦/૧૮૫૮. હિંદના પ્રતિભાવાન વિચક્ષણ વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝનો જન્મ. વનસ્પતિ પણ સંવેદનાઓ અનુભવે છે એ એમણે સપ્રયોગ પુરવાર કરી બતાવેલું.



પત્ની (પતિને): કાલે બૅંકમાં નવું ખાતું ખોલાવી આવજો. જૂનું ખલાસ થયું છે.

'આપણે ત્યાં ડ્રાઈવરની જરૂર છે તે, રમેશભાઈએ એક ડ્રાઈવર મોકલ્યો હતો.'

'પછી? એ ક્યારથી આવવાનો છે?'

'નહિ આવે.'

'કેમ? શું થયું?'

'એને રખાય તેમ નથી!'

'કેમ? ગાડી હાંકતાં નથી આવડતું?'

'એ ન આવડે તો ડ્રાઈવર શેનો કહેવાય? પણ એ ડ્રાઈવર તો મદ્રાસી હતો.'

'તેને હિંદી કે ગુજરાતી નથી આવડતું?'

'બધું ય આવડે છે; પણ તેનું નામ એવું છે કે ન રાખી શકાય!'

'નામને ને ડ્રાઈવિંગને શું લાગેવળગે?'

'તમે નકામા ખિજાઓ છો.'

'તો પછી તું કેવી વાત કરે છે!'

'કહ્યું તો ખરું કે એનું નામ એવું હતું કે મારાથી એને ન રાખી શકાય!'

'શું નામ હતું?'

'પ્રાણનાથ'

'ઓહ! તો અટકથી બોલાવવાનો.'

'તે મને કંઈ યે વિચાર નહિ આવ્યો હોય? મેં તેને અટક પણ પૂછી, અને તો પણ લાગ્યું કે એને અહીં રખાય જ નહિ.'

'એવી તે શી અટક હતી?'

'સ્વામી.'

'??'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

અનુષ્ટુપ

મૈત્રી કે પ્રીતિને કાજે છે નાલાયક દુર્જન,
અંગારો બાળતો ઊનો, ઠંડો કાળું કરે તન.

પ્રુશિયાના મહાન ફ્રેડરિકે એક ભોજનસમારંભને અંતે પોતાના દરબારીઓ આગળ મૂંઝવણ રજૂ કરી કે 'લોકો બરોબર કર ભરવા છતાં રાજ્યની આવક રોજ બ રોજ કેમ ઘટતી જાય છે તે સમજાતું નથી.' સૌ મૂંઝાઈ ગયા, પણ એક વૃદ્ધે કહ્યું : 'હું તે સમજાવું.' એમ કહી તેણે બરફનો એક ટુકડો ઉપાડી સૌને બતાવ્યો ને પછી પોતાની જોડે બેઠેલાને તે આપી એક પછી એક હાથોહાથ રાજાને પહોંચાડવા કહ્યું. રાજા પાસે પહોંચતાં એ બરફનું કદ વટાણા જેવું બની ગયું હતું! રાજ્યની આવકની શી દશા થતી હતી તેનો મર્મ ફ્રેડરિક સમજી ગયો.

કહેવતોના અર્થ : 'જાનીનાં જોતરાં ને ત્રવાડીની રાશ.'–કોઈ પાસેથી જોતર, કોઈ પાસેથી રાશ, કોઈનું ગાડું ને કોઈના બળદ માગી લઈને 'નરસિંહ મહેતાના વેલડા' જેવી રચના ઊભી કરવાના—માગીભીખીને વસ્તુઓ લાવી, લાકડેમાકડું વળગાડી, પોતાનું કામ ચલાવવા મથનારના પ્રયત્નો વિષે આમાં ઉપાલંભ છે. એવી જ બીજી કહેવતો : 'સસરે કી ગાડી, સાલે કે બેલ, ઔર બંદા કરે સેલ'; ગાંડાની ગાંડી ને બે હયાના બેલ'; 'અજડ બળદ ને અકોણો સાથી, ભાંગેલ ગાડું મહીં ભીમડોભાથી' વગેરે.

અનેકાર્થી શબ્દ : 'પરજ'=એ નામનો એક રાગ; પરજિયો કે રાજિયો; પ્રજાનો એક વર્ગ કે જાતિ (રાની પરજ); પારકો કે અજાણ્યો માણસ; આંગળાંનાં રક્ષણ માટે તલવારની મૂઠ આગળ રખાતો ટોપલી આકારનો ભાગ; ઢાલની મૂઠ; કેચલ પંખી; વરસાદ-પર્જન્ય

અંકસંદર્ભ-નવ : નવવિધા ભક્તિ–શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

विश्वाभिराम--गुण--गौरव-गुंफितानाम्
रोपोऽपि निर्मल–धियां रमणीय एव।
लोकंपृणैः परिमलैः परि–पूरितस्य
कालागुरोः कठिनताऽपि नितान्त-रम्या॥

રમણીય ગુણોને વરેલા નિર્મલ ચારિત્ર્યવાળા સત્પુરુષોનો રોષ પણ જગતને મનોરમ લાગે છે. સંતર્પક પરિમલોથી ભરેલા અગરુનું કષાયપણું પણ રમ્ય લાગે છે.



ન્યૂઝીલૅન્ડમાં થતું કિવી એક અજબ પક્ષી છે. દેખાવમાં એ પક્ષી જેવું છે પણ એને પાંખ હોતી જ નથી અને પીછાંને બદલે એના શરીર પર વાળ હોય છે. એ બિલાડીની માફક મ્યઉ મ્યાઉ જેવો અવાજ કાઢે છે ને કૂતરાની પેઠે ઘૂરકિયાં પણ કરે છે. ભૂગર્ભમાં એ માળો બાંધે છે. કદમાં એ મરઘીથી પણ નાનું હોય છે, માદા કિવી પાંચ ઇંચ જ લાંબું હોય છે ને પોતાના વજન કરતાં ચોથા ભાગના વજનનું ઇંડું મૂકે છે.

ગણિતગમ્મત : ગમે તે ચાર અંકી સંખ્યા લો. દા. ત. ૫૭૪૫. હવે તેને ને તેને બે વાર લખો : ૫૭૪૫૫૭૪૫ આ રકમને ૭૩ અને ૧૩૭ વડે નિઃશેષ ભાગી શકશો. એટલું જ નહિ પણ તેની ઉલટાવેલી રકમ ૫૪૭૫૫૪૭૫ ને પણ ૭૩ તથા ૧૩૭ વડે નિઃશેષ ભાગી શકશો!

ગોખરુનું ચૂર્ણ મધ સાથે ચાટીને ઉપર ઘેટીનું દૂધ પીવાથી સાત દિવસમાં પથરી ભેદાશે.



ટિકિટકથા : કૅનૅડામાં મૉન્ટ્રીઅલ અને કિંગ્સ્ટન વચ્ચે રીડયૂ કૅનાલ બાંધનાર ઈજનેર જૉન બાયના જન્મની દ્વિશતાબ્દી નિમિત્તે એની છબી સાથેની આ ટિકિટ કૅનૅડામાં બહાર પડી છે. ઈ ૧૭૯૯માં રૉયલ આર્ટિલરીમાં જૉન બાયની નિમણૂક થએલી પણ પછી એને રૉયલ એન્જિનીઅર્સમાં મૂકીને તેને ક્વિબેકની કિલ્લેબંધી મજબૂત કરવા માટે મોકલવામાં આવેલો. ૧૮૧૨માં ઍંગ્લો અમેરિકન યુદ્ધ અગાઉ થોડા સમય પહેલાં એણે એ કામ પૂરું કરેલું. ૧૮૩૪માં રિડયૂ કૅનાલ પણ પૂરી થઈ. યુદ્ધકાળમાં મૉન્ટ્રીઅલ ને લેઈક ઑન્ટારીઓ વચ્ચે સંપર્ક સાચવી રાખવાની વ્યૂહાત્મક દૃષ્ટિ પણ આ નહેરના બાંધકામ પાછળ હતી. એના નેતૃત્વ તળેની ઈજનેરોની છાવણી આસપાસ એના નામ પરથી 'બાય ટાઉન' નામે જે વસાહત વસી હતી તે આગળ જતાં મોટા શહેર રૂપે વિકાસી અને તેને નવું નામ અપાયું–ઑટાવા. આજે એ કૅનૅડાનું પાટનગર છે.



કલાકણિકા : હાથીદાંતના ઉત્તર ભારતીય જડતરકામની એક ભરચક ભાત. બનાવનારના કલ્પનાસભર કૌશલનું એક ઉદાહરણ